ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।

नमो नमः श्रीगुरुप्रेमसूरये ।

પ્રેમપ્રભા ભાગ-૧૦

# કામ સુભટ ગયો હારી રે...

(ભાગ - ૧)

પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત

***શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી***

**મહારાજા**


● પ્રકાશક ●

*સંઘવી અંબાલાલ રતનચંદ*

જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.

● સ્થાપક ●

*શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ*

સં. ૨૦૬૪

● પ્રાપ્તિસ્થાન ●

- **હેમ બી. એ. શાહ એન્ડ બ્રધર્સ**
  ૨, અરિહંત એપાર્ટમેન્ટ, એસ. વી. રોડ, ઈર્લા,
  પાર્લા (વેસ્ટ), મુંબઈ--૫૬ ફોન : ૨૬૨૫૨૫૫૭
- **પી.એ.શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલિ, મુંબઈ-૨૬.
  ફોન : ૨૩૫૨૧૧૦૮, ૨૩૬૭૧૨૩૯
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  નંદિતા એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૩૯૧૮૯
- **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  C/o. ચંદ્રકાંત એસ. સંઘવી,
  ૬/બી, અશોકા કોમ્પલેક્ષ, રેલ્વે ગરનાળા પાસે,
  પાટણ (ઉ.ગુ.) ફોન : ૨૩૧૬૦૩
- **ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી/૬, સર્વોદય સોસાયટી, સાંઘાણી એસ્ટેટ,
  એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર, (વેસ્ટ) મુંબઈ-૮૬.
  ફોન : ૨૫૦૦૫૮૩૭
- **મૂળીબેન અંબાલાલ રતનચંદ જૈન ધર્મશાળા**
  બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, વિરમગામ.

Printed by : **SHREE PARSHVA COMPUTERS**,
58, Patel Society, Jawahar Chowk, Maninagar, A'bad-8. Tel.25460295

## ✍.....પ્રકાશકીય

'કામ સુભટ ગયો હારી' જેવા અદ્‌ભુત ગ્રંથને અમે સહર્ષ પ્રકાશન કરી રહ્યા છીએ. જૈન શાસનનો પાયો સંયમ એટલે અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોનું તથા રાત્રિભોજન વિરમણ વ્રતનું પાલન.

આ પાંચે મહાવ્રતમાં ચોથા બ્રહ્મચર્યનો મહિમા વિશેષ છે એના પાલન દ્વારા કામ સુભટ પર વિજય મેળવી શકાય તેમ છે.

આ ગ્રંથમાં કામ સુભટની ભયંકરતા, બ્રહ્મચર્યપાલન માટેની નવવાડોનું વર્ણન, પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના બ્રહ્મચર્ય અંગેની ઢાળનું વિવેચન, પૂજ્યપાદશ્રીના સુધારસ વચનો વગેરે અદ્‌ભુત વસ્તુઓનો સંગ્રહ કરેલ છે. આના વાંચન-ચિંતન-મનનથી આત્મા ખૂબ નિર્મળ થશે. ખાસ કરીને સંયમી મહાત્માઓના સંયમના પરિણામને નિર્મળ બનાવનાર આ પુસ્તિકા છે. સાધુ સાધ્વીજી ભગવંતો આનો લાભ આપે એવી વિનંતી છે.

માત્ર શ્રીસંઘ જ નહીં પણ સમગ્ર વિશ્વ સદાચાર અને શીલની સુરભિથી મહેકતું થાય એવી અતંરની અભિલાષાથી પૂજ્ય ગુરુદેવશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીએ આ ગ્રન્થનું આલેખન કર્યું છે. આપણા સહુના પર વહેતી એમની વાત્સલ્ય ને કરુણાની અમી વર્ષાને આપણે સાર્થક કરીએ તે અભિલાષા તથા આવા ગ્રંથોના પ્રકાશનનો વિશેષ લાભ મળતો રહે તેવી શ્રુતાધિષ્ઠાયિકા શ્રીસરસ્વતી દેવીને પુનઃપુનઃ પ્રાર્થના.

લી.

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**


• <u>ટ્રસ્ટીઓ</u> •

તારાચંદ અંબાલાલ શાહ  ધરણેન્દ્ર અંબાલાલ શાહ

પુંડરિક અંબાલાલ શાહ  મુકેશ બંસીલાલ શાહ

ઉપેન્દ્ર તારાચંદ શાહ




## ❊ કામ સુભટ ગયો હારી ❊

સમસ્ત વિશ્વને ગુલામ બનાવી ચારે ગતિમાં ભટકાવનાર આ કામસુભટ છે. બધા જીવો એના ગુલામ છે. દેવાધિદેવ તીર્થંકર ભગવંતોએ એને જીતી લીધો છે, એટલું જ નહી એને જીતવાના ઉપાયો બતાવ્યા છે. એ માર્ગે મહાત્માઓ પ્રયાણ કરી રહ્યા છે. અને એને જીતવા પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાક જીવો કામસુભટની ભયંકરતા સમજવા છતાં અને એના પંજામાંથી છુટવાની ઈચ્છા અને પ્રયત્ન કરવા છતાં સત્ત્વના અભાવે અવારનવાર તેને વશ થઈ જાય છે. આ જીવો અવિરતિ સમ્યગ્-દૃષ્ટિ કે દેશવિરતિધરો છે. બાકી તો **આખુ જગત હોંશે હોંશે કામસુભટની પરાધીનતા ને સ્વીકારે છે. જાણે ઉંદર સામે ચડીને બિલાડીના મુખમાં પ્રવેશે છે,** ઉંદર બિલાડીને વશ થયા પછી તેને જે જે તકલીફો થાય છે તેનાથી અનેક ગુણા સંકટો કામસુભટોને વશ થનારા જીવોને ભોગવવા પડે છે. આમ છતાં અનાદિકાળના અભ્યાસના કારણે તથા વિવેકના અભાવે જીવો તેને વશ થઈ જાય છે, અને દુઃખોના દરિયાને આમંત્રે છે.

સર્વવિરતિધર મહાત્માઓ (મુનિઓ) કામસુભટને જીતવા સંપૂર્ણ બ્રહ્મચર્યના પચ્ચક્ખાણ કરી તેનું પાલન કરે છે. આ વ્રત અતિદુર્ધર છે, કઠણ છે, તેથી આ વ્રતનું સુલભ પાલન થાય તે માટે દેવાધિદેવે નવવાડનું પાલન બતાવ્યું છે, આ ગ્રંથમાં બ્રહ્મચર્યપાલન કરવા દ્વારા કામસુભટ ને જીતવા માટે નવ વાડનું પાલન તથા બીજા પણ સુંદર ઉપાયો બતાવ્યા છે. આ પુસ્તકના વારંવાર વાંચન-મનનથી બ્રહ્મચર્યની વિશુદ્ધિ પ્રાપ્ત થાય તેમ છે. કામરાગનો હ્રાસ થાય તેમ છે. અને "બ્રહ્મચર્યની વિશુદ્ધિ" એજ આપણું આત્મધન છે. આમ ગ્રંથના પરિશીલન દ્વારા આત્મધન ની ખૂબજ વૃદ્ધિ થાય તેમ છે. સૌ કોઈ આના વાંચન-શ્રવણ અને મનન દ્વારા ખૂબ સુંદર સંયમશુદ્ધિ પ્રાપ્ત કરી શીઘ્ર નિર્વાણ ને પ્રાપ્ત કરો એજ શુભાભિલાષા.

**– પ્રેમ-ભુવનભાનુ-પદ્મવિનેય**

**આ. હેમચન્દ્રસૂરિ**

# "કામ સુભટ ગયો હારી રે,
# થાશું કામ સુભટ ગયો હારી"

દેવાધિદેવ અરિહંત પરમાત્માની સ્તવના કરતા મહાપુરુષોએ ઉપરના વચનોના ઉદ્ગાર કર્યા છે.

સમસ્ત વિશ્વને ત્રાસ આપતો ભલભલાને પાડી નાંખતો એવો આ કામ સુભટ છે. તેને પ્રભુ આપે જીતી લીધો. આપનાથી કામ સુભટ હારી ગયો.

કેટલાક વીતરાગાદિ જીવોને, સઘળા સિદ્ધના જીવોને છોડી આ સમસ્ત જગત પર કામ સુભટ છવાઈ ગયો છે તે અનેક રૂપે આવી સંસારી જીવ પર હુમલો કરી તેમના સમ્યક્ત્વાદિ ગુણોનો નાશ કરી પુણ્યને લુંટી જાય છે. છેક નિગોદના જીવોથી માંડીને અનુત્તરવાસી દેવો સુધી એનું કાર્ય ક્ષેત્ર છે. સહુને ઓછે વત્તે અંશે એ પીડે છે.

યોગસારમાં કહ્યું છે, 'स्त्रीसमुद्रेऽत्र गम्भीरे निमग्नमखिलं जगत्।' સ્ત્રી એ એક એવો ગંભીર સમુદ્ર છે કે જેમાં આખું જગત ડુબેલું છે.

એકેન્દ્રિયના જીવોમાં અવ્યક્તપણે એ રહેલ છે. એટલે એ જીવોને પણ મૈથુન સંજ્ઞા હોય છે. બેઈન્દ્રિયાદિ જીવો પણ એના કબજામાં છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં તો આપણને એ વ્યકતરૂપે દેખાય છે.

જુઓ શરીરથી કૃશ, પેટમાં ખાડો પડી ગયો છે તેવો, શરીરમાં જીવડા વ્યાપ્ત છે એવો, લૂલો, લંગડો કૂતરો પણ



કૂતરીને જોઈને એની પાછળ દોડે છે.

कृशः काणः खञ्जः श्रवणरहितः पुच्छविकलः,
क्षुधाक्षामो जीर्णः पिठरककपालार्दितगलः।
व्रणैः पूयक्लिन्नैः कृमिकुलशतैराविलतनुः,
शुनीमन्वेति श्वा, हतमपि च हन्त्येव मदनः ।।

અર્થ : કૃશશરીરવાળો, કાણો, લૂલો, કાન વગરનો, પુંછડા વગરનો, ભૂખથી વ્યાકુલ, ઘરડો, ગળામાં પાટ્યું નાંખ્યું છે તેવો પરુથી વ્યાપ્ત ઘાવાળો, સેંકડો કૃમિના સમૂહથી યુક્ત શરીરવાળો એવો કૂતરો પણ કૂતરીને શોધે છે. ખરેખર કામદેવ હણાયેલાને પણ હણે છે.

આવા તો અઢળક દાખલાઓ છે.
આ બધું કામ સુભટનું કાર્ય છે.

મનુષ્યો પણ કામ સુભટને વશ છે. ચક્રવર્તી પણ ચોસઠ હજાર સ્ત્રીઓના ભોગમાં પડેલ છે. રાજા–મહારાજા–મંત્રીઓ–શ્રેષ્ઠિઓ બધા જ આને વશ છે. મોટા...મોટા...યુદ્ધો પણ કામ–સુભટ કરાવે છે. ઈલાચિ કુમાર જેવા શ્રેષ્ઠિપુત્રો નટડીની પાછળ ઘેલા થઈ વર્ષો સુધી નાટકના કામ કરે છે. જુઓ કામ સુભટની વિચિત્રતા..........

દેવ–દેવીઓમાં પણ કામસુભટ છવાઈ ગયો છે. અનેક દેવો અન્ય દેવીઓના અપહરણ કરીને ભાગે છે પકડાય છે. યુદ્ધો કરે છે. પરમાત્માના સમવસરણમાં દેશના સાંભળવા જવાનું ટાળીને દેવ–દેવીઓ અન્યત્ર રખડે છે. આ બધું કામસુભટનું કાર્ય છે.

ચિત્ર–સંભૂતિ મુનિ ઉગ્ર સંયમનું પાલન કરી રહ્યા છે. અંતિમ અણસણ પણ લગાવ્યું છે. **ત્રીજા ભવે મુક્તિ પામવાની સ્થિતિ પણ ઊભી થઈ છે.** ત્યાં જ ચક્રવર્તી પોતાના અંતેપુર સાથે વંદનાર્થે આવ્યા. વંદન કરતા ચક્રવર્તીના સ્ત્રીરત્નની વાળની લટ સંભૂતિ મુનિને સ્પર્શે છે. આ નિમિત્તને પામીને કામસુભટ મુનિના અંતરમાં પ્રવેશે છે. ત્રીજા ભવે મુક્તિની પાત્રતાવાળા મુનિ તપના પ્રભાવથી ભવાંતરમાં ચક્રવર્તીના સુખને પામવાનું નિયાણું કરે છે. તપ વેચાઈ જાય છે. સમજાવી પાછા માર્ગે લાવવાના ચિત્ર મુનિના પ્રયત્નો વ્યર્થ જાય છે. દેવલોકનો ભવ કરી મુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિ થાય છે. નિયાણાના પ્રભાવે ચક્રવર્તિના રાજ્ય અને ભોગોમાં સંપૂર્ણ આસક્ત રહે છે. છેલ્લે સુધી છોડી શક્તા નથી. પૂર્વભવના સાથી મુનિ આ ભવમાં પણ ભેગા થાય છે. સમજાવવાના બધા પ્રયત્નો વ્યર્થ જાય છે. પૂર્વભવના સાથી મુનિ મોક્ષમાં જાય છે. ચક્રવર્તી મૃત્યુ પામીને ૭ મી નરકે જાય છે.

**ત્રીજા ભવમાં મોક્ષ પામવાની યોગ્યતાવાળા મુનિને કામસુભટે પરંપરાએ ૭મી નારકીમાં મોકલી દીધા.**

વેશ્યાએ નંદિષેણ મુનિનું પતન કરાવ્યું. આર્દ્રકુમાર જેવા મુનિઓ પણ પટકાયા આ બધા કામસુભટના પરાક્રમો છે.

કંઈક પૂર્વધર મુનિઓને એને અનંતકાળ માટે નિગોદની જેલમાં પૂરી દીધા છે.

કરોડો પૂર્વોની મુનિપણાની સાધનાને આ કામસુભટ એક ક્ષણમાં નષ્ટ કરી નાંખે છે, આગ લગાડીને રાખ કરી નાખે છે. એક હજાર વર્ષના ચારિત્રધારી કંડરીકને સાતમી નારકીમાં



એણે મોકલી આપ્યો.

અત્યંત વિનયી, ગુરુભક્ત એવા પણ અષાઢાભૂતિ મુનિને નાટકીયાની બે દિકરીઓએ ચારિત્રથી ભ્રષ્ટ કર્યા.

બદામ, પિસ્તા, ચારોળી, સાકરાદિથી સંસ્કૃત કરેલ, ઉત્તમ પુષ્ટિકારક એવા પણ દુધમાં જો એકાદ બે ટીપા દહીંના કે બીજી ખટાશના પડે કે ચપટી મીઠુ પડે તો તરત જ ઉત્તમ એવું દુધ વિકૃત થઈ જાય છે તેવી જ રીતે મહાસંયમી, તપસ્વી જ્ઞાની એવા પણ સાધુ વિજાતીય (સ્ત્રી કે સાધ્વી)ના પરિચયથી ભ્રષ્ટ થઈ જાય છે. અરે આ દ્રષ્ટાંત પણ મોળુ જણાય છે.

પૂર્વે બતાવ્યું છે તેવું ઉત્તમ દુધ કે બાસુંદી કે દૂધપાકમાં ઉપર રહેલ ગરોળી પડી જાય કે સર્પના મુખમાંથી ઝરતું વિષ પડે તો તે દુધ, બાસુંદી કે દૂધપાક કોઈ પણ પ્રકારના કામમાં ન લાગે તેને પીનારો મૃત્યુ પામે છે. એ રીતે વિજાતીયના સંપર્ક રૂપી ઝેર મહાજ્ઞાની, વક્તા, તપસ્વી કે સંયમીના–જીવનમાં પણ આવે તો એ સંયમીના ચારિત્રનો નાશ થાય છે. પોતાના કલ્યાણ માટે નકામો થઈ જાય છે. એટલું જ નહીં સંઘ અને જગત માટે પણ નકામો થઈ જાય છે.

મુનિઓ ! તમે પણ આ કામસુભટથી ખૂબ સાવધ રહેજો. એના અનેક રૂપો છે. મુખ્ય તેના પાંચ રૂપો છે.

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ.. પક્ખિ સૂત્રમાં કહ્યું છે....

''सद्दा-रुवा-रसा-गंधा-फासाणं पवियारणा।
मेहुणस्स वेरमणे एस वुत्ते अइक्कम्मे।।''

શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શની વિચારણા એ મૈથુન વિરમણરૂપ ચતુર્થવ્રતના અતિચારો છે.

**શ્રવણ :–** સ્ત્રીઓના શબ્દોના શ્રવણ કરીને કામસુભટ અંતરમાં પેસી જાય છે માટે સ્ત્રીના શબ્દોથી સાવધાન રહેવું. જ્યાં આજુબાજુથી સ્ત્રીઓના શબ્દો સંભળાતા હોય તો તેવા ઉપાશ્રયો વગેરે પણ સાધુને માટે વસવા યોગ્ય નથી. શાસ્ત્રકારોએ એનો નિષેધ કર્યો છે. આજે લગભગ દેરાસર–ઉપાશ્રયો સાથે હોય છે. દેરાસરમાં બેનો પૂજા ભણાવે, સ્નાત્રો ભણાવે તેના શબ્દો સાધુના ઉપાશ્રયોમાં પહોંચે છે, અરે, કેટલેક ઠેકાણે તો ઉપાશ્રય ૧લા, ૨જા માળે હોય છે. તેની નીચે પણ સ્ત્રીઓની પૂજા–પ્રતિક્રમણાદિ ચાલે છે. તેનો અવાજ આવે છે. આ બધુ મુનિઓ માટે જોખમકારક છે. સ્ત્રીઓના મૃદુ સ્વર મુનિઓના ચિત્તને પણ હરી લે છે.પરિણામે આત્મામાં મોહના બીજ નખાઈ જાય છે. જાગૃત મુનિઓ કદાચ ભાવના, પશ્ચાતાપ, પ્રાયશ્ચિતથી એ બીજોને બાળી પણ નાંખે પણ જાગૃતિના અભાવવાળા જીવોને આ બીજો સાથે  બીજા નિમિત્તો મળતા પતનની શરુઆત થાય છે.

**રુપ :–** સ્ત્રીઓના રુપ મુનિઓ માટે ભયંકર છે. વારંવાર જોયેલા સ્ત્રીઓના રૂપો યાદ આવે છે. અને શુભ લેશ્યા, શુભ ભાવોને ખતમ કરે છે. **દુનિયાનો કોઈ અગ્નિ એવો નથી જે સ્મરણ માત્રથી જીવને બાળે, જ્યારે સ્ત્રીના રૂપ રૂપી અગ્નિ એવો છે કે એનું સ્મરણ પણ જીવના ગુણોને, શુભ ભાવોને, શુભ લેશ્યાને અને પુણ્યના થોકે થોકને બાળી નાંખે છે નરકાદિ ગતિમાં લઈ જાય છે.**



સંવેગ રંગશાળામાં કહ્યુ છે....

मुणिणा भासियं मुद्ध ! वरं सल्लं वरं विसं ।
वरं आसीविसो सप्पो, वरं कुद्धो य केसरि ।।
वरं अग्गी य न भोगा, चिंतिज्जंता वि जे नरं।
नरयं निंति दुत्तारं, भामयंति भवन्नवे।।

- संवेगरंगशाला.

મુનિએ કહ્યું “હે મુગ્ધ ! શલ્ય સારું, વિષ સારું, આશીવિષ સર્પ સારો, ગુસ્સે થયેલ સિંહ પણ સારો અને અગ્નિ ય સારો, પણ ભોગો સારા નથી. કે જેમનું ચિંતન પણ તે નરને દુસ્તર નરકમાં લઈ જાય છે અને ભવઅટવીમાં રખડાવે છે.”

૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧, અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના સો માળથી પણ અધિકના બે મકાનો ત્રાસવાદીઓના હુમલાથી થોડી જ ક્ષણોમાં ભસ્મીભૂત થયા. હજારો માણસો મૃત્યુ પામ્યા અબજોને અબજોથી ગુણા કરો એટલા બધા ડોલરોની સંપત્તિ નાશ પામી.

આત્મામાં આનાથી અનંતગુણી કેવલજ્ઞાન, કેવળદર્શન, અવ્યાબાધ સુખ, અનંત ચારિત્ર – અનંત શક્તિ વગેરે સામગ્રી છે. સ્ત્રીના રૂપના દર્શનના હુમલાથી આત્મામાં રહેલ જ્ઞાન–દર્શન–ચારિત્ર–સુખ વગેરે સંપત્તિઓ તથા પુણ્યના પુંજો પણ ભડકે બળે છે. અને થોડી જ ક્ષણોમાં ભસ્મીભૂત થાય છે અને અશુભ કર્મના અનુબંધ દ્વારા સંસાર પરિભ્રમણ વધે છે. એક માત્ર રાજકુમારી સુનંદાના રૂપની ઘેલછામાં મૃત્યુ પામેલ રૂપસેને આ જ કારણે ૨) સુનંદાના ગર્ભમાં ઉત્પત્તિ અને મૃત્યુ ૩) સાપ ૪) કાગડો  ૫) હંસ ૬) અને હરણના ભવ કરી સતત

દરેક ભવમાં મૃત્યુ મેળવ્યું. ભવિતવ્યતાએ સાતમાં હાથીના ભવમાં રાજકુમારીમાંથી પ્રતિબોધ પામી સાધ્વી બનેલી સુનંદાના હાથે જ પ્રતિબોધ પામી છઠ્ઠના પારણે છઠ્ઠ કરી દેવલોક પ્રાપ્ત કર્યો. પરંપરાએ મોક્ષ પામશે.

આ દ્રષ્ટાંત બતાવે છે કે રૂપદર્શનના સંસ્કારો પરલોકમાં પણ સાથે આવીને જીવને અનેક ભવ સુધી બરબાદ કરે છે.

'પ્રભુદર્શન સુખ સંપદા....' આ દુહો પ્રસિદ્ધ છે, તેની સામે આ દુહો પણ યાદ રાખવા જેવો છે, 'નારી દર્શન દુઃખ આપદા, નારીદર્શન દશ પીડ; નારીદર્શનથી પામીએ ભવભ્રમણની ભીડ.'

**રસ :-** આ જ રીતે રસનાની આસક્તિ પણ મુનિઓના પતનને નોતરે છે માટે જ બ્રહ્મચર્યની નવે વાડમાં પ્રણીત આહાર અને અતિમાત્રા આહાર વર્જન કરવાનું કહ્યું છે. પ્રણીત આહારથી રસ-મેદ-વીર્ય આદિની વૃદ્ધિ થતા ચિત્તમાં અનેક પ્રકારની વાસના અને વિકારોનો ઉદ્ભવ થાય છે, જે નિમિત્તો મળતાં જ દુરાચારમાં પરિણમે છે. પ્રણીત આહારને પેટ્રોલની ઉપમા આપી છે અને સ્ત્રીઓના સંપર્કને અગ્નિની ઉપમા અપાય છે. બંને ભેગા થતાં ભડકો થતા વાર લાગતી નથી. નિમિત્તો તો આજે ચોતરફ ભયંકર કોટિના છે. કાળ ખૂબ વિકટ છે. જ્યાં જઈએ ત્યાં દુર્નિમિત્તોના થોક પડ્યા છે. એટલે પ્રણીત આહારાદિથી ઉગ્ર વાસનાથી વાસિત થયેલ જીવનું પતન થતા વાર લાગતી નથી. માટે જ શાસ્ત્રકારોએ પણ ગાડામાં લગાડાતી મળી કે ગુમડાની પટ્ટીમાં લગાડાતા મલમની ઉપમાથી વિગઈને વાપરવાની જણાવી છે સંયમયોગોની સાધનામાં બાધ ન આવે તેટલા જ પ્રમાણમાં વિગઈને ન છૂટકે લેવાની છે.



विगइं विगइभीओ विगइगयं जो भुंजए साहू।

विगइ विगइसहावा विगइ विगइं बला नेइ।।

વિગઈથી ભયભીત એવો પણ સાધુ જો વિગઈઓથી ભરપૂર ભોજન કરે તો વિગઈઓ વિકૃત સ્વભાવવાળી છે તેથી વિગઈઓ તેને બળાત્કારે, વિગતિમાં એટલે દુર્ગતિમાં લઈ જાય છે.

પચ્ચક્ખાણ ભાષ્યની આ ગાથા છે.

આમાં ભાષ્યકાર સ્પષ્ટ કહે છે કે વિગઈથી ડરતા એવા પણ સાધુ વિગઈના ભોજનથી વિકારને પામે અને તેથી દુર્ગતિને પામે.

સ્વ. પૂ. પંન્યાસજી શ્રીકાંતિવિજયગણિવર્ય કહેતા હતા કે,

*ઉપવાસ મિત્રનું ઘર છે,*
*આયંબિલ એ આપણું ઘર છે.*
*વિગઈઓ એ દુશ્મનનું ઘર છે.*

દુશ્મનના ઘરમાં જનાર લુંટાયા વગર કેવી રીતે રહે? કારણ પ્રસંગે જવું પડે તો ખૂબ સાવધાની પૂર્વક જવાય અને તુરંત જ પાછા શીઘ્ર ઘેર આવી જવું જોઈએ.

પૂજ્યપાદ ગુરુદેવ શ્રી ભાનુવિજયજી મહારાજ (આ. ભુવનભાનુસૂરિ મ.) પોતાના ચારિત્ર જીવનના પ્રારંભમાં એકાંતર ઉપવાસાદિ કરતાં. સ્વ. પરમગુરુદેવે એક દિવસ કહ્યું, "ભાનુવિજય એકાંતર ઉપવાસમાં પારણે આવતી વિગઈઓ દ્વારા લુલી ફાવી જાય, રાગાદિ થાય અને કર્મબંધ થાય માટે શક્ય હોય તો વિગઈઓના ત્યાગ રુપ આયંબિલ તપ પર ચડવું જોઈએ."

પૂજ્ય ગુરુદેવશ્રીએ પરમ ગુરૂદેવની વાણીને વધાવી લીધી અને આયંબિલ તપ શરુ કર્યો. જીંદગીમાં શાસન-સમુદાય-સ્વાધ્યાયાદિની અનેક પ્રવૃત્તિઓ વચ્ચે પણ ૧૦૮ ઓળી સુધી પહોંચી ગયા. બ્રહ્મચર્યના સુંદર પાલનને ઈચ્છતા મુનિઓએ વિગઈઓથી ખૂબ દૂર રહેવું જરૂરી છે.

જેઓ આયંબિલ તપ ન કરી શકતા હોય તેઓએ છેવટે ત્યાગ ધર્મની સાધના કરવી જોઈએ.

સ્વ. પરમગુરુદેવ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાને જીવનભર ફ્રૂટ અને મેવો બંધ હતો. એટલું જ નહીં પણ જીંદગીના મોટા ભાગના વર્ષોમાં મિષ્ટાનનો પણ ત્યાગ જ રહ્યો છે. તેઓએ આખી જ જીંદગી લગભગ સાદાઈ પૂર્વકના એકાસણા, તે પણ દાળ અને રોટલી આ બે દ્રવ્ય પર ક્યારેક આખા ચાતુર્માસ સુધી કર્યા છે.

તેઓએ બ્રહ્મચર્યની બાબતમાં મન-વચન અને કાયા ત્રણેની પવિત્રતા પ્રાપ્ત કરી હતી.

એક હજાર વર્ષના સંયમ પાલક તપસ્વી એવા પણ કંડરિક અણગારને શરીરની ચિકિત્સા માટે ભાઈ પુંડરિક રાજાએ ઔષધ સાથે વિગઈ ભરપૂર માવા, મેવા મિષ્ટાનાદિ ખોરાકના ભોજન કરાવ્યા પણ શરીર સારુ થયા છતાં તેમાં લપટાયા. અત્યંત આસકત થયા, ભાન ભૂલ્યા. અંતે ચારિત્રથી પણ પતન થયું. રાજ્યમાં ગયા. ખૂબ ભોજન કર્યું. રૌદ્રધ્યાનમાં મરીને ૭મી નરકે ગયા. ૧૦૦૦ વર્ષના ઉગ્રતપ સાથેના સંયમીને થોડા દિવસોની આહારની તીવ્ર આસક્તિ અને માલ-મેવા-મિઠાઈના ભોજનો ૭મી નારકીમાં ધકેલી દે છે. મોટા ભાગના માછલાઓ આહારની આસક્તિના કારણે નરકમાં જાય છે.



**ગંધ :-** રસનેન્દ્રિય વિષયોની જેમ સુગંધીદાર પદાર્થોથી પણ સાધુઓએ દૂર રહેવું જરૂરી છે કેમકે તેનાથી પણ આત્મામાં રાગના પરિણામ ઊભા થાય છે. જે જીવને પતનની ખીણ તરફ ખેંચી જાય છે.

**સ્પર્શ :** તપોવન (નવસારી) માં એક પાટીયા પર એક માર્મિક વચન લખેલું વાંચવામાં આવ્યું. ખૂબ સુંદર આ વચન છે.

*"મુનિઓ ! તમારે સુંદર બ્રહ્મચર્ય પાળવું હોય તો વિજાતીયના દર્શનથી દૂર રહેવું અને સજાતીયને સ્પર્શ પણ ન કરવો."*

સાધુ જીવન માટે આ વાક્ય અતિ મહત્વનું છે. બૃહત્કલ્પાદિ સૂત્રોમાં તો જણાવ્યું છે કે વિજાતીયના સ્પર્શથી અવશ્ય રાગાદિ ભાવો ઉત્પન્ન થાય છે. સજાતીયના સ્પર્શથી પણ કેટલાકને ઉત્પન્ન થાય છે.

માટે સ્પર્શનેન્દ્રિયના વિષયોથી પણ દૂર રહેવું જરૂરી છે. કૃત્રિમ હાથિણીના દર્શનથી તેના સ્પર્શ માટે ઉલ્લસિત થયેલો હાથી ખાડામાં પડી ભારે દુર્દશાને અનુભવે છે. ઘોર દુ:ખને પામે છે. આ દૃષ્ટાંત આપીને શાસ્ત્રકારો આપણને ચેતવે છે.

જ્ઞાનસારમાં મહો. યશોવિજયજી મ. નીચેના શ્લોકથી લાલબત્તી ધરે છે.

'पतङ्गभृंगमीनेभ-सारङ्गा यान्ति दुर्दशाम्।
एकैकेन्द्रियदोषाच्चेत्, दुष्टैस्तैः किं न पञ्चभिः?।।'

પતંગીયું, ભમરો, માછલું, હાથી, અને હરણીયા એક એક ઈન્દ્રિયના દોષથી દુર્દશાને પામે છે, તો દુષ્ટ એવી પાંચે ઈન્દ્રિયને વશ થનારનું શું ન થાય ? કઈ દુર્દશા ન થાય?

દીવાના દર્શનથી આકર્ષિત થયેલું પંતગીયું ચારે બાજુ ભ્રમણ કરતું અગ્નિથી ભસ્મ થાય છે.

"ગંધની લાલસામાં કમળમાં પેઠેલો ભમરો રાત્રિ થઈ જતા કમળ બીડાઈ જાય છે અને મૃત્યુ પ્રાપ્ત કરે છે."

રસનેદ્રિયના સ્વાદની લાલચમાં માછીમારની જાળમાં નાંખેલ ખાદ્યપદાર્થને ખાવા આવતાં માછલું ફસાઈ જાય છે. માછીમારના હાથે છેદાય છે અને ભેદાય છે.

સંગીતના રસમાં લીન બનેલા હરણીયા અચાનક જ શિકારીના બાણથી વિંધાઈ જાય છે.

હાથીને પકડવા ભીલ લોકો જંગલમાં એક ખાડો ખોદી ઉપર ઘાસ ઢાંકે છે. સામી બાજુ કૃત્રિમ હાથિણી બનાવે છે. તેના દર્શનથી તેના આલિંગન માટે ઉત્કટ થયેલ હાથી હાથિણી તરફ દોટ મુકે છે. રસ્તામાં ઊંડા ખાડામાં પડી જાય છે. ભાલાના અનેક પ્રહારો ખમવા પડે છે.

મહોપાધ્યાયજી ફરમાવે છે એક એક ઈન્દ્રિયને વશ થયેલા આ તિર્યંચો જો આટલી બધી કદર્થના ભોગવે છે તો પાંચે ઈન્દ્રિયને વશ થયેલ માનવોની શી દશા થશે.?

માટે પાંચે ઈન્દ્રિયોને વશ કરવા ઘોર અને ઉગ્ર તપ-સંયમની આરાધના પ્રત્યેક શ્રમણ-શ્રમણીઓ માટે જરૂરી છે.



## ❊ બ્રહ્મચર્ય ગુણ વર્ણન ❊

બ્રહ્મચર્યનું તેજ વિરાજે,
જે મૂળ સર્વગુણોનું હો, ગુરુવર !
મન-વચ-કાય વિશુધ્ધ જ એ તો,
ચિત્ત હરે ભવિજનનું હો, ગુરુવર ! ૧

સ્વ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા એટલે જાજ્વલ્યમાન **બ્રહ્મમૂર્તિ**.

નૈષ્ઠિક બ્રહ્મચર્યને ધારણ કરનારા; સોળ વર્ષની ઉંમરે ચારિત્ર ગ્રહણ કરી, યાવજ્જીવ સુધી આ મહાપુરુષે મન-વચન-કાયા ત્રણેની શુદ્ધિપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કર્યુ. બ્રહ્મચર્યના પ્રભાવથી વિશાળ મોટાં સંયમીઓના ગચ્છનું સર્જન કર્યું. ગચ્છને શાસ્ત્રવિધિ મુજબ વહન કરી ગચ્છમાં સંયમશુદ્ધિ સુંદર રીતે જાળવી. આ મહાપુરુષના જીવનનો રાસ આ. જગત્ચંદ્રસૂરિએ રચેલ છે. તેમાં એક ઢાળની કેટલીક કડીઓ તેમના બ્રહ્મચર્યના ગુણ વિષે છે, તેનો થોડો વિચાર કરીએ.

ગુરુદેવ ! આપના પ્રસન્ન મુખારવિંદ પર બ્રહ્મચર્યનું ઉગ્ર તેજ ઝળકે છે. મન-વચન-કાયાથી અણિશુદ્ધ બ્રહ્મચર્યના પાલનથી આપનું મુખ ખૂબ તેજસ્વી દેખાય છે. બ્રહ્મચર્ય સર્વ ગુણોનું મૂળ છે. એટલે બ્રહ્મચર્યના પ્રભાવથી આપનામાં સર્વગુણો પણ ઝળકી ઉઠ્યા છે. (પ્રગટ થયા છે.) વળી આપનો આ નિર્મળ બ્રહ્મચર્યગુણ ભવ્ય જીવોના (નિકટ ભવી જીવોના) ચિત્તને આકર્ષે છે આનંદ પમાડે છે.

પૂજ્યપાદ પરમગુરુદેવના સ્વર્ગવાસને આજે ૪૦ વર્ષ થયા છે તેઓની મુખમુદ્રાના જેઓએ દર્શન કર્યા છે તેઓને

તેમની પ્રશાંતતા, કરુણાર્દ્રતા, તેજસ્વીતા વગેરેનો ખ્યાલ છે. બ્રહ્મચર્યના પ્રભાવથી તેઓના જીવનમાં થયેલ અનેક ચમત્કારોનો પણ ખ્યાલ છે.

પૂ. ગુણાનંદસૂરિ મ. પોતાના જીવનના અનુભવને કહેતા કે "નિપાણીમાં લીંગાયત ધર્મમાં અમે માનતા હતા. પરમ પૂજય ગુરુદેવ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા, પૂ. રામચંદ્રસૂરિ મ., પૂ.ગુરુદેવ શ્રીભાનુવિજયજી મ., પૂ. ગુરુદેવ શ્રી પદ્મવિજયજી મ. વગેરે વિશાળ પરિવાર સાથે પધાર્યા હતા. પૂ. રામચંદ્રસૂરિ મ.ના પ્રવચનથી વિશાળ જનસમૂહ આકર્ષાયેલ. મારા પિતાશ્રી વગેરે શ્રાવકોને ત્યાં નોકરી કરતાં. તેઓ પણ તેમના પ્રવચનમાં રોજ જતા, મને રોજ કહે, "તું પણ એકવાર પ્રવચન સાંભળવા આવ." પણ મને મન જ ન થતું, હું કહેતો કે આપણા ધર્મને છોડી બીજે જવાની જરૂર નથી. હું આપણા ધર્મમાં સંન્યાસી બનીશ. આમ હું પ્રવચનમાં ક્યારે ય ગયો નહિ. છેવટે પૂજ્યપાદશ્રી વગેરેના વિહારના આગલા દિવસે મને મારા પિતાશ્રીએ ખૂબ જ આગ્રહ કર્યો. એકાદ વાર તો ગુરુદેવોના દર્શન કરી આવ, પછી ગુરુદેવ ચાલ્યા જશે. છેવટે અનિચ્છાએ પિતાશ્રીના દબાણથી હું ગુરુદેવના દર્શન કરવા ગયો.

ઉપાશ્રયમાં પેસતા દૂરથી મને પરમગુરુદેવના દર્શન થયા અને કંઈક ચમત્કાર સર્જાયો. તેઓશ્રીની પવિત્ર મુખમુદ્રાના દર્શન થતા જ હું અતિ આનંદિત થયો. મારા મનમાં પૂજ્યશ્રીના દર્શન માત્રથી તેઓને જ સમર્પિત થવાના, તેઓના જ સાન્નિધ્યે સંન્યાસ લેવાના કોડ થયા. હું નિકટ ગયો પણ મારી મુશ્કેલી



હતી વાતચીત કરવાની, અમારી ભાષા કન્નડ હતી મને ગુજરાતી ભાષા ન આવડે, હિન્દી પણ ભાંગ્યુ-તુટ્યું. સ્કુલમાં મેટ્રીકમાં ભણતો. હું સંસ્કૃતમાં પારંગત હતો. મેં પૂજ્યશ્રી જોડે સંસ્કૃતમાં, થોડી ભાંગી-તુટી હિન્દી ભાષામાં વાત કરી તેઓને મારા જીવનના સમર્પણનો સ્વીકાર કરવા વિનંતી કરી. પછી તો મારા પિતાશ્રી વગેરેની મને ગુરુદેવ જોડે મોકલવાની અનિચ્છા છતાં હું પૂજ્યશ્રી જોડે વિહારમાં ગયો. લગભગ બે વર્ષ સાથે રહ્યો. છેવટે મુંબઈ શાંતાક્રુઝમાં જમનાદાસ મોરારજીના બંગલામાં પૂજ્યશ્રીના પાવન હસ્તે પ્રવજ્યા પ્રાપ્ત કરી હું પૂજ્યશ્રીની ઈચ્છાનુસાર તેઓના શિષ્ય પૂ. ગુરુદેવ ભાનુવિજય મ.નો શિષ્ય ગુણાનંદવિજય થયો. મારું જીવન ધન્ય બન્યું, બંને ગુરુદેવોની કૃપાથી મેં શ્રુતજ્ઞાન પણ સુંદર મેળવ્યું અને આજે હું આચાર્યપદ સુધી પહોચ્યો."

પૂજ્યપાદશ્રીના બ્રહ્મચર્યના પ્રભાવના આવા અનેક ચમત્કારિક પ્રસંગો છે આ તો એક જ અત્રે પ્રદર્શિત કરેલ છે.

## બ્રહ્મચર્યની વિશિષ્ટ શુદ્ધિ માટે ગૃહસ્થોમાં વ્યાખ્યાન છોડ્યું.

પૂજ્યપાદશ્રીએ એકવાર સુંદર તાત્ત્વિક પ્રવચન કર્યું. પૂજ્યપાદશ્રીના પ્રવચનો ખૂબ તાત્ત્વિક રહેતા. તત્ત્વરસિયાઓને (તત્ત્વરુચિજીવોને) તેમાં ઘણો રસ પડે.

એક શ્રાવિકા બેન પ્રવચન પછી આવ્યા. પૂજ્યશ્રીના પ્રવચનની પ્રશંસા કરી તથા તેઓશ્રી જોડે થોડી તત્ત્વવિષયક પ્રશ્નોત્તરી કરી, ગમે તેમ પણ પૂજ્યશ્રીને આ ન ગમ્યું. **તાત્ત્વિક**

**વાતો પણ વિજાતીય જોડે કરવામાં તેમનું મન માનતું નહિં.**

વળી પાછળ પ્રવચન કરે તેવા શિષ્યો પણ તૈયાર થયેલા. તેથી બ્રહ્મચર્યની વિશિષ્ટ શુદ્ધિ જાળવવા પૂજ્યશ્રીએ વ્યાખ્યાન પાટને છોડી, બહુ ઓછા વિશિષ્ટ પ્રસંગોમાં જ તેઓ વ્યાખ્યાન પાટ પર આવતા અને ત્યાં પણ માત્ર મંગલાચરણ કરી પ્રવચન તો અન્ય પાસે જ કરાવતા. બ્રહ્મચર્ય વ્રતની વિશિષ્ટ શુદ્ધિ પોતાના જીવનમાં જાળવવા તેઓ સંપૂર્ણપણે કૃતનિશ્ચય હતા.

સામાન્ય નિયમ એવો છે કે કઠણમાં કઠણ હોય તો બ્રહ્મચર્યનું આચારપાલન છે.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે "ઈન્દ્રિયોમાં રસનેંદ્રિય, ગુપ્તિમાં મનોગુપ્તિ અને વ્રતોમાં બ્રહ્મચર્યનું પાલન અતિશય દુષ્કર છે.

આથી જ સર્પના બિલ આગળ, સિંહની ગુફામાં, કૂવાના કિનારે ....અન્ય તપસ્યા ધ્યાનાદિની ચાર માસ સુધી ઘોર સાધના કરી આવનારને ગુરુએ 'દુષ્કર' કહી સંબોધ્યા, જ્યારે ચાર મહિના કોશ્યાને ત્યાં રહી બ્રહ્મચર્યની ઘોર સાધના કરીને આવનાર સ્થૂલભદ્ર સ્વામીને 'દુષ્કર-દુષ્કર' કહી આવકાર્યા.

આવા કઠણ વ્રતની સાધના જેમના જીવનમાં હોય તેમના જીવનમાં બીજી સાધનાઓ તો અત્યંત સુકર બની જાય છે. તેથી આ મહાન ગુણવાળા જીવોને બીજા ગુણો પણ સુલભ હોય છે. બ્રહ્મચર્યના પાલન દ્વારા સત્ત્વની વૃદ્ધિ થાય છે અને સત્ત્વની શક્તિ દ્વારા ગુણો સ્વાભાવિક પ્રગટ થાય છે. વળી બ્રહ્મચર્યની તાકાત દ્વારા અનેક લબ્ધિઓ પણ પ્રગટ થાય છે. પૂજ્યશ્રીના જીવનમાં પણ આજ રીતે બ્રહ્મચર્યના પ્રભાવથી



કરૂણા, પ્રશાંતતા, નિઃસ્પૃહતા, નમ્રતા, સરળતા, પાપભીરૂતા, સહનશક્તિ, ત્યાગ-તપ, વગેરે અનેક ગુણો સ્વાભાવિક પ્રગટ થઈ ગયેલા. તેમજ દીક્ષાલબ્ધિ પ્રગટ થયેલ. તેઓએ કદિ પણ ઉગ્રવચનો દ્વારા કોઈના પર પણ ક્રોધ કર્યો હોય તેવું જાણમાં નથી, ક્યારેક ન છૂટકે, શાસન-સમુદાયની જવાબદારીના કારણે કોઈક પર કરવો પડ્યો હશે તો તે વખતે પણ અંતરને નિર્લેપ રાખી બહારથી કૃત્રિમ ક્રોધ કરેલ છે.

નિઃસ્પૃહતા તો તેમની પરાકાષ્ઠાની હતી. જીવનમાં ક્યારેય કોઈ ખાનપાનની, વસ્તુની, ઉપકરણની, પુસ્તકાદિની પણ સ્પૃહા કરી નથી. પદની સ્પૃહાથી પણ તેઓ અત્યંત દૂર હતા તેથી પંન્યાસપદ અને આચાર્યપદ પણ વડીલો અને ગુરુઓને પરાણે આજ્ઞા કરીને આપવા પડેલા. નામની સ્પૃહાથી પણ પર હતા તેથી ગમે તેવા મોટા શાસન સમુદાયના કાર્યો કર્યા છતાં આ ગુરુદેવે પ્રસિદ્ધિની કોઈ આકાંક્ષા કે પ્રયત્ન કર્યો નથી.

અરે ! છેક ગચ્છાધિપતિ, ૩૦૦ સાધુઓના સ્વામિત્વની, સ્થિતિએ પણ શિષ્યોને પત્રિકા વગેરેમાં પોતાના ગુણગાન કરવાનો કે બેથી અધિક વિશેષણો લખવાનો પણ નિષેધ કરેલો. વૃદ્ધાવસ્થામાં પણ બેથી અધિક આસન વાપરતા નહિ. ભોજનમાં પરિમિત દ્રવ્યોથી ચલાવતા તેમાં પણ મેવા, મિષ્ટાન્ન, ફળો... જેવાં પદાર્થોને સમૂળ બંધ કરેલા. ક્યારેક તો માત્ર બે જ દ્રવ્યના એકાસણા નિયમપૂર્વક કરતા.

પ્રારંભ જીવનમાં તો ચાલુ ઓઢેલા વસ્ત્રાદિ સિવાય બીજી ઉપધિ પણ ન રાખતાં. આ બધું તો ઠીક પણ પુસ્તકો કે લખવા માટેની પેન પેન્સિલો પણ રાખતા નહિ. પૂર્વના મહર્ષિઓને યાદ કરાવે તેવું તેમનું જીવન હતું.

નમ્રતા અજોડ. ક્યાંય પ્રસિદ્ધિની નામનાની ઝંખના નહિ. મોટાઈ નહિ. દીક્ષા પર્યાયમાં નાના પણ આચાર્ય પદવીમાં મોટા એવા મહાત્માઓને તેઓ બહુમાનપૂર્વક વંદન વગેરે કરતા. (પોતે તો નિઃસ્પૃહતાના કારણે આચાર્ય પદવી લેતા નહીં. ગુરુએ પરાણે આજ્ઞા કરીને તેમને આચાર્યપદ આપેલ.)

દીક્ષાતિથિ વગેરે પ્રસંગે શિષ્યો દ્વારા કરાયેલા ગુણાનુવાદની જાણ થતા તેઓની આંખમાં આંસુ આવ્યા હતા.

શરીરમાં શૂલ જેવી પીડા કરતો/કરનાર ફરતાં વાયુનો રોગ જ્યારે ઉપડે ત્યારે તેઓ ખૂબ સમતાથી સહન કરતાં. આ પીડામાં ગરમ પાણીના શેકથી રાહત થતી પણ નિર્દોષ પાણી મળે તો જ તેઓ ઉપયોગ કરતા. દોષિત ગરમ પાણી પણ કરાવતા નહિ.

બ્રહ્મચર્યના પ્રભાવથી આત્મામાં સત્ત્વ ઊભુ થાય છે. સત્ત્વથી સર્વગુણો પ્રગટ થાય છે એટલું જ નહિ ચિત્તની અદ્‌ભુત પ્રસન્નતા પ્રાપ્ત થાય છે અહીં મુખ્ય વિષય બ્રહ્મચર્યનો હોઈ બીજી થોડી વિશેષતાઓ ક્યારેક ક્યારેક વર્ણવીએ છીએ.બાકી તો એ મહાપુરુષનું જીવન એક મોટો ઈતિહાસ છે.

બ્રહ્મચર્યના પ્રભાવથી તેમને દીક્ષા લબ્ધિ પ્રગટ થઈ હતી. તેથી તેઓએ સેંકડો બાળ-યુવાન પીઢ શ્રાવકોને ઉપદેશ આપી સાધુ બનાવ્યા હતા. પિંડવાડામાં સં. ૧૯૭૭ ના ચોમાસામાં પોતાના ગુરુ મ. સાથે તેઓ ચાર ઠાણા હતા. (પ.પૂ.પં દાનવિજયજી મ.સા., પૂ. પ્રેમવિજયજી મ., પૂ. રામવિજયજી મ., પૂ. કેવળવિજયજી મ.) સં. ૨૦૨૪ માં કાળધર્મ વખતે લગભગ ૩૦૦ સાધુઓનો સમુદાય થયો તેમાં પણ પ્રભાવક તપસ્વી, જ્ઞાની ઉચ્ચ પ્રકારના સંયમનું પાલન કરનારા મુનિઓ



હતા. વળી હાલ તો તેઓના હયાત તથા કાળ કરેલ મુનિઓના કુલ સમુદાય લગભગ ૧૦૦૦ જેટલો છે.

તેઓની પાછળ પણ જે સમુદાયની વૃદ્ધિ થઈ તેમાં પણ તેઓશ્રીનો જ પ્રભાવ છે. જેમ આજે ઘણા એવા વ્યક્તિઓ દેખાય છે કે જે વતનમાંથી માત્ર પહેરે કપડે મુંબઈ આવેલ, સામાન્ય પાંચ દશ રૂપિયાના પગારથી નોકરી કરી લાખોના માલિક થયા. પેઢી ધમધમાટ ચાલુ થઈ આના પછી છોકરાઓએ પણ ચાલુ ધમધમાટ આવક આપતી પેઢી પર બેસીને પિતાની મૂડીમાં ઘણો મોટો વધારો કર્યો પણ તે બધા પાછળ પેઢીના સ્થાપક તેઓના પિતાશ્રીને જ કારણ માને છે તેમ આજે લગભગ એકાદ હજાર મુનિઓ (હયાત લગભગ ૭૫૦) ના સમુદાયનું કારણ પૂજ્યશ્રીની દીક્ષા લબ્ધિ જ છે.

વિશિષ્ટતા તો એ કે પોતાના જ ઉપદેશથી પ્રેરણાથી અને લબ્ધિથી સંયમી બનનારને તેઓએ પોતાના શિષ્ય ન કરતા પોતાના શિષ્ય વગેરેના શિષ્ય કર્યા. તેથી જ ૩૦૦ મુનિઓના આ ગચ્છાધિપતિના સ્વશિષ્યોની સંખ્યા માત્ર સત્તર જ છે. શુદ્ધ બ્રહ્મચર્યને સાધનાના પ્રભાવે જે તેઓ પોતાના સમુદાયને પણ બ્રહ્મચર્યમાં સ્થિર રાખી શક્યા છે. સમુદાયને ખૂબ કુનેહપૂર્વક વહન કરતાં તેઓએ સમુદાયમાં પણ બ્રહ્મચર્યની શુદ્ધિને જાળવી છે. અત્યંત કોમળ સ્વભાવવાળા એવા પણ તેઓ બ્રહ્મચર્યની બાબતમાં ઘણી વાર કઠોર પણ બનતા. સમુદાયમાં ચતુર્થ વ્રત વિષયક મોટા દોષને તેઓ કદી પણ ચલાવતા નહીં, હા ! ક્યારેક ભૂલ થઈ ગઈ હોય અને સરળ ભાવે શુદ્ધિ કરનારને તેઓ આવકારતા, પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધ કરી સંયમમાં સ્થિર કરતા. પણ જેઓ તલવારની ધાર જેવા

આ મહાવ્રતમાં નિષ્ઠુરતાપૂર્વક મહાદોષો સેવતા, તેઓને પૂજ્યશ્રી ક્યારેય ચલાવતા નહીં. પછી તે ગમે તેટલા ત્યાગી હોય, તપસ્વી હોય, જ્ઞાની હોય કે શાસન પ્રભાવક હોય. તેઓ કહેતા કે આ દોષને હું ચલાવી લઉં તો મારો પણ સંસાર વધી જાય. ઉપદેશમાળાનો પેલો શ્લોક તેઓએ એકદમ આત્મપરિણત બનાવી દીધેલ.

जइ ठाणी जइ मोणी जइ मुंडी वक्कली तवस्सी वा।
पत्थन्तो अ अबंभं बंभा वि न रोयए मज्झं।।

*ગુણ ગાતા મેં કેઈ જન દિઠા*
*અહો મહાબ્રહ્મચારી હો ગુરુવર !*
*આ કાળે નહિ દિઠો એહવો,*
*વિશુદ્ધ વ્રતનો ધારી હો ગુરુવર ! ૨.*

પૂજ્યપાદશ્રીના પરિચયમાં આવતા અનેક જીવો તેમના બ્રહ્મચર્ય ગુણથી અત્યંત પ્રભાવિત થતા. સંઘના અગ્રણી કસ્તુરભાઈ લાલભાઈ, જીવતલાલ પ્રતાપશી, રમણલાલ દલસુખભાઈ વગેરે અનેક સુશ્રાવકો પૂજ્યશ્રીના આ ગુણથી અત્યંત આકર્ષિત થઈ તેઓ પ્રત્યે અત્યંત બહુમાનવાળા થયેલા. શાસનનાં કાર્યોમાં પણ તેમના આશિર્વાદ અને માર્ગદર્શનને ગ્રહણ કરતા. અરે શ્રાવકો જ નહીં પણ સ્વ-પર સમુદાયના સંયમ રાગી મુનિઓ પણ પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત બહુમાનવાળા થયેલા. તેઓ જૈન સંઘમાં મહાસંયમી-બ્રહ્મચારી તરીકે પ્રસિદ્ધ હતા.

અનેક આચાર્યો-મુનિઓ પણ તેમના સંયમ (બ્રહ્મચર્ય) ગુણને નવાજતા અને મહા બ્રહ્મચારી તરીકે તેઓના ગુણ ગાતા વળી વર્તમાનકાળમાં બ્રહ્મચર્ય ઉપરાંત બાકીના ચારે મહાવ્રતોના પાલનમાં પણ તેઓ પ્રથમ પંક્તિમાં ગણાતા.



પ્રથમ વ્રત અહિંસાના પાલન માટે સદા સમિતિગુપ્તિના ઉપયોગમાં રહેતા. બીજા મહાવ્રત સત્યપાલન માટે તેઓ ખૂબ જાગ્રત હતા. પ્રરુપણામાં પણ ઉત્સૂત્ર ન આવી જાય તેની કાળજી સતત રાખતાં, શિષ્યગણોને પણ એ જ શિખવેલું કે વ્યાખ્યાનાદિમાં ભૂલથી પણ સૂત્રવિરુદ્ધ પ્રરૂપણા ન થાય તેનું ધ્યાન રાખવું તથા પ્રવચનના અંતે ભૂલથી કે અનાભોગ વગેરેથી પણ કદાચ સૂત્ર વિરુદ્ધ બોલવાનો સંભવ હોવાથી નિત્ય મિચ્છામિ દુક્કડમ્ દેવું.

સંઘમાં પણ ક્યારેક કોઈનું ઉત્સૂત્ર વચન જાહેરમાં આવે તો પૂજ્યશ્રી તેનો પ્રતિકાર કરાવતા. ઉત્સૂત્ર, ઉન્માર્ગ અને અસંયમથી તેઓ સદા સંઘની રક્ષામાં તત્પર રહેતા. પર સમુદાયમાં જ નહિ. પોતાના સમુદાયમાં પણ તેઓ આ ક્ષતિને ચલાવતા નહિ.

સ્વરચિત સંક્રમકરણમાં એક સ્થાને તેઓએ દિગંબર મતનું ખંડન કરેલ, પણ પાછળથી જ્યારે કર્મપ્રકૃતિના પ્રદેશસંક્રમની મુનિચંદ્રસૂરિજીની ટિપ્પણ હાથમાં આવતાં પોતે કરેલું ખંડન બરાબર નથી એમ જણાતા સંઘ સમક્ષ તેનું મિચ્છામિ દુક્કડમ્ જાહેરમાં દીધું હતું અને ભાવિમાં તેને સુધારવાની સૂચના પણ પોતાના શિષ્યોને કરી ગયા એટલું નહીં પોતાના કાળ દરમિયાન તિથિ, દેવદ્રવ્યાદિમાં દેવગુરુની આજ્ઞાવિરુદ્ધ અવિધિ વગેરે થયા હોય તો તેનું પણ જાહેરમાં મિચ્છામિ દુક્કડમ્ દીધેલ. આવી બીજા મહાવ્રત પાલનની જાગૃતિ તેમનામાં હતી. ત્રીજા મહાવ્રતના પાલનમાં તેઓ સદા જાગૃત હતા, અવગ્રહયાંચા સ્વામિઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકર અદત્ત વગેરેમાં સાવધાન હતા.ગુરુ અદત્તની તો સ્વપ્નમાં પણ વાત ન હતી. તેઓ જીવનભર ગુરુને સમર્પિત રહેતા.

ચોથા વ્રતની વાત તો આપણે આ ઢાળમાં કરી જ રહ્યા છીએ. અને પાંચમાં મહાવ્રતમાં તો મુનિ–અવસ્થામાં પહેરેલા કપડા સિવાય અન્ય કાંઈ વસ્તુ, વસ્ત્ર કે વધારાના પાત્રા, અરે.....પુસ્તક વગેરે પણ તેઓએ કંઈ રાખેલ નહીં. જરૂર પડે પુસ્તક જ્ઞાનભંડારમાંથી મેળવી કામ પતે પોતે પાછુ મૂકી દેતા. ક્યારેક વાંચન વગેરેમાં સુધારો કરવા નાનકડી પેન્સિલ વગેરે પણ તેઓ રાખતા નહીં. જરૂર પડે કોઈ મુનિ પાસેથી મેળવી કામ પતે પાછી આપી દેતા.

વિશ્વમાં આવા અપરિગ્રહીની જોડ મળવી મુશ્કેલ છે.

રોજ એકાસણા, નિર્દોષ સાદા–આહાર પાણીથી નિર્વાહ કરતા તેમના જીવનમાં સંનિધિની તો વાત ક્યાંથી હોય ? એટલે છટ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત પણ નિર્મળ હતું. તેમના સુવિશુદ્ધ વ્રત પાલનના કારણે જ અહિ રાસકારે ગાયુ છે કે "આ કાળે નહિં દીઠો એહવો, વિશુદ્ધ વ્રતનો ધારી હો ગુરુવર !..."

*સ્ત્રી સાધ્વી સન્મુખ નવિ જોયું,*
*વૃદ્ધપણે પણ તેં તો હો ગુરુવર.*
*વાત કરે જબ હેતુ નિપજે,*
*દ્રષ્ટિ ભૂમિએ દેતો હો ગુરુવર. ૩.*

ચતુર્થ વ્રતના વ્યવહારમાં પણ પૂજ્યશ્રી કેટલા બધા જાગૃત હતા. તેનું અહિ વર્ણન કરેલ છે. મહાવૈરાગી, શાસ્ત્રપરિકર્મિત સુંદર પરિણામવાળા પૂજ્યશ્રીનું મન અત્યંત નિર્મળ હતું. વૃદ્ધાવસ્થા પણ પ્રાપ્ત થયેલ એટલે ક્યારેક અવસરે સાધ્વીઓ કે સ્ત્રીઓ વગેરે વિજાતીય સામે વાચનાઓ આપવી, ભણાવવા



વગેરેમાં તેમના પરિણામમાં કંઈ જ નુકશાન થાય તેમ ન હતું, છતાં વ્યવહારમાં પણ સંપૂર્ણ જાગૃત એવા તેઓશ્રીએ છેલ્લી ઉંમરમાં પણ વિજાતીય પ્રત્યે દૃષ્ટિ કરી નથી. અહિં 'પણ' શબ્દથી યુવાનીમાં પણ કદીય સ્ત્રી સાધ્વી સન્મુખ જોયું નથી. પૂજ્યશ્રીનો આ ઉચ્ચ કોટિનો વ્યવહાર હતો. બને ત્યાં સુધી તેઓ વિજાતીય જોડે વાત કરવી પડે તેવો પ્રસંગ જ ઉભો થવા નહીં દેતા. આમ છતાં ક્યારેક વિશિષ્ટ કારણ ઊભું થતું તો પણ પોતે દ્રષ્ટિ નીચી રાખી વાત કરી લેતા અને ટુંકમાં પતાવી દેતા. **સાધ્વી કે સ્ત્રીઓને ગાથા પણ નહીં આપવાનો પૂજ્યશ્રીને પ્રારંભથી જ અભિગ્રહ હતો.**

બ્રહ્મચર્યની નવે વાડોના ઉત્કૃષ્ટ પાલન પૂર્વકના વ્યવહારથી આ મહાપુરુષે પોતાના જીવનને તો અતિશય પવિત્ર અને નિર્મળ કર્યું એટલું નહિ પણ સમુદાયમાં સાધુઓમાં પણ સંયમની નિર્મલતાને જાળવી રાખી. પૂજ્યપાદશ્રી આ બાબતમાં પોતાની જવાબદારીને સંપૂર્ણપણે જાણતા હતા. જો બ્રહ્મચર્યની વાડના પાલનના વ્યવહારમાં પણ ઢીલાશ આવશે તો મોટા સમુદાયમાં ઘણા મોટા અનર્થો ઉભા થશે. તેથી આ બાબતમાં તેઓ કડક ચર્યા પાળતા અને પળાવતા.

મુંબઈ શાંતિનાથ દહેરાસરની બાજુમાં ઉપાશ્રયમાં એકવાર પૂજ્યપાદશ્રી બિરાજમાન હતા ત્યારે સાંજે સાધ્વીજીઓ આવ્યા. પૂજ્યપાદશ્રી ઉપર હતા. સાધ્વીઓ નીચે આવી ઉતર્યા. (સાધ્વીઓ માટે બીજો કોઈ ઉપાશ્રય ન હતો.)

પૂજ્યપાદશ્રીને ખબર પડતા તુરંત જ તેઓએ સાધુઓને ત્યાંથી નીકળી ભાયખાલા તરફ જવાનો નિર્ણય જાહેર કર્યો.

લગભગ અંધારુ થવા આવ્યું હતું. છતાં બ્રહ્મચર્યની વાડ પાલનમાં અતિશય જાગૃત પૂજ્યશ્રીએ આ બાબતમાં જરા પણ છૂટછાટને સ્થાન ન આપ્યું. જો કે બાજુના નમિનાથના ઉપાશ્રયમાં જ્યાં પૂ. અમૃતસૂરિ મ. બિરાજમાન હતા. તેમના તરફથી ત્યાં પધારવા આમંત્રણ મળતા સપરિવાર પૂજ્યશ્રી ત્યાં પધાર્યા.

આ વસતિ નામની પ્રથમ વાડની મર્યાદાની વાત કરી ચાતુર્માસ સાધુઓને મોકલતા ત્યાં પણ સ્ત્રી આદિથી સંસક્ત વસતિ નથી તેની તેઓ તપાસ કરી લેતા.

આજ રીતે સ્ત્રીઓ સાથે વાતચીત કે સ્ત્રી સંબંધી કથારુપ બીજી વાડનું પણ પૂજ્યશ્રીની નિશ્રામાં કડક પાલન થતું. આમ બ્રહ્મચર્યની સાધના પૂજ્યશ્રીની નિશ્રામાં સુંદર થઈ રહી હતી.

*શિષ્યવૃંદને એહિજ શીખવીયું*
*દ્રઢ આ વિષયે રહેજો હો મુનિવર !*
*એહ તણા પાલનને કાજે*
*દુ:ખ મરણ નવિ ગણજો હો મુનિવર ! ૪*

સ્વયં બ્રહ્મચર્યની સાધનામાં જાગૃત પૂજ્યપાદશ્રીએ પોતાના આશ્રિત શિષ્યવૃંદને પણ આમાં અત્યંત દ્રઢ કર્યા હતા. તેઓ વારંવાર શિષ્ય-પ્રશિષ્યાદિ ગણને બ્રહ્મચર્યના વિષયમાં ખૂબ દ્રઢ રહેવા જણાવતા. ઉપદેશ આપતા અને કાળજી પણ રાખતા. આ વિષયમાં શિષ્યોની થોડી પણ ઢીલાશ તેઓ ચલાવતા નહિ. ચાતુર્માસાર્થે અન્યત્ર ગયેલ મુનિઓની દૂર બેઠા પણ તેઓ દેખરેખ રાખતા. સાધુઓ આ વિષયમાં પ્રમાદવશ ન બની



જાય તે માટે તેઓની સતત કાળજી રહેતી. સાધુઓનો સાધ્વીજીઓ કે શ્રાવિકાઓ સાથે વિશેષ સંસર્ગ અને પરિચય ન થાય માટે સતત ધ્યાન રાખતાં. સ્વયં જ્યાં-જ્યાં બિરાજમાન હતા ત્યાં તથા મુનિઓ પણ જ્યાં હોય ત્યાં પ્રવચનના સમય સિવાય બેનોને આવવાના નિષેધના બોર્ડો પણ લગાવડાવતા. તેઓ માનતા અને વારંવાર કહેતા કે અગ્નિ અને પેટ્રોલના સંપર્કથી જેમ ભડકો થાય અને સઘળુ બળી જાય તેમ વિજાતીયના સંપર્કથી સાધુના જીવનમાં પણ અબ્રહ્મની આગ લાગે અને તેમાં સંયમ તથા પુણ્ય બળી જાય. માટે પેટ્રોલની ટાંકીથી જેમ અગ્નિના કણોને દૂર રખાય છે. તેમ વિજાતીયથી સંયમી આત્માઓએ પણ અત્યંત દૂર રહેવું જોઈએ.

સ્વજીવનના ચારિત્રની રક્ષા માટે, તેમજ આશ્રિતોના ચારિત્રની રક્ષા માટે, તથા સકલ સંઘમાં પણ ચારિત્રની શુદ્ધિ માટે પૂજ્યશ્રીએ અથાગ પ્રયત્ન કર્યા. આ પ્રયત્ન કરતાં તેમને ઘણી વાર ભારે આપત્તિઓનો પણ સામનો કરવો પડ્યો. પણ બ્રહ્મચર્ય ગુણની રક્ષા માટે આવતા દુ:ખો કે સંકટો તેમણે સમતાપૂર્વક સહન કર્યા અને પોતાની આ આચરણા દ્વારા સમસ્ત શિષ્યવૃન્દને પણ એ શીખવ્યું કે આ સંયમની સાધના માટે દુ:ખ કે મરણ આવે તો પણ હસતા હસતા સ્વીકારવું પણ કદિયે અસંયમમાં પડવું નહિ. તેમજ અસંયમના પક્ષપાતી ન થવું.

*સંયમ મહેલ આધાર જ એહિ*
*દ્રષ્ટિદોષે સવિ મીંડુ હો મુનિવર !*
*કર્મ કટકને આતમ ઘરમાં*
*પેસવા મોટું છીંડું હો મુનિવર ! ૫*

જે ઉત્સાહથી કુટુંબ પરિવાર–ધન ધાન્યાદિ સર્વ સંસાર છોડીને ચારિત્રને પ્રાપ્ત કર્યું છે તેનો મુખ્ય આધાર આ બ્રહ્મચર્ય છે. પાંચ મહાવ્રતના પાલનરુપ સંયમ છે પણ આ પાંચે વ્રતમાં મહત્ત્વનું વ્રત ચોથું બ્રહ્મચર્ય વ્રત છે. સંયમરુપી મહેલનો આ મુખ્ય આધાર છે.

સંયમરુપી પેપરના આપણે સો માર્ક ગણીએ તો તેમાં આ બ્રહ્મચર્યરુપ જે પ્રશ્ન છે તેના ૯૦ કે તેથી અધિક માર્ક ગણી શકાય. આનું કારણ એ છે કે બ્રહ્મચર્યના પાલન માટે રાગ–દ્વેષનો જબરદસ્ત કોટિનો નિગ્રહ કરાય છે. તે સિવાય બ્રહ્મચર્ય પાલન શક્ય નથી. અને રાગ–દ્વેષનો નિગ્રહ એ જ ચારિત્ર છે માટે સંયમ (કે ચારિત્ર) રુપી મહેલનો આધાર બ્રહ્મચર્ય જણાવેલ છે. બીજી વાત એ પણ છે કે પાંચે મહાવ્રતોમાંથી બાકીના ચાર મહાવ્રતોમાં અપવાદ બતાવ્યા છે. એટલે કારણ પ્રસંગે આ ચાર મહાવ્રતોમાં અપવાદો (છુટો) પણ આપેલ છે જ્યારે બ્રહ્મચર્ય વ્રતમાં છૂટ નથી આપી એ નિરપવાદ વ્રત છે કહ્યું છે કે–

नवि किंचि अणुन्नायं पडिसिद्धं वा जिणवरिंदेहिं।
मोत्तूण मेहुणभावं न तं विणा रागदोसेहिं।।

મૈથુન સિવાય જિનેશ્વરોએ કોઈ પણ અનુજ્ઞા કે પ્રતિષેધ એકાંતે કરેલ નથી. કેમકે મૈથુનનું પાપ રાગદ્વેષ વિના થઈ શકતું નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈ વિશિષ્ટ કારણ પ્રસંગે કે સંયોગમાં હિંસા, જૂઠ, અનીતિ અને પરિગ્રહ રાગદ્વેષ વિના થઈ શકે છે. પણ મૈથુનનું પાપ તો રાગ દ્વેષ વિના શક્ય



નથી. તેથી બીજા બધા વ્રતો સાપવાદ બતાવ્યા છે. પણ મૈથુન વિરમણ વ્રત નિરપવાદ છે.

ખૂબ જ મહત્ત્વનું આ વ્રત છે.

આ વ્રતના સુંદર પાલનથી મન પવિત્ર બને છે નિર્મળ બને છે અને પ્રસન્ન બને છે. વળી મનની બધી જ ઈચ્છાઓ પૂર્ણ થાય છે. એમ કહ્યું છે કે બ્રહ્મચારીનું ચિંતવ્યું કદિ નિષ્ફળ ન જાય. પૂજ્યપાદશ્રીની પણ શાસનરક્ષાની, સાધુસર્જનની અને સાધુઓને પણ જ્ઞાનાદિસંપન્ન કરવાની મહાન ઈચ્છાઓ આ વ્રતના નિર્મળ પાલનના કારણે સફળ થઈ છે.

આ વ્રતમાં અતિચારો પણ ન લાગે તે માટે પણ ખૂબ જાગૃત રહેવું જરૂરી છે. "રાગપૂર્વક વિજાતીય સામે જોવું" એ દૃષ્ટિદોષ છે. આ વ્રતનો એક મોટો અતિચાર છે. માટે દ્રષ્ટિદોષનું પણ વર્જન કરવું અત્યંત જરૂરી છે, દ્રષ્ટિદોષના પ્રારંભથી બીજા પણ દોષો વધતા છેક વ્રતભંગ સુધી પહોંચાડે છે. માટે જ અહિં રાસકાર જણાવે છે કે દૃષ્ટિદોષને પણ કાબુમાં નહીં લો તો વ્રતનું પાલન શૂન્ય જેવું થઈ જશે. આ દૃષ્ટિદોષ ચારે બાજુ મોટી દિવાલ વચ્ચે છીંડા (બાકોરા) જેવો છે. એની અંદરથી કર્મરાજાનું મોટું સૈન્ય આત્મ ઘરમાં પ્રવેશ કરશે અને આત્માની શુદ્ધિ ખતમ કરશે. પુણ્યને લૂંટી લેશે.

માટે જ પ્રારંભથી જ દૃષ્ટિદોષથી અત્યંત સાવધ રહેવું. દશવૈકાલિક આદિ સૂત્રોમાં બતાવેલ છે કે ઉનાળાના દિવસમાં સખત તાપ વરસાવતા મધ્યાહ્નના સૂર્યની સામે દ્રષ્ટિ પડતા જેમ તુરંત જ પાછી ખેંચાઈ જાય છે. તેમ ક્યારેક જતાં–આવતાં વગેરેમાં અચાનક વિજાતીય પર દ્રષ્ટિ પડી જાય તો તુરંત

જ પાછી ખેંચી લેવી. વૃદ્ધ સ્ત્રીઓ પ્રત્યે પણ દ્રષ્ટિ કરવાનો શાસ્ત્રકારોએ નિષેધ કરેલ છે.

અરે! સ્ત્રીના ચિત્રો પણ જોવાની શાસ્ત્રકારોની મનાઈ છે.

चित्तभित्तिं न निज्झाए, नारिं वा सुअलंकियं।
भक्खरं पिव दट्ठूण, दिट्ठिं पडिसमाहरे।।

हत्थपायपडिच्छिण्णं, कन्ननासविगप्पियं।
अवि वाससयं नारीं, बम्भयारी विवज्जए।।

ક્યારેક અનાદિકાલીન કુસંસ્કારોના કારણે દ્રષ્ટિદોષ સેવાઈ જાય તો પણ તેનો ઘોર પશ્ચાતાપ કરી ગુરુ સાક્ષીએ આલોચના કરી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી શુદ્ધ થઈ જવું. આ રીતના પશ્ચાતાપ, આત્મનિંદા અને પ્રાયશ્ચિત્ત વગેરે યોગોથી દોષો નાશ પામે છે.

*બ્રહ્મમાં ઢીલા પદવીધર પણ*
*જાય નરક ઓવારે હો મુનિવર !*
*શુદ્ધ આલોચન કરે નહિ તેહથી*
*દુ:ખ સહે તિહાં ભારે હો મુનિવર ! ૫*

રાસકાર અહિં ખૂબ મહત્ત્વની વાત બતાવે છે. શાસન પ્રભાવક થવું, તપસ્વી થવું, પ્રવચનકાર થવું એ સુગમ છે. પરંતુ નિર્મળ બ્રહ્મચર્યના ધારક થવું એ અતિ કઠિન કાર્ય છે. અને બ્રહ્મચર્ય વિનાના શાસન પ્રભાવના, પ્રવચનો વગેરેનું અજ્ઞાની દુનિયામાં મહત્ત્વ ગણાતું હશે, પણ જૈન શાસનમાં તેની કોઈ કિંમત નથી. પ્રતિપક્ષમાં કદાચ પ્રવચન શક્તિ ન હોય કે ઓછી હોય, પ્રભાવકતા પણ ન હોય પણ જો બ્રહ્મચર્ય વ્રતનું સુંદર



પાલન હોય તો જૈન શાસનમાં એની મોટી કિંમત છે. જૈનશાસનમાં પ્રભાવકતા કરતા પણ સંયમની કિંમત વિશેષ ગણેલ છે તેથી જ આ ગાથામાં કહે છે કે કોઈ આચાર્યાદિ પદવીને ધારણ કરતાં હોય, જબરજસ્ત પ્રભાવક હોય, હજારોની માનવમેદની એકઠી થાય તેવા પ્રવચનકાર હોય, પણ જો તે મહાત્માના બ્રહ્મચર્યનું ઠેકાણું ન હોય, ચતુર્થ વ્રતભંગ હોય તેવા આ મહાન પ્રભાવક કે પ્રવચનકારો પણ નરકાદિ દુર્ગતિના ભાજન બને છે. આટલી બધી મૈથુનની (અબ્રહ્મ)ની ભયંકરતા છે. પ્રતિપક્ષમાં પ્રભાવકતા ન હોય પણ એક માત્ર બ્રહ્મચર્યવ્રતનું પાલન જો સુંદર હોય તો તેવા જીવો અવશ્ય સદ્ગતિને પ્રાપ્ત કરે છે. અને પરંપરાએ અલ્પકાળમાં કે અલ્પ ભવોમાં મુક્તિને પામે છે.

હા, પણ આમાં અહિં એક બચાવ છે.

કોઈ અશુભ કર્મના ઉદયથી ક્યારેક બ્રહ્મવ્રતમાં સ્ખલના થયેલ વ્યક્તિ પણ જો ગુરુ પાસે પોતાની સ્ખલના પ્રગટ કરી શુદ્ધ ભાવથી આલોચના કરી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી તેનું વહન કરે તો એ આત્મા પણ શુદ્ધ થઈ જાય છે. તે પણ ભવ સમુદ્રનો પાર પામી જાય છે.

મહાનિશીથ સૂત્રમાં જણાવ્યુ છે.

से भयवं ! किं पच्छित्तेण सुज्झेज्जा ?

गोयमा ! अत्थेगे जे णं सुज्झेज्जा, अत्थेगे जे णं नो सुज्झेज्झा।

से भयवं ! केणट्ठेण एवं वुच्चइ ?

जहा णं गोयमा। अत्थेगे जे णं नियडीपहाणे सढसीले वंकसमायारे, जे णं ससल्ले आलोइत्ताण ससल्ले चेव पायच्छित्तमणुचरेज्जा। से णं असुद्ध सकलुसासए णो सुज्झेज्झा।

अत्थेगे जो णं उज्जू, सरलसहावे जहावत्तं णीसल्लं नीसंकं सुपरिफूडं आलोइत्ताणं जहोवइट्ठं चेव पायच्छित्तमणुचिट्ठेज्जा, से णं निम्मल-निक्कलूस-विसुद्धासए वि सुज्झेज्झा एतेण अट्ठेणं एवं वुच्चइ जहा णं गोयमा। अत्थेगे जे णं सुज्झेज्झा अत्थेगे जे णं नो सुज्झेज्झा।

અર્થ : પ્રશ્ન :– હે ભગવંત ! શું પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય?

ઉ. : ગૌતમ ! કેટલાક જીવો પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય કેટલાક ન થાય.

પ્ર. : પ્રભુ આમ કેમ કહો છો ?

ઉ. : ગૌતમ, જેઓ માયાપ્રધાન છે, શઠશીલ (શઠતાના સ્વભાવવાળા) છે, વક્ર આચારવાળા છે. તેઓ સશલ્ય આલોચના કરીને સશલ્ય પ્રાયશ્ચિત આચરે છે. તેઓ કલુષિત આશયવાળા શુદ્ધ થતા નથી.

જેઓ ઋજુ છે. સરળ સ્વભાવવાળા છે. તેઓ યથાસ્થિત– નિઃશલ્ય, નિઃશંકપણે સુપરિસ્પષ્ટ આલોચના (દોષો ગુરુ સમક્ષ) આલોચીને (પ્રગટ કરીને) ગુરુદત્ત યથાસ્થિત પ્રાયશ્ચિતને ગ્રહણ કરી તે મુજબ આચરે તે નિર્મળ, કલુષિતતા રહિત વિશુદ્ધ આશયવાળા શુદ્ધ થાય છે.

આમ શુદ્ધ હૃદયથી સરળતા પૂર્વક બાળકની જેમ પોતાના દોષને પ્રગટ કરનાર મહાપાપી આત્મા પણ શુદ્ધ થઈ શકે છે અને સંસારથી પાર ઉતરી શકે છે. પ્રતિપક્ષમાં શુદ્ધ હૃદયથી આલોચના દ્વારા શુદ્ધિ ન કરનાર અથવા કલુષિત હૃદયથી આલોચના પ્રગટ કરનાર શુદ્ધ થઈ શકતા નથી અને સંસારમાં દીર્ઘકાળ સુધી ભમે છે નરકાદિ ગતિના ઘોરાતિઘોર દુઃખોને સહન કરે છે.



*વિજાતીયનો સંગ ન કરજો,*

*સાપ તણી પરે ડરજો હો મુનિવર !*

*કામકુટિલનો નાશ કરીને*

*અવિચળ સુખડા વરજો હો મુનિવર ! ૬*

હવે રાસકાર પૂજ્યપાદશ્રીના મહત્ત્વના ઉપદેશને અહીં અક્ષરદેહે રજુ કરે છે. પૂજ્યપાદશ્રી વારંવાર શિષ્યવૃંદોને શિખામણ આપતા કે વિજાતીયનો સહેજ પરિચય પણ ખૂબ નુકશાનકારક છે. પેટ્રોલ અને અગ્નિનો સંપર્ક થતા ભયંકર આગ ઊભી થાય છે અને તેમાં બધું જ ભસ્મીભૂત થાય છે. આમ સ્ત્રી અને પુરુષના સંસર્ગથી આત્મઘરમાં વિકારો વાસનાની આગ પ્રગટ થાય છે અને તેમાં ગુણો, ચારિત્ર તથા પુણ્ય બધું ભસ્મીભૂત થાય છે.

દૂરથી સાપ આવતો દેખાતા જ માણસો ભયભીત થઈ ચારે બાજુ દોડભાગ કરે છે. તે જ રીતે આત્મશુદ્ધિના અર્થીજનો વિજાતીયના દર્શનથી દૂર રહે છે. માટે જ સાધુઓના ઉપાશ્રય વગેરેમાં સાધ્વીઓ કે શ્રાવિકાઓને આવવાનો નિષેધ શાસ્ત્રકારોએ પણ ફરમાવ્યો છે.

अट्ठमीपक्खिए मोत्तुं वायणाकालमेव य।
सेसकालंमि इंतीओ नेया उ अकालचारीओ।।

શાસ્ત્રમાં આઠમ, ચૌદસ, અને વાચના–કાળ સિવાય સાધુની વસતિમાં આવતી સાધ્વીઓને અકાળચારીણી કહેલ છે.

વિજાતીયના વારંવાર દર્શન કે તેની સાથે વાતો એ બ્રહ્મચર્યવ્રતની સ્ખલનામાં મહત્ત્વનું કારણ છે.

સુબાહુકુમારની સજ્ઝાયમાં જ્યારે માતા વૈરાગ્ય વાસિત થયેલ સુબાહુકુમારને પાંચસો રાજકન્યા સાથે મનગમતા વિષયભોગ માટે આગ્રહ કરે છે ત્યારે જવાબમાં સુબાહુકુમાર કહે છે.

*"હાંરે માજી ઘરમાં જો નીકળે એક નાગણી,*
*સુખે નિદ્રા ન આવે લગાર,*
*તો પાંચશે નાગણીઓમાં કેમ રહું,*
*મન મારુ આકુળ વ્યાકુળ થાય..*
*માડી મોરી રે, હવે હું નહિં રાચુ સંસારમાં.''*

પૂજ્યપાદશ્રીનો માત્ર આ ઉપદેશ ન હતો, સમસ્ત સમુદાયમાં આનું પાલન પૂજ્યપાદશ્રી ખૂબ કડકપણે કરાવતા. તેઓશ્રીએ આ અંગે ૧૧ કલમોનું એક બંધારણ પણ પોતાના સમુદાય માટે તૈયાર કરી જાહેર કરેલ. (જૂઓ પૃષ્ઠ ૧૦૯)

વિજાતીયનો પરિચય – સંસર્ગ અતિવિનાશકારી વસ્તુ છે. એવા સંખ્યાબંધ દૃષ્ટાંતો છે જેમાં વિજાતીયના સંસર્ગથી દીક્ષાર્થી બેનો દીક્ષાની ભાવનામાંથી ચ્યવિત થઈ સંસારમાં દાખલ થઈ ગયા.

ક્યારેક સાધુઓને પણ સાધ્વીઓ કે સ્ત્રીઓ જોડેના વિશેષ સંપર્કથી પતન થયાના દાખલા પણ છે.

સંસારમાં પણ ગૃહસ્થો સદાચારની મર્યાદા ચૂકી વિજાતીય જોડે વિશેષ સંપર્ક રાખતા પોતાના આચારથી ભ્રષ્ટ થવાના દાખલા બને છે. ધર્મરત્ન પ્રકરણ વગેરે ગ્રંથોમાં શ્રાવકને બીજાના ઘરમાં એકલા જવાનો નિષેધ કર્યો છે.

આજે સ્કુલ– કોલેજોમાં પણ જે (સાથે ભણવાનું) સહ શિક્ષણ છે તેના પણ કારમા અનિષ્ટો નજર સામે દેખાય છે.



દુ:ખની વાત છે કે આર્ય દેશમાં આજે આ અનાર્યતત્ત્વ દાખલ થયું છે. આના ભારે અનિષ્ટો દેખાવા કે અનુભવવા છતાં લોકની આંખ ઉઘડતી નથી. અહીં માત્ર આપણે પૂજ્યપાદશ્રીએ પોતાના સમુદાય કે અન્ય મુનિઓને જે ઉપદેશ આપ્યો છે તે જ વિચારીએ છીએ.

મોક્ષમાં અવરોધક મોટામાં મોટું તત્ત્વ કામ છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિ જીવો પણ પ્રભુની વાણી દ્વારા કામની અનિષ્ટતા ખૂબ સમજે છે પણ અવિરતિના ઉદયના કારણે સંપૂર્ણ કામથી વિરત થઈ શકતા નથી. જ્યારે સર્વવિરતિધરોએ કામ પર સંપૂર્ણ વિજય મેળવેલ છે. વિજાતીયના સંગનું વર્જન કર્યા સિવાય કામશત્રુને જીતી શકાતો નથી.

**મુનિઓ પણ જો ચારિત્ર લીધા પછી સાધ્વી કે શ્રાવિકાઓનો સંસર્ગ અતિશયપણે રાખે છે તો તેઓ પણ નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરી શકતા નથી.**

વિજાતીયના સંપર્કનો નિષેધ અને સાપવત્ તેનાથી ડરવાનું બતાવ્યા પછી આ વાતનો અમલ કરનારને પૂજ્યપાદશ્રી આર્શિવાદ આપતા જણાવે છે કે,

"કામ કુટિલનો નાશ કરીને અવિચળ સુખડા વરજો"

"હે પુણ્યાત્માઓ ! વિજાતીયના સંગનો ત્યાગ તથા તેનાથી ડરતાં રહેવા દ્વારા તમારા આત્મામાં અનંતકાળથી રહેલ કામવાસનાઓ નિર્મૂળ થઈ જશે. જે કામને જીતવો અતિ દુષ્કર છે તેને સહેલાઈથી જીતી લેજો.''

કામની દુર્જયતાનું વર્ણન કરતા શાસ્ત્રકારોએ જણાવેલ છે–

मत्तेभकुम्भदलने भुवि सन्ति शूराः,
केचित् प्रचण्ड-मृगराजवधेऽपि शक्ताः।
किं तु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य
**कन्दर्पदर्पदलने विरला मनुष्याः ।।**

ઉન્મત્ત થયેલા હાથીના કુંભસ્થલને દળી નાખનાર શૂર પુરુષો જગતમાં ઘણા છે.

વળી ભયંકર ક્રોધી એવા સિંહના વધ કરવાને પણ કેટલાક સમર્થ છે.

પણ બળવાન પુરુષોની સમક્ષ જોરશોરથી કહું છું કે " કામના દર્પનું દલન કરનાર પુરુષો અત્યંત વિરલ છે."

જેમ શ્લેષ્મ પર બેસતી માખી ધીમે ધીમે શ્લેષ્મમાં ફસાઈ જાય છે તેમ વિજાતીયના સંગથી જીવો પણ વિષયોમાં એવા ફસાઈ જાય છે કે તેમાંથી નીકળી શકતા નથી.

અહીં પ્રસંગ પામીને કામની પ્રબળતા બતાવતા કેટલાક દ્રષ્ટાંતો જણાવાય છે.

## ❊ કામ સુભટ ! તેં જીત્યુ સકલ જગત ❊

(૧) ચંદ્રગુપ્ત નંદરાજા પર વિજય મેળવી પાટલીપુત્રમાં પ્રવેશી રહ્યો છે. નંદરાજા નગરમાંથી પરિવાર સાથે વિદાય થઈ રહ્યો છે. બન્ને પરસ્પરના દુશ્મનો છે. છતાં કામની વિચિત્રતા જુઓ... પોતાના પિતાના સમગ્ર રાજ્યનો કબજો લઈ દેશાટન કરાવી રહેલ દુશ્મન ચંદ્રગુપ્ત ઉપર દ્રષ્ટિ પડતાની સાથે નંદરાજાની પુત્રી મોહિત થઈ ગઈ. જેની સાથે યુદ્ધ કરી જેનું રાજ્ય ખાલસા કર્યું તેવા નંદરાજની પુત્રી પ્રત્યે ચંદ્રગુપ્તને પણ આકર્ષણ થયું. જે છેલ્લે બન્નેના લગ્નમાં પરિણમ્યું. **ખરેખર કામ સુભટ ! તેં જીત્યુ સકલ જગત.**



(૨) દોરડા પર નાચ કરતી નટની દીકરીને જોવા માત્રથી નગરશેઠનો પુત્ર ઈલાચિકુમાર મોહાંધ થયો અને તેને પ્રાપ્ત કરવા આ મહાન કુળવાન વ્યક્તિ પણ નટની મંડળીમાં જોડાઈ ગઈ. **ખરેખર કામ સુભટ ! તેં જીત્યુ સકલ જગત.**

(૩) ઘોર સંયમ અને ઉગ્ર અણસણના તપ દ્વારા કર્મોનો ખુર્દો કરી નાખનાર, આગલા ભવોથી સંયમના સંસ્કાર લઈને આવેલ અને ત્રીજે જ ભવે મોક્ષ પામી જવાય એવી સ્થિતિવાળા સંભૂતિવિજયને અણસણની અવસ્થામાં (એટલે કેટલાક દિવસ થી જીવનના અંતસુધીના ઉપવાસ ચાલે છે) પણ ચક્રવર્તીના સ્ત્રીરત્નના કોમળ વાળના સ્પર્શથી એવી વિહ્વળતા ઉભી થઈ કે ભવાંતરમાં ચક્રવર્તી પદનું નિયાણું કરાવી સંયમ, તપનું વેચાણ કરાવી દીધું અને પરંપરાએ ૭મી નરકમાં પહોચાડી દીધા. **ખરેખર કામ સુભટ ! તેં જીત્યું સકલ જગત.**

(૪) સંયમની રક્ષા માટે પ્રાણનો ત્યાગ કરવા તૈયાર થયેલ દ્રઢ સંયમપ્રેમી એવા નંદિષેણ મુનિ પણ વેશ્યાના "અમારે તો ધર્મલાભ નહીં અર્થલાભ જોઈએ" એવા કોમળ વચનો સાંભળતા જ પટકાઈ ગયા. વેષ છોડીને વેશ્યાને ત્યાં જ રહી ગયા. ૧૨-૧૨ વર્ષ સુધી ભોગના કાદવમાં લપટાઈ ગયા. **ખરેખર કામ સુભટ ! તેં જીત્યુ સકલ જગત.**

(૫) રસ્તામાં ચાલતાં જ રાજાના મહેલની ગવાક્ષમાં બેઠેલ રાજકુમારી પ્રત્યે નજર પડતાં જ શ્રેષ્ઠિપુત્ર રૂપસેન આકર્ષિત થઈ ગયો. રાજકુમારી પણ આકર્ષિત થઈ. પરસ્પરના મોહના ખેંચાણે રાત્રે રાજકુમારી પાસે આવવા નીકળેલ રૂપસેન રસ્તામાં મકાન પડતાં દટાઈ ગયો. રાજકુમારીના ગર્ભમાં ઉત્પન્ન થયો. ગર્ભનો નાશ થતાં ત્યાંથી મૃત્યુ પામી સાપ-કાગડો-હંસ-હરણ

થઈ છેલ્લે હાથીના ભવમાં સાધ્વી થયેલ એ જ રાજકુમારી દ્વારા પ્રતિબોધ પામ્યો. **ખરેખર કામ સુભટ ! તેં જીત્યુ સકલ જગત.**

(૬) નટને ત્યાં મોદકના લોભથી એક જ દિવસમાં વેશ પલટી વારંવાર ગોચરી જતાં અને પાછળથી નટના આગ્રહથી રોજ ગોચરી જતા નટની બે કન્યાના હાવભાવોનું નિરીક્ષણ કરતાં તદ્ભવ મુક્તિગામી અષાઢાભૂતિ મુનિ પણ લપટાઈ ગયા. ગુરુને વેશ સમર્પિત કરી નટની બે કન્યાઓના મોહમાં ફસાઈ તેના ઘરે જ વર્ષો સુધી રહી ગયા... **ખરેખર કામ સુભટ ! તેં જીત્યુ સકલ જગત.**

(૭) ભગવાની શ્રી નેમિનાથ સ્વામીના સગાભાઈ, ચરમ શરીરી (તે જ ભવમાં મુક્તિગામી) મુનિપણામાં પણ ગુફામાં સાધ્વીજી રાજીમતિના દેહદર્શને કેવા કામાંધ બન્યા ? રાજીમતિજી પાસે અનુચિત માંગણી કરતાં પણ ન લજવાયા. કોઈક પુણ્યોદયે રાજિમતિ વશ ન થતાં તેમને જ પ્રતિબોધ કરી બચાવી લીધા, નહીંતર શું દશા થાત... ? **ખરેખર કામ સુભટ ! તેં જીત્યુ સકલ જગત.**

(૮) અરે ! દર્શન પણ નહીં, માત્ર બાહ્યરૂપ-ગુણો વગેરેની વાતો સાંભળવા માત્રથી હજારો કન્યાઓએ વસુદેવ (કૃષ્ણના પિતા) પ્રત્યે આકર્ષિત થઈ પાણિગ્રહણ કર્યા... **ખરેખર કામ સુભટ ! તેં જીત્યુ સકલ જગત.**

(૯) સાધ્વીઓ પાસેથી વજસ્વામીના અદ્ભુત રૂપ-લાવણ્યના વર્ણન સાંભળી મહાશ્રીમંત શ્રેષ્ઠિકન્યા રૂક્મણિએ વજસ્વામીને જ પરણવાનો દ્રઢ નિર્ણય કર્યો. પિતાએ કરોડ સોનામ્હોર સાથે પોતાની પુત્રી સ્વીકારવા વજસ્વામીને આગ્રહ કર્યો.



(મહાસંયમી એવા તેમણે પ્રતિબોધ કરી સાધ્વી બનાવી.) **ખરેખર કામસુભટ ! તેં જીત્યુ સકલ જગત.**

પૂજ્યપાદશ્રી તો ધર્મના નિમિત્તે પણ વિજાતીયનો પરિચય કરવાનો નિષેધ કરતા એટલે ચતુર્વિધ સંઘ સમક્ષ થતા પ્રવચનમાંથી બેનો કંઈકને કંઈક બોધ પ્રાપ્ત કરી લે એ જુદી વાત, પણ વ્યક્તિગત કોઈ બેનને કે એકલી બેનોને પ્રવચન પણ આપવાનો સાધુને નિષેધ કરતા.

પૂજ્યપાદશ્રીના નિર્મળ બ્રહ્મચર્યનો એટલો બધો પ્રભાવ હતો કે તેમની પાસે બેસવા માત્રથી કામવાસનાઓ શાંત થઈ જતી એમ નહીં પણ તેમની ગેરહાજરીમાં તેમના નામનું સ્મરણ કરતાં પણ વિષયની તૃષ્ણાઓ શાંત થઈ જતી.

સમેતશિખરજીની ટૂર પર ગયેલા કોઈ ભાઈને ક્યાંક વચ્ચે કંઈ તપાસ કરવા જવું પડ્યું તેમાં એક બેન સાથે એકાંત મળ્યું અને બેનના ભાવો બદલાવા માંડ્યા. ભાઈને પણ અસર થઈ. ભાઈનું પણ મન ચળવિચળ થવા માંડ્યું. તેમાં અચાનક તેમને પ્રેમસૂરિ મ.નું નામ સ્મરણ થયું. તેઓના નામનું વારંવાર સ્મરણ કરતા મનમાં સત્ત્વ ઊભું થઈ ગયું. અચાનક જ તેમણે બેન ઉપર ગર્જના કરી બેનને પણ શાંત કરી દીધા. આવો હતો પૂજ્યપાદશ્રીના બ્રહ્મચર્યનો પ્રભાવ કે નામસ્મરણ માત્રથી અનેકની વિષયવાસનાઓનો ભુક્કો થઈ જતો.

એક સમર્થ જ્યોતિષિએ પૂજ્યપાદશ્રીની જન્મકુંડલી જોતાની સાથે કહી દીધું કે આ આત્માનું એટલું નૈષ્ઠિક બ્રહ્મચર્ય છે કે તેના રુંવાડા માત્રમાં પણ કામવાસનાનો પ્રવેશ થયો નથી.

## ❊ બ્રહ્મચર્યની નવ વાડો ❊

ખેતરમાં પાકની સુરક્ષા માટે વાડો કરાય છે. મકાનની રક્ષા માટે ચારે બાજુ કમ્પાઉન્ડવોલ કરાય છે. જેથી કોઈ ચોરો વગેરે પ્રવેશ કરીને ધન વગેરે લુંટી ન જાય. પૂર્વના કાળમાં નગરોની પણ ચારે બાજુ દુશ્મનોથી રક્ષા કરવા કિલ્લા વગેરે કરવામાં આવતા.

શાસ્ત્રકાર ભગવંતોએ બ્રહ્મચર્ય ગુણની રક્ષા કરવામાં નવ વાડો બનાવી છે. જેથી બ્રહ્મચર્ય ઘાતક તત્વો આત્મામાં પ્રવેશ કરી આ મહાન ગુણનો ઘાત ન કરી જાય.

**બ્રહ્મચર્યનું નિર્મળ પાલન એ જ આત્માની મોટી મૂડી છે. એ જ વિશિષ્ટ પુણ્યનું સર્જક છે, એ જ મુક્તિનો મુખ્ય માર્ગ છે, એ જ સંસારનો ઉચ્છેદ કરનાર મહાન શસ્ત્ર છે,** માટે આ ગુણની રક્ષા કરવી એ આપણાં સૌનું કર્તવ્ય છે. સાધુ સાધ્વીઓની આ મહાન મૂડીની રક્ષામાં સહાયક થવાનું શ્રાવક સંઘનું પણ કર્તવ્ય છે.

ચાલો આ નવે વાડો અંગે કંઈક વિશેષ વિચારીએ. ગાથાઃ–

वसहि कहनिसिज्जिंदिय, कुड्डुंतर पुव्वकिलीए पणीए।

अइमायाहार विभूसणा य, नव बंभचेरगुत्तीओ।

વસતિ, કથા, નિષધા, ઈન્દ્રિય, કુડુંતર, પૂર્વક્રીડા, પ્રણીત આહાર, અતિમાત્રા આહાર, વિભૂષા, આ નવ વિષયમાં બ્રહ્મચર્ય વ્રતની ગુપ્તિ વાડો કરવાની છે. હવે પ્રત્યેક વાડને વિશેષ સમજીએ.

(૧) वसहि :– વસતિ એટલે સાધુ સાધ્વીઓને રહેવાનું



સ્થાન. विवित्ताइं सयणासणाइं सेविज्जा से निग्गंथे, नो इत्थीपसुपंडगसंसत्ताइं सयणासणाइं सेवित्ता हवइ से निग्गंथे।

વિવિક્ત એટલે એકાંત, શયન, આસન વગેરે તથા સ્થાનો (રહેવાના મુકામો) સેવે તે નિર્ગ્રંથ કહેવાય.

અર્થાત્ : સ્ત્રી, પશુ, પંડકોથી આકીર્ણ ન હોય તેવા સ્થાનમાં સાધુ રહે.

સાધુ–સાધ્વીઓને રહેવાના સ્થાન આમ તો નિર્દોષ એટલે કે સાધુ–સાધ્વી માટે બનેલા ન હોય તેવા જોઈએ. પરંતુ આજે જ્યારે ચતુર્વિધ સંઘની આરાધના માટે સ્થાનોનું નિર્માણ થાય છે ત્યારે તે સ્થાનોમાં બ્રહ્મચર્યની પ્રથમ વાડનું પાલન થાય એ ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ એટલે સાધુઓની વસતિ (ઉપાશ્રય) સ્ત્રીઓના સ્થાનની જોડે કે નિકટમાં ન જોઈએ. મંદિર જોડે પણ ન જોઈએ કેમકે તેમાં અવારનવાર પૂજાદિ ચાલતા હોય, શ્રાવિકાઓનો અવાજ પણ આવે. એક જ કંપાઉન્ડમાં નજીક નજીક સાધુ–સાધ્વીઓના ઉપાશ્રય થયા છે એ પણ પ્રથમ વાડનો ભંગ છે મોટા શહેરોમાં તો ઘણા ઠેકાણે નીચે ઉપાશ્રયનો હોલ હોય અને ઉપર જ ફ્લેટો હોય છે આ બધી સંસક્ત વસતિ કહેવાય છે.

વિહારના સ્થળોમાં તીર્થોની ધર્મશાળા વગેરેમાં સાધુ–સાધ્વીઓના સ્થાનો અત્યંત નજીક કે સામ–સામે હોય છે. વળી ધર્મશાળામાં પણ નજીકમાં ગૃહસ્થના ઉતારા હોય છે. આ બધી વસતિ ખૂબ જ જોખમકારક છે.

વળી સાધુઓના ઉપાશ્રયોમાં માત્ર વ્યાખ્યાન કે વાચના સિવાય સાધ્વી કે બેનોની બિલકુલ અવરજવર ન જોઈએ.

अट्ठमीपक्खिए मोत्तुं वायणाकालमेव य।

सेसकालंमि इंतीओ नेया उ अकालचारीओ।।

આઠમ–ચૌદસ અને વાચનાકાળ સિવાય શેષકાળમાં આવતી સાધ્વીઓ કે સ્ત્રીઓને અકાળચારિણી જાણવી.

કોઈ વિશિષ્ટ કારણે બેનો આવે તો સાથે પુરુષોને લઈ ને આવવું જોઈએ, વળી સૂર્યાસ્ત પછી અંધારુ થતા કોઈ પણ બેનો વગેરેની સાધુઓના ઉપાશ્રયમાં અવરજવરનો સંપૂર્ણપણે નિષેધ હોવો જોઈએ. આવી જ રીતે સાધ્વીઓના સ્થાનમાં સાધુ ઓને અને પુરુષો માટે જાણવું. અહિં નવેવાડમાં પુરુષોને ઉદ્દેશીને સ્ત્રીઓથી સંસક્ત વસતિ વગેરેનો નિષેધ કર્યો છે તે સર્વમાં સ્ત્રીઓ માટે પુરુષોથી સંસક્ત વસતિ વગેરેનો નિષેધ સમજી લેવો.

આચારના ચુસ્ત પાલનથી જ ચારિત્રની શુદ્ધિ જળવાય છે.

(૨) કથા– नो इत्थीणं कहं कहित्ता हवइ से निग्गंथे।

એકલી સ્ત્રીઓ સાથે વાતો ન કરે, અથવા સ્ત્રીઓને લગતી જાતિ, કુળ, રુપ, નેપથ્ય વગેરેની વાતો ન કરે તે નિર્ગ્રંથ મુનિ છે.

સાધુઓથી સાધ્વીઓ જોડે કે સ્ત્રીઓ જોડે વાર્તાલાપ વાતચીતો વગેરે થાય જ નહિ. કોઈ વિશિષ્ટ આચાર્યાદિ જવાબદાર વ્યક્તિને પણ કારણ પડે તો પણ વિજાતીય જોડેના વાર્તાલાપમાં અત્યંત જયણાપૂર્વક વર્તવું પડે.

શાસ્ત્રકારોએ આલોચના જેવી ગંભીર બાબતમાં પણ વિજાતીયની જોડે એક સાક્ષી વ્યક્તિ રાખવા જણાવેલ છે. એટલે સાધુ શ્રાવકની આલોચના ચતુઃકર્ણ ચાર કાન સાંભળે, આચાર્ય



અને આલોચના લેનાર સાધુ કે શ્રાવક. જ્યારે સાધ્વી અને શ્રાવિકાની આલોચના ષટ્કર્ણ કહેલ છે. એટલે સાધ્વી કે શ્રાવિકા જોડે બીજા એક વ્યકિતની હાજરી જોઈએ, આલોચનાના વિષયમાં પણ જ્યારે આટલી મર્યાદા બતાવી છે તો બાકીની વાતમાં કેટલું મર્યાદાપાલન છે તે આપણે વિચારવું જોઈએ. વિજાતીય સાથેના વાર્તાલાપના ખૂબ જ ખતરનાક પરિણામ આવે છે. સાધુઓએ વ્યાખ્યાનો વગેરેમાં, ઉપધાન તપ, છ'રિ પાલિત સંઘ વગેરેમાં પણ ખૂબ સાવાધાનીપૂર્વક વર્તવું જરૂરી છે. સંઘમાં એક મુકામથી અન્ય મુકામે જતી વખતે પ્રારંભમાં સાધુઓ અને શ્રાવકો અને પાછળ સાધ્વીઓએ તથા સ્ત્રીએ ચાલવું જોઈએ. જેથી બંને રસ્તામાં ભેગા ન થાય. આજે એક સાથે જે ચારે સમૂહ ચાલે છે તે ઘણું અઘટિત જણાય છે. ધર્મના ઉપદેશ નિમિત્તે કે ભણવા–ભણાવવા નિમિત્તે પણ સાધુઓને સાધ્વીજીઓ કે સ્ત્રીઓ જોડેની વાતચિતોના પ્રસંગો પણ અનુચિત છે એટલે જ સ્વ. પરમગુરુદેવ સિદ્ધાંત મહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજાને સાધ્વીઓ કે શ્રાવિકાઓને ગાથા પણ નહિં આપવી એવો નિયમ હતો. તેઓશ્રી બ્રહ્મચર્યની બધી જ વાડો પાળવા માટે ખૂબ જ જાગૃત હતા.

**એક જાત અનુભવ :–** સં.૨૦૧૭માં તબીયતના કારણે મારું ચાતુર્માસ સુરેન્દ્રનગર થયું એ વખતે વઢવાણમાં સાધ્વીજી શ્રી ઈન્દ્રશ્રીજી, સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી (બેન મહારાજ), સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી વગેરે ચાતુર્માસ હતા. પંડિતજીશ્રી અમુલખભાઈ પાસે તેઓ "કમ્મપયડી" નો અભ્યાસ કરતાં. મેં પિંડવાડામાં બિરાજતા કોઈ પરિચિત મુનિ પર પત્ર લખી

જણાવ્યું કે "કમ્મપયડીની નોટ મોકલજો, અહિં સાધ્વીજીઓને અભ્યાસ ચાલે છે ઉપયોગી થશે." નિયમ મુજબ પત્ર પૂજ્યપાદશ્રીના (પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના) હાથમાં આવ્યો. તેઓએ પત્ર વાંચી જવાબ લખાવ્યો "સાધ્વીજીઓને કમ્મપયડીની નોટ આપ્યા પછી તેઓ અવારનવાર શંકાઓ કે પ્રશ્નો પૂછ્વા આવશે. તમારે જવાબ આપવા પડશે. વાતચીત કરવી પડશે. આ વ્યવહાર તમારા માટે ઉચિત નથી છ્તાં તમારા બેન મહારાજ માટે જોઈએ તો મંગાવજો." પૂજ્યપાદશ્રીનો જવાબ વાંચતા જ દૂર બેઠા પણ સંયમ રક્ષાની કાળજી કરતાં એવા વાત્સલ્યમૂર્તિ પૂજ્યપાદશ્રીના ચરણોમાં મસ્તક ભાવથી ઝુકી ગયું.

સાધુઓને વાડનું પાલન કરાવવાની જાગૃતિના પૂજ્યપાદશ્રીના જીવનના આવા તો અનેક પ્રસંગો છે.

અરે ! પૂજ્ય ગુરુદેવ શ્રીભાનુવિજયજી મ. (પૂ. આ. ભુવનભાનુસૂરિ મ.સા.) પૂજ્યપાદશ્રી સાથે આવતા રસ્તામાં સંસારીબેન જોડે એકાદ મીનીટ જેટલું રોકાઈ તુરંત પૂજ્યપાદશ્રીને ભેગા થયા ત્યારે પૂજ્યપાદશ્રીએ સ્ત્રી સાથે રસ્તામાં વાત કરવા માટે ઠપકો આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના સંસારી બેન હોવાનો ખુલાસો કરતા પૂજ્યપાદશ્રીએ જણાવ્યું કે "તું જાણે છે કે આ તારા સંસારી બેન છે. પણ લોક ને તેની ખબર થોડી છે તેથી લોક તો આ સાધુ બાઈઓ જોડે વાતો કરે છે એવી જ કલ્પના કરશે ને ? માટે આ વ્યવહાર ઉચિત નથી."

પૂજ્યશ્રીના કાળમાં જ્યારે કોઈ મુનિઓના સગાસંબંધી માતા-બેન વગેરે આવ્યા હોય ત્યારે પણ પૂજ્યશ્રીની સંમતિ લઈને વાત-ચીત કરવા બેસાતુ, એટલુ જ નહિ પૂજ્યપાદશ્રી સાથે કોઈ વૃદ્ધ મુનિને બેસાડતા...



બ્રહ્મચર્યની બીજી વાડમાં જેમ સ્ત્રીઓ સાથેની વાતચીતનો નિષેધ ફરમાવેલ છે તેમ સ્ત્રીઓને લગતી વાતો જેને સ્ત્રી કથા કહેવાય છે તેનો પણ નિષેધ ફરમાવવામાં આવેલ છે. સ્ત્રીઓને લગતી વાતો બોલવામાં, વાંચવામાં કે વિચારવામાં પણ મોહની વૃદ્ધિ થતા સંયમ શિથિલ થાય છે તેથી ગ્રંથોમાં કાવ્યાદિમાં શૃંગાર રસના સ્ત્રીઓના શરીરાદિનું વર્ણન કરતા શ્લોકોને વડિલો છોડી દેવાનું જણાવે છે.

આમ બ્રહ્મચર્યની આ બીજી વાડ પણ પાળવી અત્યંત મહત્ત્વની છે.

૩. निषद्या :- સૂત્રોમાં સંનિષિદ્યાગત શબ્દ વાપર્યો છે.

ટીકા- स्त्रीभिः सार्द्धं सह सम्यग् निषीदन्ति उपविशन्त्यस्यामिति संनिषद्या-पीठाद्यासनं तस्यां गतः। स्थितः संनिषद्यागतः। स्त्रीभिः सहैकासने नोपविशेत् उत्थितास्वपि हि तासु मुहूर्तं तत्र नोपवेष्टव्यमिति सम्प्रदायः।

સ્ત્રીઓ સાથે એક પીઠાદિ-આસન પર બેસવું તે સંનિષદ્યા નામનો દોષ છે માટે સ્ત્રીઓ સાથે એક આસન પર બેસવું નહિં. વળી સ્ત્રી ઉઠી ગયા પછી પણ તે જગાએ મુહૂર્ત સુધી બેસવું નહિ એવો સંપ્રદાય છે.

તાત્પર્ય એ છે કે સ્ત્રીઓ સાથે એક પાટ કે આસન પર બેસવું નહિ તથા સ્ત્રીઓના ઉઠ્યા પછી પણ તે જગાએ મુહૂર્ત (બે ઘડી ૪૮ મિનીટ) સુધી સાધુએ બેસાય નહિ. સાધ્વી પણ સ્ત્રી-અંતર્ગત સમજી લેવું. આ જ રીતે સાધ્વીઓએ પણ સાધુઓ કે પુરુષો સાથે એક આસને બેસવું નહિં એટલું

જ નહિં સાધુ કે પુરુષ ઉઠ્યા પછી તેઓએ એક પહોર સુધી તે સ્થાન પર બેસાય નહિ.

બ્રહ્મચર્યના પરિણામ અત્યંત નાજુક છે, ક્યારે પણ આ ઉત્તમ પરિણામનો ભંગ ન થઈ જાય તેની કાળજી માટે તથા બ્રહ્મચર્ય વ્રતની રક્ષા માટે જ્ઞાનીઓએ આવા નિયમો આપણા માટે બનાવ્યા છે આના પાલનથી મોહનીય કર્મનો વિશેષ ક્ષયોપશમ પ્રાપ્ત થતા બ્રહ્મચર્યની નિર્મળતા પ્રાપ્ત થાય છે.પ્રતિપક્ષમાં એની ઉપેક્ષા કરતાં કે ભંગ કરાતા મોહનીય કર્મનો વિશેષ બંધ પડે છે જેથી બ્રહ્મચર્યના પરિણામ વધુને વધુ બગડતા જાય છે.

(૪) इंदिय :- અંગોપાંગનું અનિરીક્ષણ.

"नो इत्थीणं इंदियाइं मणोहराइं मणोरमाइं आलोइत्ता निज्झाइत्ता हवइ से निग्गंथे।" (ઉત્તરાધ્યયન સૂત્ર)

સાધુ સ્ત્રીઓની ઈન્દ્રિયો એટલે શરીરના આંખ, નાક, મુખ, સ્તન, ઉદર વગેરે મનોહર અને મનોરમ અંગોપાંગોનું નિરીક્ષણ ન કરે તથા તેનું ધ્યાન ન કરે.

અનાદિકાળના અભ્યાસથી તથા પુ. વેદ મોહનીય કર્મના ઉદયથી પુરુષોને સ્ત્રી તરફ અત્યંત આકર્ષણ હોય છે તેના શરીર તથા અંગોપાંગ પુરુષોને મનોહર અને મનોરમ લાગે છે મનોહર એટલે જોતા સાથે મનનું હરણ કરે. મનોરમ એટલે જોયા પછી પણ ચિત્તમાં યાદ કરાતા આનંદ પમાડે.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે સ્ત્રીના આ મનોહર અને મનોરમ અંગોનું નિરીક્ષણ જ ન કરવું. અનાદિના અભ્યાસથી સ્ત્રીના અંગો પર દષ્ટિ પડતાની સાથે જે રાગરુપી વિષ



આત્મામાં પ્રવર્તે છે. એટલું જ નહિં જોયા પછી પણ તેની ગેરહાજરીમાં પણ તેનું સ્મરણ કરી અજ્ઞાની જીવો આનંદ અનુભવે છે. આ બધા દ્વારા મોહનો ઉન્માદ વધે છે. કુસંસ્કારો દૃઢ બને છે. ઘોર કર્મ બંધ થાય છે. કર્મસિદ્ધાંતમાં એવો નિયમ છે કે જે અત્યંત રસપૂર્વક શુભ કે અશુભ પ્રવૃત્તિ થાય છે તેના કર્મબંધ વખતે અનુબંધ પણ ઊભો થાય છે. અનુબંધ એટલે બીજ શક્તિ છે. કાલાન્તરે અનુબંધ દ્વારા એ શુભ અશુભ ભાવો તથા પ્રવૃત્તિની વૃદ્ધિ થાય છે અને પરંપરા ચાલે છે અહિં પણ સ્ત્રીઓના અંગોપાંગ અતિરસપૂર્વક જોવાતા, ધ્યાન કરાતા હોવાથી તેનો તીવ્ર અનુબંધ પણ આત્મામાં ઊભો થાય છે. પરંપરા લાંબા કાળ સુધી ચાલે છે આના કારણે જ સંસાર આટલા બધા દીર્ઘ કાળથી ચાલુ રહ્યો છે, હજી સુધી એનો અંત આવ્યો નથી. આ બધા અશુભકર્મોના બંધ તથા અનુબંધના કારણે જીવ ચારે ગતિમાં દીર્ઘકાળથી પર્યટન કરે છે અને ઘોર દુઃખ સહન કરે છે.

માટે આવા પાપોથી છૂટવા, સંયમનું શુદ્ધ પાલન કરવા નિર્ગ્રંથ એવા મુનિઓએ સ્ત્રીના અંગોપાંગનું નિરીક્ષણ ન કરવું, એનું ધ્યાન ચિંતન પણ ન કરવું ક્યારેક અચાનક અનાભોગથી સામે આવતી સ્ત્રીઓ પ્રત્યે દ્રષ્ટિ વગેરે પડી જાય તો તુરંત પાછી ખેંચી લેવી, તેના પર રાગ ન કરવો અથવા અનાદિકાલીન સંસારના કારણે રાગ થઈ જાય તો પ્રતિપક્ષી વૈરાગ્ય ભાવનાથી તેને દૂર કરવો અને ગુરુ આદિ પાસે પ્રાયશ્ચિત કરી શુદ્ધ થવું.

ખરેખર બ્રહ્મચર્યનું પાલન અતિ દુષ્કર છે પરંતુ દેવાધિદેવે

આ બ્રહ્મચર્યની નવવાડ એવી સુંદર બતાવી છે કે એનું અણિશુદ્ધ પાલન કરતા દુષ્કર એવું બ્રહ્મચર્ય પાલન સહેલાઈથી થઈ શકે છે.

(૫) કુડ્ડંતર :– દિવાલના આંતર કે પડદાની પાછળ, અથવા વચ્ચે પાર્ટીશન રાખ્યુ હોય તેની પાછળ સ્ત્રીઓ હોય અને તેના હસવાના, ગાવાના–રડવાના કે બીજી અનેક પ્રકારના શબ્દો સંભળાતા હોય ત્યાં સાધુએ ન રહેવું વળી ભીંતના આંતરે સ્ત્રી–પુરુષોની ક્રીડા વગેરે થતી હોય તેના પણ શબ્દો સંભળાય તો એ બ્રહ્મચર્યવ્રત માટે ઘાતક બને આવા શબ્દોના શ્રવણથી મોહના ઉન્માદ થવાનો સંભવ છે તેથી ઉત્તમ સંયમી આત્માઓના પણ પરિણામ બગડે છે.

આવા નિમિત્તો જીવોના પતનમાં ખૂબ કારણભૂત છે માટે આવા નિમિત્તોથી અવશ્ય દૂર રહેવું સ્ત્રીના આવા શબ્દો સાંભળીને ભુક્તભોગીને પૂર્વના ભોગોનું સ્મરણ થાય છે તથા બાલ–બ્રહ્મચારીઓને કુતૂહલ થાય માટે આવા બ્રહ્મચર્યભેદક નિમિત્તોથી અત્યંત દૂર રહેવું અતિ આવશ્યક છે.

(૬) पुव्वकिलिए :- नो निग्गंथे पुव्वरयं पुव्वकीलियं अणुसरित्ता हवइ। સ્ત્રીઓની સાથે ભોગવેલા ભોગ કે કરેલી ક્રીડાઓને પણ યાદ ન કરવી. ગૃહસ્થપણામાં સંસારના ભોગ ભોગવી જેઓએ ચારિત્ર લીધું હોય છે તેઓએ ગૃહસ્થપણાના પોતાના પૂર્વના ભોગો અને ક્રીડાઓને યાદ ન કરવી. વિષયોનું સ્મરણ માત્ર પણ મનમાં તેને લગતો આહ્લાદ ઉભો કરે છે તે પણ એક પ્રકારનો કામરાગ છે અને તે પણ ભયંકર છે. મનને વિશેષ રાગથી વાસિત કરે છે. પરિણામે મોહના ઉન્માદ પણ આત્મામાં વધે છે.



'કામ' એક એવો ભયંકર દુર્ગુણ છે કે એનું સ્મરણ પણ મનની વૃત્તિને બગાડે છે.

દુનિયાનો કોઈ અગ્નિ એવો નથી કે જેનું સ્મરણ માત્રથી જીવને બાળે, પણ **કામાગ્નિ એવો છે કે એનું સ્મરણ પણ જીવોના ગુણોને, શુભભાવોને, શુભલેશ્યાને અને પુણ્યાનુબંધિ પુણ્યના પુંજને બાળી નાંખે છે** સંવેગરંગશાળામાં કહ્યું છે કે...

मुणिणा भासियं मुद्ध !, वरं सल्लं वरं विसं।
वरं आसीविसो सप्पो, वरं कुद्धो य केसरि।।
वरं अग्गी य न भोगा, चिंतिज्जंता वि जे नरं।
नरयं निंतिं दुत्तारं भामयंति भवन्नवे।।

મુનિ કહે છે :– "શલ્ય સારું, ઝેર સારું, આશીવિષ સર્પ કે ગુસ્સે થયેલો સિંહ સારો, અરે, અગ્નિ પણ સારો **પરંતુ ભોગ સારા નથી, જે ચિંતન કરવા માત્રથી મનુષ્યને દુસ્તર (મુશ્કેલીથી પાછા નીકળી શકાય તેવા) નરકમાં લઈ જાય છે અને ભવઅટવીમાં રખડાવે છે."**

જીવને કર્મબંધનું કારણ આત્માના રાગાદિ અશુભ પરિણામ છે. ભોગો શરીરથી ન ભોગવવા છતાં મનથી તેનું રાગપૂર્વક ચિંતન કરાતા આત્માના પરિણામ રાગમય થાય છે તેથી અશુભકર્મ બંધાય છે જે ભોગવતા જીવને સંસારમાં ઘોર યાતનાઓ ભોગવવી પડે છે. આપણે જાણીએ છીએ કે હિંસાની પ્રવૃત્તિ વિના પણ અંતર્મુહૂર્ત માત્ર ઘોર હિંસાના ચિંતનથી તંદુલિયો મચ્છ ૭ મી નરકમાં જાય છે.

એ દ્વેષના પરિણામ હતા. કામનું ચિંતન એ રાગના પરિણામ છે. મોટા ભાગે દ્વેષના પરિણામ કરતાં રાગના

પરિણામ વધુ ભયંકર હોય છે અને જીવને વધુ મલિન કરે છે. દ્વેષ કરતા રાગ વધુ દુર્જય છે. તેથી કામરાગના માનસિક તીવ્ર પરિણામ પણ નરકમાં લઈ જાય તેમાં શું નવાઈ ? માટે જ ઉપર સંવેગરંગશાળામાં શાસ્ત્રકારે સાચે જ કહ્યું છે કે...
चिंतिज्जंता वि जे नरं नरयं नींति दुत्तारं, भामयंति भवन्नवे।

"ચિંતન કરાતા માત્રથી જે દુસ્તર નરકમાં લઈ જાય છે. ભવાર્ણવમાં ભટકાવે છે.

નરકમાં ઘોર વેદનાથી કામાગ્નિ વખતે બંધાયેલ અશાતાવેદનીયાદિ કર્મ ખપે છે પણ જે વેદ મોહનીય વગેરે કર્મ બંધાયું છે તેના અનુબંધો ઊભા જ હોય છે. તેથી નરકમાંથી પાછા નીકળીને જીવ તિર્યંચ કે મનુષ્યમાં આવે છે ત્યાં પાછા પેલા કામના સંસ્કારો જીવને પીડે છે. ફરી ખરાબ વિચારો અને પ્રવૃત્તિ કરાવી પાછા દુર્ગતિમાં પટકે છે આમ શાસ્ત્રકારે પણ તેથી જ ચિંતન માત્ર કરાતા ભોગો નરકમાં લઈ જાય છે એમ લખીને પૂર્ણાહુતિ ન કરતાં આગળ 'भामयंति भवन्नवे' સંસારમાં ભટકાવે છે એમ જણાવ્યું....

ખરેખર, કામરાગ અતિ ભયંકર છે. આ સંસારમાં અનંતાનંત જીવોને અનંતકાળ સુધી એણે જન્મ-મરણ-શોક-ચિંતા શારીરિક પીડાઓ-માનસિક પીડાઓ વગેરે ઘોર દુ:ખો આપ્યા છે.

વળી અનાદિકાળથી આત્મામાં એના સંસ્કારો એટલા બધા તીવ્ર છે, કે જરાક નિમિત્ત મળતાની સાથે જ આત્મામાં એ જાગ્રત થઈ જાય છે અને જીવને બરબાદ કરે છે હજી કોઈ સ્ત્રીઓને સ્પર્શ પણ નથી કર્યો. અરે, દર્શન પણ નથી કર્યું. પણ માત્ર નવરા પડતા મનમાં એનું ચિંતન શરું થયું અથવા



કંઈક વાંચન કરતાં તેમાં સ્ત્રીના શૃંગાર રસનું, તેના શરીરનું તેના અંગોપાંગ વગેરેનું વર્ણન આવ્યું તેમાં પણ મન ચોંટી જાય છે. મનને આહ્લાદ ઉપજે છે અને ખૂબ રસપૂર્વક તેનું વાંચન થઈ જાય છે. જીવની કંગાળ દશા તો વિચારો, વૈરાગ્યના વાંચનમાં એને રસ ઓછો પડે છે, રાગના વાંચનમાં એને રસ વધારે આવે છે. જો કે કંઈક વિરલા જીવો આનાથી પ્રતિપક્ષ-ભાવવાળા પણ હોય છે પણ મોટા ભાગના જીવોની આ દશા છે માટે કામરાગ પ્રત્યે અત્યંત કઠોર થવું જરૂરી છે પરમાત્મા મહાવીર દેવની સ્તુતિ કરતા અનુયોગ દ્વારની ટીકાના મંગલમાં પૂ. મલયગિરિ મ. એ ભગવાનનું એક વિશેષણ એ બતાવ્યું છે કે "उद्दामकामकरिराजकठोरसिंहम्" ઉદ્દામ એટલે તોફાની એવા કામરુપી હાથી માટે પ્રભુ કઠોર સિંહ જેવા હતા. અહીં કામને તોફાની હાથીની ઉપમા આપી છે. જેમ તોફાને ચડેલો હાથી ચારે બાજુ તોડફોડ કરી મહાવિનાશને કરે છે તેમ કામરુપી તોફાની હાથી આત્મક્ષેત્રમાં ચારે બાજુ ભયંકર તોડફોડ કરે છે. ગુણોનો નાશ કરે છે. પુણ્યનો નાશ કરે છે. પાપની વૃદ્ધિ કરે છે. સંસાર સાગરમાં જીવને ભટકાવે છે નિગોદાદિમાં અનંતકાળ પૂર્વધર જેવાઓને પણ ફેંકી દે છે.

આ વિશ્વમાં સૌથી મોટું નુકસાન કર્યું હોય તો કામરુપી હાથીએ કર્યું છે માટે પ્રભુની જેમ કઠોર સિંહ જેવા થઈને આપણે પણ કામરુપી હાથીને વશ કરવો જોઈએ. અથવા એનો નાશ કરવો જોઈએ. અહીં શાસ્ત્રકારોએ બતાવેલી નવે વાડોના પાલનથી તથા ગુરુભક્તિ સ્વાધ્યાય તપ ત્યાગ વગેરેની કઠોર સાધનાથી પણ કામનો નાશ કરવો જોઈએ.

૭. पणीए :- णो पणीयं आहारं आहरित्ता हवइ से निग्गंथे। પ્રણીત આહારનું ભોજન ન કરે તે નિર્ગ્રંથ.

મુનિઓએ અથવા બ્રહ્મચર્યના પાલનની ભાવનાવાળા ગૃહસ્થોએ પણ પ્રણીત આહાર ન લેવો જોઈએ. દુધ–દહીં–ઘી–તેલ–ગોળ–તળેલું આ છ વિગઈઓ કહેવાય છે. આ વિગઈઓ વિકારને કરનારી છે તેથી તેનું ભોજન ધાતુઓને ઉત્તેજિત કરે છે. મોહનો ઉન્માદ ઊભો કરે છે અને જીવનું પતન કરે છે. વિગઈઓ ઉપરાંત વિગઈથી ભરપૂર ભોજનો, મેવા–મિઠાઈઓ, મિષ્ટાન્નો વગેરેનું આ જ ફળ હોઈ તેનો પણ નિર્ગ્રંથોએ ત્યાગ કરવો જોઈએ. આ જ રીતે મરચું વગેરે કેટલાક મસાલાઓ પણ ઈન્દ્રિયોને ઉત્તેજિત કરે છે. આથી જ આયંબિલ તપમાં ઉક્ત વિગઈઓ તથા વિશિષ્ટ મસાલાઓનો ત્યાગ બતાવેલ છે. તેથી આયંબિલનો તપ પણ બ્રહ્મચર્ય માટે ખૂબ અનુકૂળ છે. ખરેખર જિનેશ્વર ભગવંતોએ મોહના સકંજામાંથી છુટવાનો ઉત્તમ માર્ગ જીવોને બતાવ્યો છે એ માર્ગે ચાલવાથી જ મોહને જીતી શકાય છે અને વીતરાગતાદિ પ્રાપ્ત કરી, કેવળજ્ઞાન મેળવી અનંત સુખના ભોક્તા થવાય છે.

વિગઈઓથી ભરપૂર ભોજનને તેલ એટલે કે પેટ્રોલ વગેરેની ઉપમા આપી છે. નિમિત્તોને અગ્નિની ઉપમા આપી છે. અગ્નિ અને પેટ્રોલના સંયોગથી જેમ ભયંકર ભડકો થાય છે તેમ પ્રણીત ભોજન સાથે બ્રહ્મચર્ય ને પ્રતિકૂળ નિમિત્તો મળતા અબ્રહ્મના ભડકા થાય છે માટે નિર્ગ્રંથ મુનિઓએ પ્રણીત (વિગઈ ભરપૂર) આહારનો હંમેશા ત્યાગ કરવો. શારીરિક શક્તિ માટે જરૂર પડે તો અત્યંત અલ્પ પ્રમાણમાં જરૂરિયાત જેટલો જ



એનો ઉપયોગ કરવાનું શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાન કર્યું છે. અધિક આહારથી મન પણ પ્રમાદમાં રહે છે. અધિક આહારથી અજીર્ણાદિ શારીરિક નુકશાન પણ થાય છે. અહીં બ્રહ્મચર્યનો વિષય છે.

જેમ ગાડામાં મળી અથવા ઘા પર મલમ જોઈતા પ્રમાણમાં જ ઉપયોગ કરાય છે, તેમ વિગઈઓનો ઉપયોગ પણ જરૂર પૂરતો જ કરાય. અહિં વિગઈઓની જેમ ધાતુને ઉત્તેજિત કરનાર મેવાદિ અન્ય વસ્તુઓનો પણ ત્યાગ કરવો.

યાદ રાખવા જેવી કહેવત, 'પાલો પત્તી ખાત હૈ, ઉન્હે સતાવે કામ; જો હલવાપુરી નિગલતે, ઉનકી જાને રામ.'

૮. अइमाया :- नो अइमायाए पाणभोयणं आहरित्ता हवइ से णिग्गंथे। નિર્ગ્રંથ મુનિ અતિ માત્રાએ આહાર ન કરે, માત્રા એટલે પ્રમાણ, પ્રમાણથી અધિક આહાર પણ બ્રહ્મચર્ય ગુણનો નાશ કરે છે. અધિક આહારથી પણ ધાતુઓનો ઉદ્રેક થાય છે પરિણામે વિષયવાસનાની વૃદ્ધિ થાય છે. મોહના ઉન્માદ જાગે છે અને ક્યારેક પતન પણ થાય છે. માટે પ્રણીત આહારવત્ અધિક આહારનો પણ બ્રહ્મચર્યનું પાલન કરવા ઈચ્છતા મુનિએ ત્યાગ કરવો.

૯. विभूषा :- णो विभूसाणुवाई हवइ से णिग्गंथे।

શરીર કે વસ્ત્ર ઉપકરણાદિકમાં સ્નાન–ધાવન (ધોવા) વગેરેથી સંસ્કાર કરવો તે વિભૂષા–શોભા. શરીરને સ્નાન વગેરેથી ઉજ્જવળ રાખવું, મલિન ન થવા દેવું એ જ રીતે વસ્ત્રો પણ (અતિ ઉજ્જવળ) ઉજળા રાખવા, અન્ય ઉપકરણો વગેરે પણ સુશોભિત રાખવા આ બધુ વિભૂષા છે. ઉત્તરાધ્યયનમાં

આગળ જણાવે છે કે विभूसावत्तिए विभूसियसरीरे इत्थिजणस्स अभिलसणिज्जे हवइ।

વિભૂષાવર્તી એટલે વસ્ત્ર વગેરેથી વિભૂષા કરવાના સ્વભાવવાળો વારંવાર શરીરને સ્નાનાદિથી નિર્મળ કરી વળી ઉજ્જવળ વસ્ત્રાદિથી વિભૂષિત કરે છે અને આ રીતે વિભૂષિત એવા પુરુષને, મુનિને જોઈને સ્ત્રીઓ પણ મોહાંધ બની મુનિને ભોગ વગેરે માટે પ્રાર્થના કરે છે. આવા પ્રસંગે મુનિ પણ ક્યારેક ભગ્ન પરિણામી બની સંયમથી ભ્રષ્ટ થાય છે.

માટે મુનિઓએ શરીર–વસ્ત્ર વગેરેની વિભૂષાને હંમેશ માટે વર્જવી.

સ્વ. પ્રગુરુદેવશ્રી આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુ–સૂરીશ્વરજી મહારાજા નખ વગેરે કાપ્યા પછી તેને વ્યવસ્થિત સંસ્કાર કરવાનો પણ નિષેધ કરતા. તેમાં પણ તેઓ વિભૂષા માનતા. ચશ્માની ફ્રેમ પણ અત્યંત સાદી વાપરતા, જેથી વિભૂષા ન થાય.

દશવૈકાલિક સૂત્રમાં વિભૂષા સ્ત્રીસંસર્ગ અને પ્રણીત ભોજનને તાલપુટ વિષની ઉપમા આપી છે.

विभूषा इत्थीसंसग्गो पणीअं रसभोअणं।
नरस्सत्तगवेसिस्स विसं तालउडं जहा।।

અર્થ :– વિભૂષા, સ્ત્રી–સંસર્ગ અને પ્રણીત ભોજન આત્મલક્ષી જીવો માટે તાલપુટ ઝેર છે.

તાલપુટ વિષ જેમ તાત્કાલિક તે જ ક્ષણે પ્રાણને નાશ કરે છે તેમ આ ત્રણ વસ્તુ વિભૂષા, સ્ત્રી સંસર્ગ અને પ્રણીતરસવાળા ભોજન શીઘ્ર ચારિત્રનો નાશ કરનાર હોઈ આત્માર્થી જીવોને તાલપુટ ઝેર સમાન છે.



અહીં બ્રહ્મચર્યની નવવાડનું વર્ણન પૂર્ણ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં દશમું સમાધિસ્થાન વધારામાં કહેલ છે.

૧૦. શબ્દ–રુપ–રસ–ગંધ અને સ્પર્શાનુપાતિ ન થવું. નો सद्द-रुव-रस-गंध-फासाणुवाइ हवइ से णिग्गंथे।

શબ્દ સ્ત્રીઓના મોહોદ્રેક કરે તેવા સ્ત્રીઓના વચનો શબ્દો, સ્ત્રીઓના કટાક્ષદૃષ્ટિવાળા વગેરે અથવા ચિત્રગત પણ સ્ત્રીના રુપો, ઉત્તમ સુગંધી પદાર્થો, ગૃદ્ધિ ઉત્પન્ન કરે તેવા મધુરાદિ રસો તથા કોમળ સ્પર્શો આ બધા રાગના હેતુઓને ન અનુસરે, ન અનુભવે, ન ભોગવે તે સાધુ કહેવાય.

શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શ આ પાંચે કામગુણો છે એટલે કામેચ્છાના સાધનભૂત કામેચ્છાને વધારાનારા છે. ઈચ્છા અને મદનરુપ કામની વૃદ્ધિ કરનાર છે.

માટે નિર્ગ્રંથો પૂર્વે બતાવ્યા મુજબ સ્ત્રીના શબ્દોનું પણ શ્રવણ કરતા નથી. રુપ પર દ્રષ્ટિ નાંખતા નથી. રાગવર્ધક ઉત્તમ સુંગધીદાર પદાર્થોનો ઉપભોગ કરતાં નથી. મિષ્ટાન્ન, મેવા, વિગઈઓ વગેરેનો ત્યાગ કરી, લુખા સુકા ભોજનોથી નિર્વાહ કરી રસનેન્દ્રિયનો પણ નિગ્રહ કરે છે અને સૂવા માટે પણ મુલાયમ ગાદી–ગાદલા વગેરેનો ઉપયોગ નહીં કરતા સંથારા ઉત્તરપટ્ટા જેવા કર્કશ સ્પર્શવાળા સાધનોનો ઉપયોગ કરે છે.

જેઓએ નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તેમને પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોનો અવશ્ય ત્યાગ કરવો જ જોઈએ. નહીંતર આ પાંચ ઈન્દ્રિયના વિષયભોગો પણ છેલ્લે બ્રહ્મચર્યનો નાશ કરનારા થાય છે.

## ❊ બ્રહ્મચર્યની વાડોના ભંગના દારુણ પરિણામ ❊

અહીં બ્રહ્મચર્યની નવવાડનું (તથા દશમા શબ્દ–રુપ–ગંધ–સ્પર્શ અનુપાતી ન થવા રુપદશ વસ્તુનું) વર્ણન કર્યું. આ નવવાડ અને દશમા સ્થાન દશે વસ્તુમાં પ્રતિપક્ષના વર્જનરુપ છે. જેમ પ્રથમ વાડમાં સ્ત્રીયુક્ત આલય, બીજી વાડમાં સ્રીકથા, ત્રીજી વાડમાં સ્ત્રી સાથે બેઠક વગેરે આમ નવે વાડમાં પ્રતિપક્ષ સ્થાનનું વર્જન છે.

જો આ વર્જન કરવામાં ન આવે અને એને સેવવામાં આવે તો તેના કેવા ભયંકર પરિણામ આવે છે તેનું વર્ણન ઉત્તરાધ્યયનના બ્રહ્મચર્ય સમાધિ સ્થાન નામના ૧૬માં અધ્યયનમાં કરવામાં આવેલ છે. દરેક સ્થાનનું વર્ણન સરખું જ છે. અહિં એક પ્રથમ સ્થાનનું આપણે વિચારીએ તે મુજબ બાકીના સ્થાનો માટે સમજવાનું છે.

विवित्ताइं सयणासणाइं सेविज्जा से णिग्गंथे, नो इत्थीपसुपंडगसंसत्ताइं सयणासणाइं सेवित्ता हवइ से निग्गंथे, तं कहं इति चेदायरियाह-

णिग्गंथस्स खलु इत्थिपसुपंडगसंसत्ताइं सयणासणाइं सेवमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभिज्जा उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हविज्जा, केवलिपण्णत्ताओ धम्माओ वा भंसेज्जा, तम्हा नो इत्थीपसुपंडगसंसत्ताइं सयणासणाइं सेवित्ता हवइ से निग्गंथे।

ભાવાર્થ વિવેચન સહ :– વિવિક્ત એટલે સ્ત્રી, પશુ, પંડકથી અનાકીર્ણ શયન–આસન–સ્થાન (સુવા, બેસવાની, રહેવાના સ્થાનો) સેવે તે નિર્ગ્રંથ છે.

આમ કેમ ? તેના જવાબમાં આચાર્ય કહે છે, સ્ત્રી, પશુ,



પંડકાદિથી આકીર્ણ વસતિ (રહેવાના સ્થાન) નો ઉપભોગ કરતાં (૧) બ્રહ્મચારીને પોતાના બ્રહ્મચર્યમાં શંકા ઉત્પન્ન થાય છે.

વારંવાર સ્ત્રીઓના દર્શન, શબ્દશ્રવણ વાતચીત કે સ્ત્રીઓના સંસર્ગ પરિચયથી ભોગતૃષ્ણા ઊભી થતાં સ્ત્રી ભોગની ઈચ્છા થાય, મન દ્વિધા અનુભવતુ  થઈ જાય કે આ ભોગોને ભોગવું ? જે થવાનું હશે તે થશે. અથવા આ ભોગોથી નારકી આદિના ભયંકર દુઃખો ભોગવવા પડશે માટે એને છોડી દઉં. આમ સંશય ક્ષુબ્ધ ચિત્તની અવસ્થા થાય છે.

(૨) અથવા ઉપાશ્રયમાં સ્ત્રીઓની અવરજવર ખૂબ રહેવાથી તથા સ્ત્રીઓના સંસર્ગ પરિચય કે સ્ત્રીઓ જોડે વાતો વગેરે (દરેક વાડમાં તે–તે સ્થાન લેવું) જોઈ અન્ય આગુંતકોને સાધુના બ્રહ્મચર્યમાં શંકા ઉત્પન્ન થાય. તેઓ વિચારે કે વિજાતીય સાથે આટલી બધી છૂટછાટપૂર્વક વર્તનાર સાધુ બ્રહ્મચારી કેવી રીતે હોઈ શકે?

(૩) અથવા સ્ત્રીઓથી અત્યંત અપહૃત ચિત્તથી પરમાત્માનો ઉપદેશ ભૂલી જવાય છે અને ભગવાને આ કામજ્વરનો કોઈ ઉપાય બતાવ્યો નથી અથવા આમાં ભગવાને જે દોષ કહ્યો છે તે કોઈ દોષ નથી એવા જિનવચનોમાં સંશયો થાય.

(૪) કાંક્ષા :– સ્ત્રીના ભોગની અભિલાષા ઈચ્છા થાય. અથવા સ્ત્રીઓના ભોગ વગેરેનો નિષેધ ન કરનારા અથવા પુષ્ટિ કરનારા અન્ય દર્શનોની ઈચ્છા થાય. જેમાં બ્રહ્મચર્ય પાલનની કડકાઈ ન હોય તેવા ધર્મની ઈચ્છા થાય.

(૫) વિચિકિત્સા : ધર્મ પ્રત્યે ચિત્ત વિહ્વળ થાય આટલા કષ્ટ વેઠ્યા પછી આનું ફળ મળશે કે નહિ ? એના કરતાં

આ મળેલ સુખને ભોગવવાં શું ખોટા ? આ રીતે વિચિકિત્સા થાય.

(૬) ભેદ :- આ રીતે આગળ વધતા ચારિત્રનો ભેદ એટલે વિનાશ પણ થાય છે. બ્રહ્મચર્ય ભંગથી ચારિત્રનો શીઘ્ર વિનાશ થાય છે. કેમ કે અન્ય વ્રતો સાપવાદ હોવાં છતા, બ્રહ્મચર્યવ્રત એ નિરપવાદ વ્રત છે. આમાં ભંગને શાસ્ત્રકારોએ કોઈ પણ રીતે ચલાવ્યો નથી.

(૭) ઉન્માદ :- સ્ત્રી-વિષયના અભિલાષના અતિરેકથી ચિત્ત વિપ્લવ થાય છે, તેથી ગાંડપણ આવી જાય છે દુનિયામાં પણ આવા અનેક દ્રષ્ટાંતો પ્રત્યક્ષ જણાય છે.

(૮) રોગાંતક :- સ્ત્રી-વિષયના અભિલાષના અતિરેકથી ખોરાક વગેરેમાં અરુચિ થાય, મનની અસ્વસ્થતા થાય. વળી જ્વરાદિ તથા દાહજ્વરાદિ રોગો થાય, ક્યારેક આતંક એટલે તુરંત જ પ્રાણ હરણ કરે તેવા શૂળાદિથી મૃત્યુની પણ પ્રાપ્તિ થાય.

(૯) કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટતા :- ક્યારેક આ રીતે અબ્રહ્મ તરફ આગળ વધતા જીવને અતિ ક્લિષ્ટ કર્મના ઉદય જાગે છે તેથી પરમાત્માએ બતાવેલ શ્રુત અને ચારિત્ર બંને પ્રકારના ધર્મથી ભ્રષ્ટ થવાય છે. ધર્મનો ત્યાગ પણ થઈ જાય છે સમ્યક્ત્વાદિથી પણ પતન થાય છે અને ધર્મપતન દ્વારા માત્ર આ લોક જ નહીં પણ પરલોકમાં પણ ઘોરાતિઘોર નરક-તિર્યંચાદિના ભયંકર દુ:ખો, નિગોદાદિમાં વાસ વગેરે પ્રાપ્ત થાય છે.

અહીં આ એક સ્થાનના અનાયતન વર્જન માટે જ કહ્યું



છે તે દશે સ્થાન માટે સમજવાનું છે. સૂત્રમાં દશસ્થાનમાં આ વાતો બતાવી છે પ્રત્યેક સ્થાનની અત્યંત દુષ્ટતા બતાવવા માટે તથા દરેકમાં અપાયો સરખા ભયંકર છે તે જણાવવા માટે દરેક સ્થાનમાં શંકાદિ દોષ બતાવ્યા છે.

માટે આ બ્રહ્મચર્યની નવવાડનું પાલન ખૂબ જ મહત્ત્વનું છે. તેમાં જરાય પ્રમાદ કરવા જેવો નથી.

> પુરુષ માટે સ્ત્રી જાત અને સ્ત્રી માટે પુરુષ જાત ડાકણ-વાઘણ-વાઘ સમાન છે. ભરખી જ નાખે, નરકનો રસ્તો લેવરાવે, માટે તો એને નરકની અગ્નિ ધખતી ભઠ્ઠીસમાન લેખવી જોઈએ. એનો પરિચય એટલે કાતિલ છૂરી.
>
> - પ.પૂ.ગુરુદેવશ્રી આ. ભુવનભાનુસૂરિ મ.

## ❈ બ્રહ્મચર્યના દશ સમાધિ સ્થાનોના ❈ પાલનના શ્રેષ્ઠ ફળો

બ્રહ્મચર્ય મુખ્ય ગુણ છે. મહત્ત્વનો ગુણ છે. પ્રધાન ગુણ છે એની રક્ષા માટે નવ વાડો શાસ્ત્રકારોએ બતાવી છે. ઉત્તરાધ્યયનમાં દશ સમાધિસ્થાનો, બતાવ્યા છે. આનું જેટલું સુંદર પાલન થાય તેટલી બ્રહ્મચર્યગુણની નિર્મળતા થાય છે. ચિત્તની ઉત્તમ સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. ઉત્તરાધ્યયનમાં આ દશે સમાધિ સ્થાનના પાલનના જે ઉત્તમ ફળ બતાવેલ છે તે વિચારીએ.

सुअं मे आउसं तेण भगवया एवमक्खायं इह खलु थेरेहिं भगवंतेहिं दसबंभचेर समाहिठाणा पन्नत्ता। जं भिक्खू सुच्चा निसम्म संजमबहुले, संवरबहुले, समाहिबहुले, गुत्ते, गुत्तिंदिए गुत्तबंभयारी सया अप्पमत्ते विहरिज्जा।।

ભાવાર્થ – વિવેચન, હે આયુષ્માન્ ! તે ભગવંતે આ પ્રમાણે કહ્યું છે તે મેં સાંભળ્યું છે અહીં આ પ્રવચનમાં આ શાસનમાં સ્થવિર ભગવંતો (ગણધર ભગવંતો) એ દશ બ્રહ્મચર્ય સ્થાનોને બતાવ્યા છે.

જે મુનિ આ બ્રહ્મચર્ય સ્થાનોને સાંભળીને તથા અર્થથી અવધારણ કરીને (પાલન કરે છે ) તે

૧) संयमबहुले સંયમની બહુલતા પ્રાપ્ત કરે છે અર્થાત્ સંયમને વિશુદ્ધ વિશુદ્ધતર કરે છે.

૨) संवरबहुले આશ્રવોના નિરોધરુપ સંવરની બહુલતા પ્રાપ્ત કરે છે. જે આશ્રવો એટલે કર્મબંધના સ્થાનો છે. તેનાથી નિવૃત્તિ પ્રાપ્ત કરે છે.



૩) समाहिबहुले :- ચિત્તની સ્વસ્થતારુપ સમાધિની બહુલતા વિશાળતા પ્રાપ્ત કરે છે.

બ્રહ્મચર્યનું સૌથી મોટું અનંતર ફળ છે ચિત્તની સ્વસ્થતા– પ્રસન્નતા...

અત્યંત સુખની શ્રેષ્ઠ સામગ્રી વચ્ચે રહેલા દેવો પણ ચિત્તની અસ્વસ્થતાના કારણે દુ:ખી છે જ્યારે ભિક્ષાથી જીવન જીવતાં, મકાન વગરના, જીર્ણ વસ્ત્રોવાળા એવા પણ મુનિઓ ચિત્તની સ્વસ્થતાના કારણે અત્યંત સુખી છે. બ્રહ્મચર્ય એ ચિત્તની સ્વસ્થતા પ્રાપ્ત કરવાનું અમોઘ સાધન છે.

૪) गुत्ते :- મન, વચન, કાયાની ગુપ્તિ થાય છે. અશુભથી નિરોધ અને શુભમાં પ્રવૃત્તિ એ ગુપ્તિનું લક્ષણ છે અર્થાત્ આ દશ સમાધિ સ્થાનના પાલન દ્વારા સહેલાઈથી મન–વચન–કાયા ત્રણે અશુભમાંથી નિવૃત્ત થાય છે અને શુભમાં પ્રવૃત્ત થાય છે.

૫) गुत्तिंदिए :- ગુપ્તેન્દ્રિય – ઈન્દ્રિયોની ગુપ્તિ થાય છે. શ્રોત્રાદિના વિષયોની પ્રવૃત્તિથી ઈન્દ્રિયોનું રક્ષણ થાય છે.

૬) गुत्तबंभयारी :- બ્રહ્મચર્યની નવ વાડોના પાલનથી નિર્મળ બ્રહ્મચર્યધારી બને છે.

અને આવો સંયમી નિર્ગ્રંથ સદા અપ્રમત્તપણે વિચરે છે. અપ્રતિબદ્ધવિહારી બને છે.

एतेन दशब्रह्मचर्यसमाधिस्थानफलमुक्तम्। एतदविनाभावित्वा-त्तस्येति।

આથી દશ બ્રહ્મચર્ય સમાધિ સ્થાનનું ફળ કહ્યું આ દશ સમાધિસ્થાન વિના ઉપરોક્ત સંયમબહુલાદિ ફળની પ્રાપ્તિ થતી નથી.

અહિં હવે વિશેષ ભાવિત થવા બ્રહ્મચર્ય સમાધિ સ્થાનની ગાથાઓ પણ સાર્થ વિચારીએ.

जं विवित्तमणाइन्नं, रहियं थीजणेण य।
बंभचेरस्स रक्खट्ठा आलयं तु निसेवए।।

૧) વિવિક્ત એટલે એકાંત જ્યાં સ્ત્રીઓ ન રહેતી હોય તેવા તથા

૨) અનાકીર્ણ એટલે તેવા તેવા પ્રયોજનથી પણ સ્ત્રીઓની અવરજવરથી અનાકુળ (અવ્યાપ્ત)

૩) વંદન શ્રવણાદિ નિમિત્તે પણ અકાળે આવતી સ્ત્રીઓથી રહિત 'च' શબ્દથી પંડક, ષિડ્ગાદિ પુરુષોથી પણ રહિત એવા આલય (સ્થાનને) મુનિઓ સેવે.

मणपल्हायजणणीं, कामरागविवङ्खणीं ।
बंभचेररओ भिक्खू थीकहं तु विवज्जए ।।

મનના આનંદને ઉત્પન્ન કરનારી તેથી જ કામરાગને વધારનારી તેવી સ્ત્રીકથાઓનું એટલે સ્ત્રીને લગતી કથાઓનું બ્રહ્મચર્યમાં રક્ત મુનિ વર્જન કરે, છોડી દે તથા સ્ત્રીઓ સાથે પણ કથા ન કરે.

समं च संथवं थीहिं संकहं च अभिक्खणं।
बंभचेररओ भिक्खू निच्चसो परिवज्जए।।

સ્ત્રીઓ સાથે બેસવું એક જ આસનનો ઉપભોગ કરવો, સ્ત્રીઓનો પરિચય કરવો, તથા સ્ત્રીઓ સાથે સતત વાતચીતો કરવી વગેરેનું બ્રહ્મચર્યમાં રક્ત મુનિ હંમેશા વર્જન કરે.



अंगपच्चंगसंठाणं, चारुल्लवियपेहियं ।
बंभचेररओ थीणं चक्खूगिज्जं विवज्जए ।।

સ્ત્રીઓના મસ્તક, હાથ, પગ વગેરે અંગો તથા સ્તન, કક્ષા (બગલ) વગેરે પ્રત્યંગ તથા કેડ પર હાથ મૂકીને ઊભી રહેલ હોય વગેરે તેવી આકૃતિઓ, અથવા અંગ-પ્રત્યંગની આકૃતિઓ, કામવર્ધક ઉદ્ગારો વખતે થતા મુખ વગેરેના વિકારો, સ્ત્રીઓની કટાક્ષ દ્રષ્ટિ વગેરે ચક્ષુગ્રાહ્ય ન કરે અર્થાત્ જુવે નહિ ક્યારેક દૃષ્ટિ પડી જાય તો તુરંત પાછી ખેંચી લે. દૃષ્ટિથી એનું વર્જન કરે પણ રાગવશ થઈને વારંવાર તે જોયા ન કરે.

कुइयं रुइयं गीयं, हसियं थणिय कंदियं।
बंभचेररओ थीणं, सोअगिज्झं विवज्जए।।५।।

ભીંતના કે પડદાના આંતરેથી સ્ત્રીઓના રુદન ગીત, હાસ્ય, સ્તનિત, ક્રંદિત વગેરે (વચનો) બ્રહ્મચર્યમાં રક્ત મુનિ શ્રવણ ગોચર ન કરે. સાંભળે નહિ. અર્થાત્ આવા સ્થાનનું વર્જન કરે જેમાં ભીંતના આંતરે સ્ત્રીઓના વાસ હોવાના કારણે વારંવાર ઉપરોક્ત વચનો નીકળ્યા કરે.

हासं किड्डं रई दप्पं, सहसावत्तासियाणि य।
बंभचेररओ थीणं नाणुचिंते कयाइ वि।।६।।

બ્રહ્મચર્યમાં રક્ત સાધુ સ્ત્રીઓ સાથે પૂર્વે કરેલા હાસ્ય મશ્કરીઓ, તેના અંગના સંગથી ઉત્પન્ન થયેલ પ્રીતિ, સ્ત્રીઓના ગર્વ ખંડન, તેમની આંખો સ્થગિત કરવી, મર્મઘટનાદિ અથવા સ્ત્રીઓ સાથે કરેલ ભોજન, બેઠક અથવા ભોગવેલ ભોગ વગેરે બધું પૂર્વે ક્રીડિત ક્યારે પણ યાદ કરે નહિ, વિચારે પણ નહી.

पणीयं भत्तपाणं च खिप्पं मयविवड्ढणं।
बंभचेररओ भिक्खू णिच्चसो परिवज्जए।।७।।

પ્રણીત એટલે વિગઈઓથી ભરપૂર ભોજન-પાણી જે કામનો ઉદ્રેક કરે, વૃદ્ધિ કરે તેવા મીઠાઈ-મેવા પકવાન્ન વગેરે ભોજનનું કે વિગઈઓનું બ્રહ્મચર્યમાં રક્ત મુનિ હંમેશ માટે વર્જન કરે. અહીં મુનિઓને મુખ્યતયા અશન-પાનનો-ઉપભોગ હોય છે તેથી બેની વાત કરી, પણ સ્વાદિમ ખાદિમ પણ જો તેવા કામવર્ધક હોય તો તેનો પણ ત્યાગ કરવો.

धम्मलद्धं मियं काले जत्तत्थं पणिहाणवं।
णाइमत्तं तु भुंजिज्जा बंभचेररओ सया।।८।।

બ્રહ્મચર્યમાં રક્ત મુનિ ધર્મના હેતુ માટે (ધર્મની આરાધના નિરતિચાર કેમ થાય એ હેતુથી) અથવા ધર્મના લાભથી પ્રાપ્ત કરેલ પરિમિત ભોજન સંયમના નિર્વાહ માટે સ્વસ્થતાપૂર્વક (રાગદ્વેષ વિના) યોગ્યકાળે કરે પણ અતિમાત્રાએ ભોજન ન કરે.

विभूसं परिवज्जिज्जा, सरीरपरिमंडणं।
बंभचेरओ भिक्खू सिंगारत्थं न धारए।।९।।

ઉત્કૃષ્ટ વસ્ત્રાદિ ઉપકરણની શોભા, તથા વાળ, દાઢી, મુછ વગેરેની સમારચના, શરીરની શોભા વગેરે વિભૂષા બ્રહ્મચર્યમાં રક્ત મુનિ વિલાસ માટે ન કરે.

सद्दे रुवे य गंधे य रसे फासे तहेव य।
पंचविहे कामगुणे निच्चसो परिवज्जए।।

શબ્દ, રુપ, ગંધ, રસ, સ્પર્શ આ પાંચ કામના ગુણો



છે. કામના સાધનો છે. કામના ઉપકારક એટલે વૃદ્ધિ કરનારા છે એનો હંમેશ ત્યાગ કરવો.

હવે છેલ્લે ઉપસંહાર કરતાં કામભોગોની દુર્જયતા બતાવી તેને હંમેશ માટે સર્વ પ્રકારે છોડવા ઉપદેશ કરે છે.

दुज्जए कामभोगे य, णिच्चसो परिवज्जए।
संकाठाणाणि सव्वाणि वज्जिज्जा पणिहाणवं।।

કામભોગો દુર્જય છે. જીતવા અતિ મુશ્કેલ છે આવા કામભોગોને હંમેશ માટે સર્વ પ્રકારે છોડવા તથા પૂર્વ કહેલા દશે શંકાસ્થાનોનું પણ એકાગ્રચિત્તથી મનથી પણ વર્જન કરવું, અન્યથા આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, વિરાધના દોષો ઉત્પન્ન થાય છે. તે આ રીતે

૧) આ દશે સ્થાનો છોડવાની પ્રભુની આજ્ઞા છે તેથી તેનું વર્જન ન કરવાથી આજ્ઞાભંગ.
૨) એકે કર્યું તે જોઈ બીજા કરે આમ અન્ય મુનિઓ પણ બ્રહ્મચર્યના પ્રતિપક્ષી સ્થાનોનું વર્જન ન કરે તેથી અનવસ્થા.
૩) આવા સંયમભેદક સ્થાનોનું પણ વર્જન ન થવાથી પરિણામ કઠોર થાય એટલે મિથ્યાત્વ.
૪) વળી આ સ્થાનોને સેવવાથી હિંસાદિ અનેક પ્રકારની વિરાધનાઓ પણ ઊભી થાય છે.

આમ આ દશે બ્રહ્મચર્ય સમાધિ સ્થાનનું પાલન ન કરવાથી મહાદોષોના ભાગીદાર થવાય છે. જ્યારે આનું પાલન કરવાથી મહાન ગુણોની પ્રાપ્તિ દ્વારા શીઘ્ર નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે. માટે સૌ મોક્ષાર્થી જીવોએ આ દશ સમાધિ સ્થાનનું હંમેશ પાલન અવશ્ય કરવું.

બ્રહ્મચર્યનો પ્રભાવ

देवदाणवगंधव्वा जक्खरक्खसकिन्नरा।

बंभयारिं नमंसंति, दुक्करं जे करेंतिं तं।।

દેવ એટલે વૈમાનિક, જ્યોતિષ દેવો, દાનવ એટલે ભવનપતિ દેવો, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર, વગેરે વ્યંતરદેવો આમ ચારે નિકાયના દેવો દુષ્કર એવા બ્રહ્મચર્યનું પાલન કરતા બ્રહ્મચારી મુનિઓને નમસ્કાર કરે છે.

આખા અધ્યયનનો ઉપસંહાર કરતા ઉત્તરાધ્યયન સૂત્રકાર જણાવે છે.

एस धम्मे धुवे निच्चे, सासए जिणदेसिए।

सिद्धा सिज्झंति चाणेणं, सिज्झिस्संति तहापरे।।

આ બ્રહ્મચર્યનો ધર્મ ધ્રુવ છે, નિત્ય છે શાશ્વત છે, પરમાત્મા જિનેશ્વર દેવોએ પ્રતિપાદન કરેલો છે.

આ બ્રહ્મચર્ય ધર્મના પ્રભાવથી ભૂતકાળમાં અનંતા જીવો સિદ્ધ થયા છે (મુક્તિને પામ્યા છે.) વર્તમાનમાં પણ અનેક સિદ્ધ થાય છે. (મહાવિદેહ ક્ષેત્રમાં) અને ભવિષ્યમાં પણ અનંતા જીવો સિદ્ધ થશે.

> વૈતરણીની વેદના માંહે,
> વ્રત ભાંગે તે પેસે ।
> વિરતિને પ્રણામ કરીને,
> ઇંદ્ર સભામાં બેસે. ॥



## ❊ સૂરિ પ્રેમના સુધારસ વચનો ❊

– પં. શ્રી ચંદ્રશેખર વિજયજી ગણિવર્ય

(સંવત ૨૦૨૦ માં સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ પિંડવાડામાં ચાતુર્માસ કર્યુ તે વખતે પૂજ્યપાદશ્રીની ગ્લાનાવસ્થામાં પૂ. પં. ચંદ્રશેખર મ. (તે વખતે મુનિ) એ ખૂબ સેવા ભક્તિ કરી તેઓ પૂજ્યપાદશ્રીના પરિચારક તરીકે રહ્યા તે વખતે પૂજ્યપાદશ્રીના હૃદયમાંથી અવારનવાર નિકળેલ અમૃતવાણીનો તેઓએ સંગ્રહ કરેલ. 'અલખવાણી' નામની પુસ્તિકા તરીકે પ્રકાશિત થયેલ છે તેમાંથી કેટલાક ઉદ્ગારોને અત્રે રજુ કરીએ છીએ.)

૧) સાધુઓ ! મારી સેવા ભક્તિ કરીને તમે તો એકાંતે નિર્જરા કરી રહ્યા છો પણ હું તો કર્મનો બંધ જ કરતો હોઈશ ! આ સેવાના ફળ રુપે તમોને વિશુદ્ધ સામાચારીમય સંયમ ધર્મની સિદ્ધિ થાઓ અને ભગવંતના શાસનની ખૂબ ખૂબ રક્ષા કરો એવી મારી તમને આશિષ છે.

૨) અનાદિ કાળથી વિષય-કષાયની વાસનાઓ આપણને પકડી પકડીને પટકે છે, મારે છે. એનાથી ખૂબ સાવધાન બની જાઓ. શરીર સારુ હોય તે વખતે જ સંયમમાં ખૂબ સ્થિર રહેશો તો જ સમાધિમરણ પ્રાપ્ત થશે.

૩) વિષય-કષાયને ઉદયમાં આવતા જ નિષ્ફળ બનાવજો. વિષય-કષાયનું નિમિત્ત મળે તે વખતે ચિત્તને ખૂબ સ્વસ્થ રાખીએ તો જ વિષયકષાયોને નિષ્ફળ બનાવ્યા કહેવાય. જો સ્વસ્થ નહિ રહીએ તો ઉદયાવલિકામાં પ્રવેશી જઈને કાળા કરમ બંધાવ્યા વિના રહેશે નહિ.

૪) રાગદ્વેષની પરિણતિ દૂર કરવા જિનાજ્ઞાને સમર્પિત થાઓ. તેમાંય રાગાદિના નિમિત્તોથી દૂર રહીએ તો રાગાદિની પરિણતિ જલ્દી મંદ પડી જાય. પાંચેય ઈન્દ્રિયોના વિષયો યુવાનને જ નડે તેમ નહિ. વૃદ્ધને ય નડે. માટે દરેકે આવતા વિષય ત્યાગી દેતા શીખવું.

૫) વૃદ્ધાવસ્થામાં પણ જો કોઈ ઈન્દ્રિય પજવતી હોય તો તે રસના છે. માટે જ ઈન્દ્રિયોમાં રસનાને ભયંકર કહી છે શરીર બગડતું હોય તો પણ રસના કુપથ્ય કરવા તૈયાર છે માટે ઈન્દ્રિયો બહુ ભયંકર છે. રોગાદિની તીવ્ર વેદના શરુ થઈ જાય પછી એ વખતે એનો ઉદય નિષ્ફળ કરવાનું કામ ઘણું કઠિન છે.

૬) દોષોથી હંમેશા ભયભીત રહેજો. દોષો સેવવા પડે તો ય ત્રાસ અનુભવજો. અપવાદનું સેવન પણ ઉત્સર્ગની રક્ષા માટે છે. જો દોષો સેવતાં પરિણામ બગડી જશે, તો ઉત્સર્ગની રક્ષા શી રીતે થશે? જો આ કાળજી નહી રાખો તો સંયમ હણાશે. તમે સાધુ થયા એટલે બહુ મોટી જવાબદારીવાળા થયા. એ જવાબદારી અદા નહિ કરો તો કર્મસત્તા કાઢી નાંખશે.

૭) જાતે જેટલું સુંદર જીવન જીવશો એની જ અસર બીજાઓ ઉપર પડશે. ભક્તિના ઉલ્લાસથી જો સેવા કરશો તેનું જ ફળ મળશે. શુષ્ક ચેષ્ટાનું કાંઈ ફળ નહિ મળે. શરીરને આપણો પાડોશી માનજો. માલિક ન બનાવશો. આત્માને ઉન્માર્ગે ચાલ્યો જવા ન દેવો હોય તો વિચારોથી ખૂબ જ ભાવિત કરજો. દેહની મમતામાં રાચશો નહિ. એ મમતાને મુકશું તો જ આરાધના થશે. આરાધનાની વાતો કરવાથી બીજા નહિ પામે. તમારા કલ્યાણમાં જો કોઈ સહાયક હોય તો તે વૈદ્ય ડોક્ટરો



નથી પણ મુનિવરો છે માટે એમની ઉપર ખૂબ ભક્તિભાવ રાખજો. ખાવા-પીવાના અનાદિ સંસ્કારો ભૂંસી નાંખજો. એણે જ આપણને સંસારમાં ભમાવ્યા છે. આપણા શત્રુની આપણે પુષ્ટિ કરશું ? એ તો કેમ ચાલે ? જાતની કાળજી રાખીને બીજા બધા મુનિવરોની, જીવ માત્રની કાળજી રાખજો, ગ્લાન સેવાની કદી ઉપેક્ષા કરશો નહિ.

**જેવી કાળજી મારી કરો છો તેવી જ કોઈ પણ મુનિની કરજો. ત્યાં નાના મોટાનો વિચાર કરશો તો વિરાધક થશો.**

૮) આંતરશત્રુઓ ક્ષણે ક્ષણે આપણને પજવી રહ્યા છે. એનાથી બચવા માટે તો આપણે મુનિ થયા. એને આધીન થવા માટે નહિ. શી રીતે એ પજવણીથી બચીશું ? એ વિષય-કષાયની વાસનાઓને કાબુમાં લીધા વિના બચવું શક્ય છે, ખરું? વાસનાઓને છુટી મુકી દેવાથી એ કાબુમાં આવશે કે આપણું જ ઘર ભાંગશે?

૯) મુનિઓ! મને એવી નિર્યામણા કરાવજો કે હું મારા સ્વરુપને ભૂલું નહિ. પાડોશી શરીરને પાડોશી જ માનું. મને દેહની મૂર્ચ્છાથી બચાવજો. અને છેલ્લા સમય સુધી સમાધિ આપજો. મને એવી સુંદર આરાધના કરાવો એ જ મારી એકની એક ઈચ્છા છે. તમે પણ એવી આરાધનાથી ભરપૂર મુનિજીવન પ્રાપ્ત કરજો અને સિદ્ધ પરમાત્માથી પડેલું સાત રાજલોકનું આંતરુ મીટાવી દેજો. આત્મા ખુદ જાગતો રહે તો સમાધિમાં રહે, અંતરમાં જાગૃતિ ન હોય તો કાંઈ ન વળે.

૧૦) રહીશ તો આરાધના કરીશ. જઈશ તો મને કશું દુઃખ નથી. તમારી પણ મને ચિંતા નથી કેમકે મને ખાત્રી

છે કે તમો બધા સંયમની સુંદર આરાધના કરવાના જ છો.

બીજી વ્યક્તિના વ્યાધિની, તેની વેદનાની અસર જોનાર વ્યક્તિને કેટલી થાય? નહિવત્, તેવી જ રીતે આ દેહ પણ પરવ્યક્તિ છે. તેમાં ઉત્પન્ન થતા વ્યાધિ વગેરેની અસર આત્માને નહિવત્ થવી જોઈને ને?

૧૧) રમણભાઈ :– ગુરુદેવ! આપશ્રીના સાધુઓ જ્યાં જાય છે ત્યાં સંયમની સુવાસ ફેલાવે છે.

પૂજ્યપાદશ્રી :– મારી ગેરહાજરીમાં પણ એવી જ સ્થિતિ જળવાઈ રહેવી જોઈએ એટલું જ નહિ પણ એથી ય વધુ સંયમબળ કેળવીને પરમાત્મા શાસનની સેવા કે રક્ષા ખાતર પોતાની સઘળી અનુકૂળતાઓને ચગદી નાંખવા તૈયાર રહેવું જોઈએ. **એ સિવાય માત્ર વ્યાખ્યાનો કરીને કે ભક્તો બનાવીને શાસનની સુરક્ષા થઈ જાય તેવું હું કદાપિ માનતો નથી.**

૧૨) ખૂબ વિચાર કરતા મને લાગ્યું છે કે આશ્રિતોને દોષ મુક્ત કરવા માટે તેના દોષોનું પ્રકાશન કરવા જઈએ તો તેથી નુકશાન જ થાય છે, તે માટે હંમેશા દરેકને વાત્સલ્ય જ આપવું જોઈએ વાત્સલ્ય એ વશીકરણ છે, મોહિની વિદ્યા છે. વાત્સલ્યથી વશ થયેલાને જે કોઈ દોષ બતાવશો તે દોષ તરત જ દૂર કરી દેવા સ્વયં તત્પર બની જશે. બીજી વાત એ છે કે તે માટે આપણે પણ વધુને વધુ દોષમુક્ત બનવું પડશે. આ બે વાતોનો અમલ કર્યા વિના આશ્રિતોના જીવનની રક્ષા કરવાની જવાબદારીમાં કોઈ પણ વડીલ સફળતા મેળવી શકે નહિ.



૧૩) આજે બેસતું વર્ષ છે. સંયમની રક્ષા માટે હૈયામાં કોઈ પણ અશુભ વિચાર જન્મ્યો હોય અથવા ઈરાદાપૂર્વક અવ્રત સેવાઈ ગયુ હોય તો તેની શુદ્ધિ તરત કરી લેજો. અનાદિકાળના વિષય–કષાયો આત્માને લાગેલા છે. વીતરાગપ્રાયઃ ઉપશમ શ્રેણિગત મુનિને પણ તે પછાડે છે. નિગોદમાં પટકે છે. વિષય–કષાયોની નિવૃત્તિ હૈયાથી નહિં કરો તો ઘણું નુકસાન થશે. ચિત્તમાં અસમાધિ રહે છે તેનું કારણ પણ વિષય–કષાય જ છે. એની ભયાનકતા આપણા હૈયામાં બરાબર લાગવી જોઈએ. જેને એની ભયાનકતા નહિ સમજાય તેને માટે વિકાસ શક્ય નથી.

૧૪) આપણને સૌથી વધુ પજવે છે દેહની મૂર્છા. શરીર તો આપણું પાડોશી છે. પાડોશીને સોય વાગે તે વખતે આપણે ચીસ પાડીએ છીએ ? તે જ રીતે શરીરરૂપી પાડોશીને સોય વાગે તેમાં આપણને કાંઈ જ ન થવું જોઈએ.

૧૫) વાસનાઓના ઉદયને નિષ્ફળ નહિ કરો તો વિશ્વમાં સર્વત્ર ભટકશો. ભૂલ થાય તે બને, પણ ભૂલનું પ્રાયશ્ચિત્ત અવશ્ય કરી લેવું. જે કોઈ સુયોગ્ય પાત્ર હોય તેની પાસે શુદ્ધિ કરી લેજો. શુદ્ધ દિલથી તમે તેવા સુપાત્રને કહેશો તો તે વ્યક્તિ બીજાને કહી દેશે તેવો ડર રાખશો નહીં. કેમકે બીજાને કહી દેનાર અનંત સંસારી બને છે એવું શાસ્ત્રવચન છે. આ જવાબદારીનો ખ્યાલ પ્રાયશ્ચિત્તદાતાને હોય છે. એટલે જ્યારે પણ હિંસાનો ક્રૂર (વિચાર) પરિણામ, મૃષા ભાષણ, પુછ્યા વિના કોઈની વસ્તુ ઈરાદાપૂર્વક લઈ લેવાય, મોહનો કોઈ ઝપાટો લાગી જાય, વસ્તુ પર મૂર્છા થાય તો તે બધાયનું

પ્રાયશ્ચિત્ત શુદ્ધ દિલથી વડીલગુરુ આગળ કરી દેજો. જો સંયમપાલન શુદ્ધ કરવું હોય તો લાગતા દોષોથી તરત મુક્ત થવાનું શીખજો. જો દોષોની શુદ્ધિ નહીં થાય તો દોષો વધતા જશે. હૈયું નિષ્ઠુર બનશે.

૧૬) વડિલોએ પણ ખ્યાલ રાખવો કે, આશ્રિતો અનાદિના સંસ્કારો લઈને જ આવ્યા છે. એને વધુ પડતા નજરે રાખશો તો કષાય થશે. પછી આશ્રિતોને આરાધના કરાવી શકશો નહિ. એટલે આશ્રિતોના અનાદિ સંસ્કારોને મનમાં રાખીને બહારથી વાત્સલ્ય રાખીને અવસરે જરૂર કહેતા રહેવું. આ પદ્ધતિ અપનાવશો તો આશ્રિતોને આરાધના કરાવી શકશો. જુઓ ભાઈ ! આટલું કહેવામાં મેં કોઈને દિલદુ:ખ કરાવ્યું હોય તો મિચ્છામિ દુક્કડમ્... !

૧૭) જો વડિલોએ શિષ્યોનું જીવન સુધારવું હોય તો તેમણે બે વાતનો અમલ કરવો જ પડશે. એક તો તેમણે પોતાનું જીવન ત્યાગ–તપ–સ્વાધ્યાયમય બનાવવું અને શિષ્યોને અંગત રીતે ખૂબ જ વાત્સલ્ય પ્રદાન કરવું. એના શરીરની પણ કાળજી રાખવી. એની સાથે સમય કાઢીને વાત પણ કરવી. વાત્સલ્યથી વશ થયેલો શિષ્ય તમે કહેશો તે સઘળું કરવા તૈયાર થશે. **આદર્શજીવન અને વાત્સલ્ય એ બે ય વિનાનું વડીલપણું માત્ર નામનું જ વડીલપણું કહેવાશે.**

૧૮) સાધુઓમાંના ઘણા સાધુઓ યુવાન છે. માથે ઘણું જોખમ છે. એને વડિલોએ સારી રીતે અદા કરવું પડશે. માત્ર નવા સાધુઓ બનાવવાનો ઉત્સાહ ન ચાલે.

૧૯) તમે બધા સંયમી છો. સંયમી એટલે જિનને,



જિનાજ્ઞાને વફાદાર, ગુરુને પરાધીન. પરાધીનતા વિના સંયમની રક્ષા મુશ્કેલ છે. તમારા જેવાને સારા સારા વડીલો મળ્યા છે. હું તો આજે છું ને કાલે નથી. સહુને જવાનું છે. જતાં જતાં ય આરાધનામાં ક્ષતિ ન પહોંચે તેની ખૂબ કાળજી મારે તમારી રાખવાની છે. ક્ષતિ પહોંચે તો પણ તેની શુદ્ધિ કરવી જોઈએ. જેનો અપરાધ થયો હોય તેને પણ તમારે ખમાવી દેવા જોઈએ. હું તો હવે રિટાયર્ડ માણસ છું ! તમારા બે વડીલો યશોદેવસૂરિ તથા ભાનુવિજય છે. તમારી બધી આરાધના સુંદર થાય એ જ તેમની જોવાની ઈચ્છા છે. આવા ત્યાગી–તપસ્વી વડિલો તમને મહાસદ્ભાગ્યે પ્રાપ્ત થયા છે. એમની ઉપેક્ષા એ તમારી જાતની ઉપેક્ષા ગણાશે.

૨૦) બહાર સમુદાયની જે છાયા છે એને ટકાવવાનું ધ્યાન વડીલોએ રાખવાનું છે. વડીલોએ પણ બધાને વાત્સલ્યભાવમાં લઈને સુધારવાનો યત્ન કરવો. હતાશ થવું નહિ. વાત્સલ્યથી દાબીને પણ કહેવું. આમ નહિ કરો તો પાછળથી સાધુઓ પક્ષપાતનો આક્ષેપ કરશે. અનેક પ્રકૃતિવાળા જીવો હોય છે. નાનાઓએ કહે તે કરવાનું ! એક જ વાત રાખવી. મોટાએ વાત્સલ્યથી કામ લેવાનું.

નાનાઓ મોટાની વાતોમાં ઘણા તર્કો લગાડતા થયા છે, પણ તે બિલ્કુલ બરોબર નથી. અરે ! મોટાની દસ વાતોમાંથી નવ વાતોમાં નાનાનો તર્ક સાચો પણ પડે પણ એકમાં તો ખોટો પડે નહિં કે ? તેમ થાય તો એ સાધુ મહાપાપનો ભાગીદાર ન થાય ? આમાંથી બચવા નાનાની એક જ ફરજ છે કે તેણે કોઈપણ તર્ક કર્યા વિના મોટાની બધી જ વાત માની લેવી.

૨૧) જીવનનો વિકાસ કરવા માટે ૧. હું કોણ છું ? ૨. હું ક્યા સ્થાને છું ? અને ૩. હું કેવા મહાત્માઓની પરંપરામાં છું ? આ ત્રણ પ્રશ્નો તમારા આત્માને રોજ પૂછો. હું તો ઘણીવાર મારી જાતનો આ પ્રશ્નોથી વિચાર કરું છું અને મારા આત્માને સાવધાન બનાવવા પ્રયત્ન કરું છું.

**૨૨) બ્રહ્મચર્ય અતિ દુષ્કર છે. આ વિષયમાં હું કોઈ સાધુ ઉપર પણ જલ્દી વિશ્વાસ નથી મૂકતો. આ વસ્તુ જ એવી છે કે, એક ક્ષણ પછીની મારી જાત ઉપર પણ હું વિશ્વાસ ન મૂકું.**

૨૩) સાધુઓ ! તમારામાંના ઘણા સારી શક્તિવાળા અને પુણ્યબળવાળા છે. માટે જો બધા સંગઠિત રહેશો તો શાસનની ખૂબ સારી સેવા કરી શકશો. તમારે પૈસાની ભીખ ન માગવી પડે એ માટે પણ હું પ્રસંગ પામીને વ્યવસ્થા કરવા માંગું છું. જો એક બે વર્ષ જીવતો રહીશ તો જરૂર એવી કોઈ વ્યવસ્થા કરી દઈશ.

આજે તમે ૧૦૦-૧૦૦ સાધુઓ સાથે રહો છો છતાં કોઈ દિવસ કોઈપણ લડતા-ઝઘડતા નથી એટલું જ નહિ પરસ્પર ખૂબ પ્રેમથી રહો છો, એથી મને ખૂબ આનંદ થાય છે.

૨૪) શરીરનો કદિ વિશ્વાસ કરવો નહિ. એને ગમે તેટલું આપો, ગમે તેટલું પોષો પણ એ જાત જ દગાખોરની છે. દગો દીધા વિના તે રહે જ નહિં. એની પાછળ જેટલી મહેનત કરીએ છીએ તેના હજારમાં ભાગ જેટલી મહેનત પણ પરમાત્માની ભક્તિ પાછળ કરીએ, ક્ષીર-નીરની પેઠે પ્રભુ સાથે એકમેક થઈ જઈએ તો કેવું આત્મકલ્યાણ થઈ જાય ?



૨૫) હવે આ શરીર જીર્ણ થયું છે. ખખડ્યું છે. એની ખાતર અગ્નિ આદિના મહારંભો કેમ કરી શકાય ? હવે તો આરાધના કરી લેવાનો વિચાર થાય છે. મહાપુરુષોના જીવનો તરફ લક્ષ્ય લઈ જવું જોઈએ. અરે ! મારા સમુદાયમાં જ ક્યાં એવી આદર્શ આરાધનાઓ નથી થઈ ! વિભાકરવિજયે તો કેવી ઉત્તમ આરાધના કરી હતી ! મને પણ થાય છે કે હવે એકેકા ઉપવાસનું પચ્ચક્ખાણ રોજ કરું !

## ❊ અનુશાસ્તિ સંવેગરંગશાળા ❊

(નિવૃત્ત થતા ગચ્છાધિપતિએ પોતાની પાટે સ્થાપિત કરેલા નૂતન ગચ્છાધિપતિને તથા મુનિઓને જે હિતશિક્ષા આપી છે તેમાં વિજાતીયના સંસર્ગના અપાયો બતાવેલ છે, તેનું અવતરણ કરેલ છે. )

આમ સાધુઓને હિતશિક્ષા આપતા આપતા જુના ગચ્છાધિપતિ નવા ગચ્છાધિપતિને વચ્ચે કહે છે– હે યતિપ્રભુ ! તમે પણ એક ક્ષણ સાંભળો.

સાધ્વીનો સંસર્ગ તમે સદા વર્જજો. જેમ અગ્નિનો સંસર્ગ કરનાર વ્યક્તિ બળી જાય છે, જેમ ઝેર ખાનાર મનુષ્ય મરી જાય છે, તેમ સાધ્વીનો સંસર્ગ કરનાર સાધુ અવશ્ય પતન પામે છે. સાધ્વીને અનુસરનારો સાધુ નિંદનીય બને છે. સાધુ કદાચ ઘરડો પણ હોય, કદાચ તપસ્વી પણ હોય, કદાચ બહુશ્રુત પણ હોય, પણ જો એ સાધ્વીના સંસર્ગમાં પડ્યો તો લોકમાં એ નિંદનીય બને છે. એમ ના સમજતા કે બહુ તપસ્વીને કે બહુ જ્ઞાનીને કે ઘરડાને સાધ્વીસંસર્ગ કંઇ કરી શકતો નથી. આ તો બહુ લપસણુ પગથિયું છે. એ તો

ભલભલાને ધૂળ ચાટતા કરી દે છે. એને એના તપની કે જ્ઞાનની કે ઘડપણની પણ શરમ પડતી નથી. સાધ્વીના સંસર્ગથી થયેલી શરુઆત સાધુના પતનમાં પરિણામ પામે છે. જો ઘરડા, તપસ્વી અને બહુશ્રુત સાધુ પણ સાધ્વીના સંસર્ગથી નિંદનીય બનતા હોય તો યુવાન સાધુ, જેની પાસે વિશિષ્ટ તપ નથી એવા સાધુ, જેની પાસે વિશિષ્ટ જ્ઞાન નથી એવા સાધુ તો સાધ્વીસંસર્ગથી અવશ્ય નિંદનીય બને છે.

સાધુએ સંપૂર્ણ સંસાર છોડી દીધો છે.એને કોઈની અપેક્ષા નથી. એનો આત્મા પોતાના વશમાં હોય છે. દુન્યવી પ્રલોભનોમાં એ આકર્ષાતો નથી. એ સાધુ જો સાધ્વીને અનુસરે તો પોતાના વશમાં રહી શક્તો નથી. પછી એ સાધ્વીને પરાધીન બની જાય છે. એના કહ્યા મુજબ બધું કરવા લાગે છે.

સાધ્વીનો સંસર્ગ સાધુને આ સંસારમાં બાંધી રાખે છે, એમાંથી છૂટવા નથી દેતો. સાધ્વીઓ સાથે જેમ જેમ સંસર્ગ વધે તેમ તે સાધુને તેઓ ભાવસન્માર્ગમાંથી સ્ખલિત કરી દે છે. સાધુ પોતે ભલેને દૃઢ મનોબળવાળો હોય પણ સાધ્વીના સંસર્ગમાં આવ્યા પછી એનું મન ધીમે ધીમે ઓગળવા લાગે છે. જેમ અગ્નિની નજીક આવતા ઘી પીગળી જાય તેમ સાધ્વીના સંસર્ગમાં આવતા સાધુનું દૃઢ મન પણ પીગળવા લાગે છે. એક દિવસ સાધ્વીઓ જેની નજીક જતા ડરતી હતી, તે જ સાધુ સાધ્વીના સંસર્ગથી સત્ત્વહીન થઈ સાધ્વીનો ગુલામ થઈ જાય છે અને એમના ઈશારા પ્રમાણે નાચવા લાગે છે.

સાધ્વીઓની જેમ શેષ સ્ત્રીઓનો સંસર્ગ પણ દૂરથી વર્જજો. સ્ત્રીનો સંસર્ગ એ ઈંદ્રિયદમનરૂપી લાકડાને બાળીને રાખ કરી



નાખે છે. સ્ત્રી એ તો નરકમાં લઈ જનારી દીવડી છે. સ્ત્રી પોતાના કુળને, વંશને, પતિને, દિકરાને, માતાને, પિતાને ગણકાર્યા વિના વિષયોમાં આંધળી થઈ સાધુને દુ:ખસમુદ્રમાં પાડે છે.

સ્ત્રીના સહારે તો નીચ માણસ પણ ગુણવાન માણસના માથા પર ચઢી બેસે છે. અભિમાની મનુષ્યોને પણ સ્ત્રી પોતાના દાસ બનાવી દે છે. બળવાન એવા હાથીને પણ મહાવત અંકુશ વડે પોતાના કબજામાં રાખે છે. તેમ માનથી ઉન્નત પુરુષોને સ્ત્રીઓ પોતાને વશ કરે છે. શરૂઆતમાં સ્ત્રી પુરુષની ઈચ્છા મુજબ વર્તે છે. પછી ધીમે ધીમે કામણ કરે છે અને પુરુષને પોતાની ઈચ્છા મુજબ વર્તતો કરી દે છે. સ્ત્રીના કારણે ઘણા યુદ્ધો ભૂતકાળમાં ખેલાયા છે. રામાયણ અને મહાભારતના યુદ્ધો પણ સ્ત્રીના કારણે જ ખેલાયા છે. સ્ત્રીઓ બે સગા ભાઈઓને લડાવે છે. સ્ત્રી પુત્રને પિતાથી વિખુટો પાડે છે.

નદીનો ધીમો ધીમો પણ પ્રવાહ મોટા મોટા પર્વતોને પણ ભેદી નાખે છે. તેમ સ્ત્રીઓ મીઠા મીઠા વચનો અને અનુકૂળ પ્રવૃત્તિઓ વડે પર્વત જેવા અડગ મનવાળા મનુષ્યને પણ ભેદી નાખે છે.

સર્પને જોઈ માણસ ડરે છે, ડરીને ભાગે છે. સર્પનો કોઈ વિશ્વાસ કરતું નથી. તેમ તમે પણ સ્ત્રીથી ડરજો, સ્ત્રીથી ભાગજો, સ્ત્રીનો ક્યારેય વિશ્વાસ ના કરતા. ખૂબ પરિચિત અને લાગણીવાળી સ્ત્રીનો પણ ક્યારેય વિશ્વાસ ના કરશો. સર્પના બીલ પાસે રહેનાર વ્યક્તિ સદા શંકાશીલ રહે છે તેમ સ્ત્રી સંસર્ગનો સદા ભય મનમાં ઊભો કરજો.

સ્ત્રી સ્વાર્થી છે. પોતાનો સ્વાર્થ પૂરો ન થાય ત્યાં સુધી એ પુરુષની હા માં હા મિલાવે છે. પણ એકવાર સ્વાર્થ સધાઈ જાય એટલે એ જ સ્ત્રી પોતાની ઉપર વિશ્વાસ મૂકનારા, પોતાની ઉપર ઉપકાર કરનારા, પોતાની ઉપર સ્નેહ વરસાવનાર પુરુષને પણ હણી નાખતા અચકાતી નથી.

સ્ત્રીઓ દોષોનો ભંડાર છે. એમના દોષોની સીમા માપવાને વિદ્વાનો પણ અસમર્થ છે કેમકે સ્ત્રીઓ પોતે જ મોટા મોટા દોષવાળા પુરુષોની સીમારૂપ છે.

ફૂલની માળા દેખાવમાં સુંદર હોય છે, એનો સ્પર્શ કોમળ હોય છે એ હૃદયને હરી લે છે, તેમ સ્ત્રીઓ પણ દેખાવમાં સુંદર હોય છે, એમનો સ્પર્શ કોમળ હોય છે. અને એઓ હૃદયને હરી લે છે. પણ એમના દર્શન અને સૌંદર્યથી મોહિત થયેલા જે જીવો એમનું આલિંગન કરે છે તેઓ કાંટાની માળાને ભેટે છે અને નાશ પામે છે. કિંપાકનું ફળ ખાવામાં મધુર હોય છે પણ એનું પરિણામ ભયંકર હોય છે. તેમ સ્ત્રીઓનો સંસર્ગ શરૂઆતમાં મધુર હોય છે પણ એનું પરિણામ અતિભયંકર હોય છે.

એક પાંગળામાં આસક્ત બનેલી સુકુમાલિકાએ નિષ્કપટ-પ્રેમવાળા રાજાને પણ ગંગામાં નાખી દીધો હતો.

વસંતપુરમાં જિતશત્રુ રાજા હતો. સુકુમાલિકા તેની પત્ની હતી. તે ખુબ રૂપાળી હતી. રાજાને તેની ઉપર ખૂબ રાગ હતો. રાજ્યના કાર્યને છોડી રાજા રાતદિવસ તેણી સાથે ક્રીડા કરતા કાળ પસાર કરે છે. રાજ્યમાં રાજાનું ધ્યાન ન હોવાથી અંધાધૂંધી ફેલાય છે. તેથી મંત્રીઓ રાજારાણીનો દેશનિકાલ



કરીને રાજકુમારનો રાજ્યાભિષેક કરે છે. રાજા-રાણી એક જંગલમાં આવી પડે છે. રાણીને તરસ લાગે છે. રાજા પાસે પાણી માગે છે. રાણીની આંખ બંધ કરી રાજાએ પોતાના હાથમાંથી લોહી કાઢીને રાણીને પાયું. થોડી વાર પછી રાણીને ભૂખ લાગી. રાજાએ પોતાની જંઘાનું માંસ ખવડાવી તેણીની ભૂખ શમાવી. પછી સંરોહિણી ઔષધિથી પોતાના હાથ-પગ નવા જેવા કરી નાંખ્યા. થોડા દિવસો બાદ તેઓ એક નગરમાં પહોંચ્યા. રાણીના દાગીના વેચીને રાજાએ વેપાર શરૂ કર્યો. રાજાએ રાણીની સેવામાં એક પાંગળાને રાખ્યો. ગીતો-કથાઓથી એ પાંગળાએ રાણીને આવર્જી લીધી. રાણી પાંગળા પર આસક્ત થઈ ગઈ, રાજા પ્રત્યે વિરક્ત થઈ ગઈ. એક વાર રાજાને તેણે ખૂબ દારૂ પાયો. પછી ગંગા નદીમાં નાખી દીધો.

આમ જે રાજાએ પોતાના લોહી-માંસથી રાણીને જીવાડી હતી, રાણીએ તે જ રાજાને મારી નાંખ્યો. રાજાએ કરેલા ઉપકારને તે ભૂલી ગઈ.

ચોમાસામાં વહેનારી નદી માટીથી ડહોળાયેલી હોય છે. તેમ સ્ત્રીનું હૃદય હંમેશા કલુષિત હોય છે. કઈ રીતે ધન મળે એ જ વિચારોમાં ચોરની બુદ્ધિ સદા લાગેલી હોય છે. સ્ત્રીની બુદ્ધિ પણ સદા ધન હરવામાં વ્યાપૃત હોય છે. ધન મળી જતા તેણીનો સ્નેહ ઓસરી જાય છે.

સ્ત્રી દેખાવમાં સુંદર છે પણ તેણીનું સ્વરૂપ વિફરેલી વાઘણ કરતા ય ભયંકર છે. સંધ્યાના રંગો ક્ષણે ક્ષણે બદલાય છે તેમ સ્ત્રીના મનના ભાવો ક્ષણે ક્ષણે પલટાય છે. હરણ જેમ શીઘ્ર ગતિથી દોડે છે તેમ સ્ત્રીનો રાગ એક પુરૂષ પરથી બીજા

પુરૂષ પર શીઘ્રતાથી દોડે છે. હાથી જેમ મદથી ઉન્મત્ત હોય છે તેમ સ્ત્રીઓમાં અભિમાન ઠાંસી ઠાંસીને ભરેલું હોય છે.

સ્ત્રીઓ ખોટા ખોટા હસવા વડે, ખોટા ખોટા બોલવા વડે, ખોટા ખોટા રડવા વડે અતિબુદ્ધિશાળી માણસના ચિત્તને પણ વિવશ કરી દે છે.

સ્ત્રી પોતાના વચનો વડે પુરૂષના હૃદયને હરે છે અને પોતાના હૃદયથી પુરૂષના હૃદયને હણે છે. સ્ત્રીની વાણી અમૃતથી બનેલી છે અને હૈયુ વિષથી બનેલુ છે.

સ્ત્રી શોકની નદી છે, પાપની ગુફા છે, કપટની ઝુંપડી છે, કલેશ કરાવનારી છે, વૈરના અગ્નિને પ્રગટાવવા અરણીકાષ્ઠ સમાન છે, દુ:ખની ખાણ છે, સુખને હરનારી છે. **તેથી જ મહાસત્ત્વશાળી પુરુષો માતા, બહેન કે દિકરી સાથે પણ એકાંતમાં બેસતા નથી, કેમ કે પોતાના હૃદયમાં સતત ચિંતા હોય છે કે મારુ મન વિકારી ન બને.**

કામદેવના હાથમાં સ્ત્રીરૂપી ધનુષ્ય છે. તેમાંથી કટાક્ષોરૂપી બાણો છોડે છે અને જીવોના અંતરને વિંધી નાખે છે. જેણે પોતાના મનને શુભ ભાવનાનુ બખ્તર નથી પહેરાવ્યું એવો જીવ એ કટાક્ષો સામે ટકી શકતો નથી, એ ઘાયલ થઈ જાય છે.

સર્પના ડંશથી માણસના શરીરમાં ઝેર પસરવા લાગે છે. તેમ સ્ત્રીના સંસર્ગથી જીવના અંતરમાં મોહનું ઝેર ફેલાવા લાગે છે.

દૃષ્ટિવિષસર્પ જેની સામે જુવે તેને બાળી નાખે છે. સ્ત્રીની દૃષ્ટિપણ દૃષ્ટિવિષસર્પની દૃષ્ટિ જેવી છે. તેણી જેને જુવે છે તેના ચારિત્રપ્રાણને હરી લે છે. માટે મનુષ્ય જેમ દૃષ્ટિવિષ



સર્પની દૃષ્ટિથી પોતાને બચાવતો ફરે છે તેમ સાધુએ પોતાની જાતને સ્ત્રીની દૃષ્ટિથી બચાવવી. જો એ સ્ત્રીની દૃષ્ટિમાં આવી ગયો તો એનું પતન નિશ્ચિત સમજવું.

અગ્નિની નજીકમાં રહેલ ઘી અને મીણ ઓગળી જાય છે. તેમ હીનસત્ત્વવાળા જીવનું મન સ્ત્રીસંપર્કથી ઢીલુ બને છે.

જેણે બધા સંગોનો ત્યાગ કર્યો છે, તપથી જેણે શરીરને કૃશ કર્યું છે એવો જીવ પણ જો સ્ત્રીનો સંસર્ગ કરે તો પતન પામે છે. સિંહગુફાવાસીમુનિ વેશ્યાના સંગથી પતન પામ્યા.

નારીમાં અને દુશ્મનમાં બહુ ફરક નથી. દુશ્મન પીડા આપે છે અને જીવનને હરે છે. નારી પણ જીવને શારીરિક-માનસિક દુ:ખોના જંગલમાં ભટકાવે છે અને સંયમજીવનને હરી લે છે.

નારી નદી જેવી છે. નારીનો શ્રૃંગાર નદીના તરંગ જેવો છે. નારીનો વિલાસ ભરતી-ઓટ જેવો છે. નારીની જુવાની જળ જેવી છે. નારીનું હાસ્ય નદીના ફીણ જેવુ છે. સાધુ આવી નારીનદીમાં ડુબે નહી, કેમકે એ પરમાર્થવેત્તા હોય છે.

જુવાની સમુદ્ર જેવી છે. વિષયો પાણી જેવા છે, મોહ કળા છે, વિલાસો જલચરપ્રાણી જેવા છે, મદ મગર જેવો છે. ધીરપુરુષો આ સમુદ્રમાં ડુબતા નથી.

સ્ત્રી પુરુષને દોરડાની જેમ બાંધી દે છે, પુરુષને છેદવા માટે સ્ત્રી તલવાર જેવી છે, પુરુષને પીડવા માટે સ્ત્રી કાંટા જેવી છે, પુરુષને મોહિત કરવા સ્ત્રી ઇંદ્રજાળ જેવી છે, પુરુષને ફાડવા માટે સ્ત્રી કરવત જેવી છે, પુરુષને ભેદવા માટે સ્ત્રી

ત્રિશૂળ જેવી છે, પુરુષને ખરડવા માટે સ્ત્રી કાદવ જેવી છે, પુરુષને મારવા માટે સ્ત્રી મૃત્યુ જેવી છે.

શ્લેષ્મમાં પડેલી માખી છૂટી શકતી નથી. તેને કોઈ છોડાવી શકતું નથી. તેમ સ્ત્રીના સંસર્ગમાં પડેલો પુરુષ પોતાની જાતને છોડાવી નથી શકતો.

સ્ત્રીઓના વિષયમાં સદા અપ્રમત્ત રહેવું. તેમના પર ક્યારેય વિશ્વાસ કરવો નહીં. આમ કરનાર વ્યક્તિ બ્રહ્મચર્યના પારને પામે છે. સ્ત્રીઓના વિષયમાં પ્રમાદી, તેમના પર વિશ્વાસ કરનાર જીવ બ્રહ્મચર્યના પારને પામી શકતો નથી.

સ્ત્રીના જે દોષો કહ્યા તે જ દોષો નીચપુરૂષોના પણ હોય છે, એનાથી વધારે હોય છે કેમકે પુરુષો બળ-શક્તિવાળા હોય છે. માટે સ્ત્રીઓએ પણ પુરુષોથી સાવધ રહેવું.

આમ શીલનું રક્ષણ કરનાર પુરુષોને માટે સ્ત્રીઓ નિંદનીય છે, વર્જનીય છે અને શીલનું રક્ષણ કરનારી સ્ત્રીઓ માટે પુરુષો નિંદનીય છે, વર્જનીય છે.

જો કે એમ ન કહેવાય કે બધી મહિલાઓ નિયમા શીલ વિનાની હોય છે, કેમકે તીર્થંકર, ચક્રવર્તિ, બળદેવ, ગણધર વગેરે સત્પુરુષોની માતાઓ ગુણવાળી હોય છે, શીલપાલનમાં ચુસ્ત હોય છે અને એથી એમનો યશ દૂર દૂર સુધી ફેલાયેલો હોય છે.

કેટલીક સ્ત્રીઓ મનુષ્યલોકની દેવી જેવી હોય છે, કુદરત એમને સહાય કરે છે. કેટલીક સ્ત્રીઓ ચરમશરીરી હોય છે. પુણ્યશાળી એવી આ સ્ત્રીઓ પાણીના પ્રવાહમાં તણાઈ નથી



જતી, ભડભડતો અગ્નિ એમને બાળતો નથી, સિંહ અને જંગલી પશુઓ એમને કંઈ કરી શકતા નથી.

પરંતુ સંસારમાં બધા જીવો મોહને લીધે દુ:શીલ બને છે, અને તે મોહ સ્ત્રીઓમાં પ્રાયઃ ઉત્કટ હોય છે. તેથી સ્ત્રીના સંસર્ગથી થતા દોષો ઉપર જણાવ્યા છે. તે દોષોનું વારંવાર ચિંતન કરવું. તેનાથી પુરુષને વિષયો પ્રત્યે વૈરાગ્ય થાય છે.

જે પુરુષો સ્ત્રીઓના હૃદયમાં વસે છે અને જેમના હૃદયમાં સ્ત્રીઓ નથી વસતી તે પુરુષો ખરેખર પુણ્યશાળી છે, તેમને દેવો પણ નમસ્કાર કરે છે.

આમ વિચારી જો આત્માના હિતને ઈચ્છતા હોય તો આ વિષયમાં (સ્ત્રીસંસર્ગની બાબતમાં) અત્યંત અપ્રમત્ત બનજો.

## ❁ બ્રહ્મચર્યની શ્રેષ્ઠ ઉપમાઓ ❁

- પ્રશ્ન વ્યાકરણ સૂત્ર

तं बंभं भगवंतं
गहगणनक्खत्त तारगाणं जहा उडुपती,
मणिमुत्तसिलप्पवालरत्तरयणागराणं च जहा समुद्दो,
वेरुलिओ चेव जहा मणीणं,
जहा मउडो चेव भूसणाणं,
वत्थाणं चेव खोमजुयलं,
अरविंदं चेव पुप्फजेट्ठं,
गोसीसं चेव चंदणाणं,
हिमवंतो चेव ओसहीणं,
सीतोदा चेव निन्नगाणं,

उदहीसु जहा सयंभूरमणो,
रुयगवर चेव मंडलिकपव्वयाणं,
पवरे एरावण इव कुंजराणं,
सीहोव्व जहा मिगाणं,
पवरे पवकाणं चेव वेणुदेवे,
धरणो जह पण्णगइंदराया,
कप्पाणं चेव बंभलोए,
सभासु य जहा भवे सुहम्मा
ठितिसु लवसत्तमव्व,
पवरा दाणाणं चेव अभयदाणं,
किमिराउ चेव कंबलाणं,
संघयणे चेव वज्जरिसभे,
संठाणे चेव समचउरंसे,
झाणेसु य परमसुक्कज्झाणं,
णाणेसु य परमकेवलं तु सिद्धं,
लेसासु य परमसुक्कलेस्सा,
तित्थंकरे जहा चेव मुणीणं,
वासेसु जहा महाविदेहे,
गिरिराया चेव मंदरवरे,
वणेसु जह नंदणवणं,
पवर दुमेसु जहा जंबू,
सुदंसणा वीसुयजसा जीय नामेण य अयं दीवो,
तुरगवती, गयवती, रहवती, नरवती जह वीसुए चेव,



राया रहिए चेव जहा महारहगते,
एवमणेगा गुणा अहीणा भवंति एक्कंमि बंभचेरे

जंमि य आराहियंमि आराहियं वयमिणं सव्वं, सीलं तवो य विणओ य संजमो य खंती गुत्ती मुत्ती तहेव इहलोइयपारलोइयजसे य कित्ती य पच्चओ य तम्हा निहुएण बंभचेर चरियव्वं सव्वओ विसुद्धं जावज्जीवाए जाव सेयट्ठिसंजउत्ति

બ્રહ્મચર્ય :–

ગ્રહ–નક્ષત્ર–તારલાઓમાં ચંદ્ર સમાન,
મણિ, મોતી, પ્રવાલ, રક્તમણિઓની ખાણોમાં સમુદ્ર સમાન,
મણિઓમાં વૈડુર્ય સમાન,
આભૂષણોમાં મુકુટ સમાન,
વસ્ત્રોમાં ક્ષૌમ યુગલ સમાન,
પુષ્પોમાં કમળ સમાન,
ચંદનોમાં ગોશીર્ષ સમાન,
ઔષધિઓમાં હિમાલય સમાન,
નદીઓમાં સીતોદા સમાન,
સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમાન,
વલયાકાર પર્વતોમાં રુચકવર સમાન,
હાથીઓમાં એરાવણ સમાન
પશુઓમાં સિંહ સમાન,
પક્ષીઓમાં ગરૂડ સમાન,
નાગકુમારના ઇંદ્રરાજ ધરણેન્દ્ર સમાન,
દેવલોકોમાં બ્રહ્મલોક સમાન,
સભામાં સુધર્મા (શક્રેન્દ્રની સભા) સમાન,

સ્થિતિમાં જેમ લવસત્તમીય દેવ,

દાનોમાં જેમ અભયદાન,

કંબલોમાં જેમ કૃમિરાગની કંબલ,

સંઘયણોમાં જેમ વજ્રઋષભનારાચ સંઘયણ,

સંસ્થાનોમાં જેમ સમચતુરસ્ર સંસ્થાન

ધ્યાનોમાં જેમ પરમશુક્લધ્યાન,

જ્ઞાનોમાં જેમ કેવળજ્ઞાન

લેશ્યાઓમાં પરમશુક્લ લેશ્યા

મુનિઓમાં તીર્થંકર,

વાસક્ષેત્રોમાં મહાવિદેહ,

વનોમાં નંદનવન,

વૃક્ષોમાં જે જંબુ, જે સુદર્શના નામે વિસ્તૃત યશવાળો છે.

અને જેનાથી ઉપલક્ષિત આ દ્વીપનું નામ (જંબુદ્વીપ) છે.

અશ્વો-ગજ-રથોના સ્વામી રાજા સમાન પ્રસિદ્ધ,

મોટા રથ પર આરૂઢ રથિક સમાન,

એક જ બ્રહ્મચર્યમાં આવા અનેક પરિપૂર્ણ ગુણો થાય છે, માત્ર બ્રહ્મચર્યને આરાધનારે શીલ, વિનય, તપ, ક્ષમા, ગુપ્તિ, અકિંચનતા સર્વ વ્રતો આરાધિત કર્યા છે. આલોક-પરલોકમાં યશ-કીર્તિ-વિશ્વાસપાત્રતા ઊભી કરી છે. માટે યત્નપૂર્વક વિશુદ્ધ બ્રહ્મચર્ય આજીવન તેમજ મુક્તિ સુધી પાળવું.



## गच्छाचारपइण्णयं

२९४४ जत्थ य अज्जाकप्पं पाणच्चाए वि रोरदुब्भिक्खे ।
न य परिभुंजइ सहसा, गोयम ! गच्छं तयं भणियं ।।

હે ગૌતમ ! પ્રાણત્યાગની પરિસ્થિતિમાં, ભયંકર દુકાળમાં પણ જ્યાં સાધ્વી વડે લવાયેલું નથી વપરાતું તે 'ગચ્છ' કહેવાય છે.

२९४५ जत्थ य अज्जाहि समं थेरा वि न उल्लविंति गयदसणा ।
न य झायंतित्थीणं अंगोवंगाइं, तं गच्छं ।।

જેમના દાંત જતાં રહ્યાં છે તેવા અતિ વૃદ્ધસ્થવિરો પણ જ્યાં આર્યા (સાધ્વીજી) સાથે વાત નથી કરતાં તેમજ સ્ત્રીના અંગોપાંગ જોતા નથી તે ગચ્છ (ઉત્તમ) છે.

२९४६ वज्जेह अप्पमत्ता अज्जासंसग्गि अग्गि-विससरिसो ।
अज्जाणुचरो साहू लहइ अकित्तिं खु अचिरेण ।।

હે સાધુઓ ! તમે અપ્રમત્તતાપૂર્વક અગ્નિ અને વિષતુલ્ય એવા સાધ્વીના સંસર્ગનું વર્જન કરો. સાધ્વીને અનુસરનાર સાધુ ટૂંક સમયમાં અકીર્તિ પામે છે.

थेरस्स तवस्सिस्स व बहुस्सुयस्स व पमाणभूयस्स ।
अज्जासंसग्गीए जणजंपणयं हवेज्जा हि ।।

સાધ્વીના સંસર્ગથી સ્થવિર, તપસ્વી, બહુશ્રુત અને પ્રમાણભૂત (વિશ્વસનીય) સાધુનો પણ લોકાપવાદ (નિંદા) થાય છે.

किं पुण तरुणो अबहुस्सुओ य ण य वि हु विगिट्ठतवचरणो ।
अज्जासंसग्गीए जणजंपणयं न पावेज्जा ?।।

તો પછી યુવાનસાધુ, અબહુશ્રુતમુનિ, જઘન્ય-મધ્યમ એવા

तप અને ચારિત્રવાળા યતિનો સાધ્વીસંસર્ગથી લોકાપવાદ (નિંદા) કેમ ન થાય ?

जइ वि सयं थिरचित्तो तहा वि संसग्गिलद्धपसराए ।
अग्गिसमीवे व घयं विलिज्ज चित्तं खु अज्जाए ।।६६।।

સ્વયં ભલે સ્થિરચિત્તવાળો હોય પણ પરિચય (સંસર્ગ) ના નિમિત્તથી પ્રસાર પામેલ સાધ્વી વડે અગ્નિની સમીપસ્થ એવા ઘીની જેમ મુનિનું મન પીગળી (પતન) પામે છે.

सव्वत्थ इत्थिवग्गम्मि अप्पमत्तो सया अवीसत्थो ।
नित्थरइ बंभचेरं तव्विवरीओ न नित्थरइ ।।६७।।

**સ્ત્રીવર્ગમાં બધે જ અપ્રમત્ત, સદા અવિશ્વસ્ત એવો સાધુ જ બ્રહ્મચર્ય પાળી શકે છે. તેનાથી વિપરીત બ્રહ્મચર્યનું પાલન કરી શકતો નથી.**

सव्वत्थेसु विमुत्तो साहू सव्वत्थ होइ अप्पवसो ।
सो होइ अणप्पवसो अज्जाणं अणुचरंतो उ ।।६८।।

સર્વ અર્થોમાં વિમુક્ત સાધુ બધે જ આત્મવશ (સ્વાધીન) હોય છે. પણ સાધ્વીના સંસર્ગથી સાધુ પરવશ (પરાધીન) બને છે.

खेलपडियमप्पाणं न तरइ जह मच्छिया विमोएउं ।
अज्जाणुचरो साहू न तरइ अप्पं विमोएउं ।।६९।।

શ્લેષ્મમાં પડેલી માખી જેમ પોતાને બાહર કાઢવા સમર્થ બની નથી શકતી તેમ સાધ્વીનો સંસર્ગ કરનાર સાધુ પોતાના આત્માને ઉગારી નથી શકતો.

साहुस्स नत्थि लोए अज्जासरिसी हु बंधणे उवमा ।

સાધુને સાધ્વી જેવું બંધન જગતમાં કોઈ નથી.





इत्थिकहा उ अगुत्ती अकालचारित्तणं तहा संका ।
पलिमंथो तह दसकालियंमि अन्नं इमं भणियं ।।

એકલી સ્ત્રી સાથે ધર્મકથા, તેમના અંગોપાંગના દર્શનાદિ અયોગ્ય સમયે સ્ત્રીઓનું ઉપાશ્રયમાં આવવું વગેરેથી લોકમાં અકાર્યની શંકા થાય છે તેમજ સાધુચર્યામાં વ્યાઘાત આવે છે. માટે દશવૈકાલિક સૂત્રમાં એનો નિષેધ કર્યો છે.

एत्तोच्चिय केइ पुव्वसूरिणो मोक्खसोक्खतल्लिच्छा ।
आसीसंपि हु दिंता अहोमुहाए व दिट्ठीए ।।

આ કારણોથી મુક્તિના અભિલાષી એવા પૂર્વાચાર્યોએ શ્રાવિકાઓને આશિર્વાદ આપતાં પણ દ્રષ્ટિને અધોમુખી (નીચી) જ કરી છે.

सिद्धिवधूवरसुहसंगलालसो जीव ! जइ तुमं ता मा ।
कहसु तुमं जिणधम्मं अकालचारीसु इत्थीसु ।।

હે જીવ ! મોક્ષરૂપી સ્ત્રીના સુખની ઈચ્છાવાળો હોયતો અકાળે આવનાર સ્ત્રીઓને કદાપિ ધર્મોપદેશ ન દઈશ.

## નિશીથ ભાષ્ય ॥૨૩૪૪॥

अवि मायरं पि सद्धिं, कहा तु एगागियस्स पडिसिद्धा ।
किं पुण अणारिया वि तरुणित्थीहिं सहगयस्स ।।

चूर्णि- मातृभगिणिमादीहिं अगममित्थीहिं
सद्धिं एगागिगस्स धम्मकहा वि काउं ण वट्टंति ।
किं पुण अण्णाहि तरुणित्थीहिं सद्धि ? ।।

એકાકીની માતા સાથે વાત પણ પ્રતિષદ્ધ છે. તો પછી બીજી

યુવાન સ્ત્રીઓની સાથે તો શું કહેવું ? (અર્થાત્ એ તો અત્યંત પ્રતિષિદ્ધ છે.) ચૂર્ણિ– માતા, બહેન વગેરે અગમ્ય સ્ત્રીઓ સાથે પણ એકાકીની ધર્મકથા પણ ઉચિત નથી. તો પછી અન્ય યુવાન સ્ત્રીઓની સાથે તો શું કહેવું ? (અર્થાત્ એ અત્યંત પ્રતિષિદ્ધ છે.)

## શીલોપદેશમાળા

निम्महियसयलहीलं दुहवल्लीमूलउक्खणणकीलं ।
कयसिवसुहसंमीलं पालह निच्चं विमलसीलं ।।

સર્વે પરાભવોનો નાશ કરનારું, દુઃખરૂપી વલ્લીને ઉખેડવામાં ખીલા સમાન, મોક્ષસુખ સાથે જેણે મિલન કરાવ્યું છે એવા સુવિશુદ્ધ શીલને સદા પાળવું.

लच्छी जसं पयावो, माहप्पमरोगया गुणसमिद्धी ।
सयलसमीहियसिद्धी, सीलाउ इह भवेवि भवे ।।
परलोएवि हु नरसुर-समिद्धिमुवभुंजिऊण सीलभरा ।
तिहुयणपणमियचरणा, अरिणा पावंति सिद्धिसुहं ।।

શિયળ પાળવાના પ્રભાવે આલોકમાં ચક્રવર્તિ–વાસુદેવ આદિ લક્ષ્મી, યશ, પ્રતાપ, સર્પ પણ પુષ્પમાળા બને એવું માહાત્મ્ય, નીરોગીપણું, મહાવ્રત–અણુવ્રત વગેરે ગુણોની સમૃદ્ધિ, સર્વ સમીહિતની સિદ્ધિ થાય છે. તેમજ પરલોકમાં મનુષ્ય–દેવાદિની સમૃદ્ધિને ભોગવી સકલકર્મથી રહિત બની ત્રણ લોકને વન્દનીય એવા તેઓ સિદ્ધિસુખોને પામે છે.

दायारसिरोमणिणो, के के न हुया जयंमि सप्पुरिसा ? ।
के के न संति ? किं पुण थोवच्चिय धरियसीलभरा ।।
छट्ठट्ठमदसमाई-तवमाणावि हु अईव उग्गतवं ।
अक्खलियसीलविमला, जयंमि विरला महामुणिणो ।।



જગતમાં દાનવીરો, સજ્જનો ઘણા થયા છે. પણ શીલવાન ઘણા અલ્પ છે. છટ્ઠ–અટ્ઠમ, ચાર ઉપવાસાદિ ઉગ્રાતિઉગ્ર તપ કરનારા પણ ઘણા છે. પણ જગતમાં અખંડ બ્રહ્મચર્ય પાળનારા વિરલ મહાત્માઓ જ છે.

ता कहं विसयपसत्ता, हवंति गुरुणो तहा पुणो तेहिं ।
भग्गा जिणाण आणा, भणियं एयं जओ सुत्ते ।।

એકમાત્ર શીલવ્રતના ભંગથી સર્વવ્રતોનો ભંગ થાય છે. તેથી વિષયમાં ખૂબ આસક્ત હોય તે ગુરુ કઇ રીતે બની શકે ? તેઓએ તો જિનાજ્ઞાનો ભંગ કર્યો છે. કેમકે સિદ્ધાંત (આગમ) માં પણ કહ્યું છે કે,

न हु किंचि अणुन्नायं पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
मुत्तुं मेहुणभावं न तं विणा रागदोसेहिं ।।

તીર્થંકર ભગવંતોએ એકાંતે કોઇની અનુમતિ નથી આપી, તેમજ એકાંતે કોઇનો પણ નિષેધ નથી કર્યો. પરંતુ ચતુર્થવ્રતભંગ એકાંતે પ્રતિષેધ્યો છે. કારણ કે એ રાગ–દ્વેષ વગર સંભવતો જ નથી.

जउनंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ।
रहनेमी राइमई रायमई कासि ही विसया ।।

યદુવંશના નંદન, શ્રીનેમિનાથ પ્રભુના લઘુ ભ્રાતા, દીક્ષિત થયેલા, તેમજ ચરમશરીરી (એજ ભવે મોક્ષે જનાર) રથનેમિ પણ રાજીમતિ પ્રત્યે રાગવાળા (વિકારવાળા) થયા, ખરેખર, વિષયો ખૂબ દુર્જય છે !

मयणपवणेण जइ तारिसावि सुरसेलनिच्चला चलिया ।
ता पक्कपत्तसरिसाण इयरसत्ताण का वत्ता ? ।।

કામદેવના પવને ભલભલાને મેરૂ પર્વત જેવા નિશ્ચલ આર્દ્રકુમાર નંદિષેણ–રથનેમિ વગેરેને ડગમગાવી દીધા તો પાકેલા પાંદડા સમાન અન્ય સામાન્ય પ્રાણિઓની તો શી વાત કરવી ?

जिप्पंति सुहेणं चिय हरिकरिसप्पाइणो महाकूरा ।
इक्कुच्चिय दुज्जेयो कामो कयसिवसुहविरामो ।।

મહાક્રૂર અને હિંસક એવા સિંહ–હાથી–સર્પો વગેરે સુખેથી જીતી શકાય છે પણ મોક્ષ સુખને અટકાવનાર એવો એક માત્ર કામ દુર્જેય છે.

तिहुयणविमयणउब्भड-पयावपयडोवि विसमसरवीरो ।
जेहिं जिओ लीलाए, नमो-नमो ताण धीराणं ।।

ત્રણે ભુવનનું મર્દન કરનાર પ્રતાપી વીર એવો કામદેવ જેમણે લીલામાત્રથી જીતી લીધો છે તેવા ધીર મહાત્માઓને નમસ્કાર હો.

नियसीलवहणघनसार-परिमलेणं असेसभुवणयलं ।
सुरहिज्जइ जेहिं इमं, नमो नमो ताण पुरिसाणं ।।३८।।

જેઓ પોતાના નિર્મળ શિયળ રૂપી કપૂરની સુગંધ વડે સકલલોકને સુગંધિત કરે છે તેવા મહાપુરુષોને વારંવાર નમસ્કાર હો !

रमणीकडक्खविक्खेव-तिक्खबाणेहिं सीलसन्नाहो ।
जेसिं गओ न भेयं, नमो नमो ताण सुहडाणं ।।३७।।

જેમનું શીલરૂપી બખ્તર સ્ત્રીઓના કટાક્ષરૂપી બાણોથી ભેદાયું નથી તેવા સુભટોને (કામશસ્ત્રને નિષ્ફળ કરનારા યોદ્ધાઓને) નમસ્કાર હો !

निवधूया नियरुवा-वहत्थियासेससुंदरीवग्गा ।
घणसोहग्गनिरुवम-पिम्मा लायण्णरुइरम्मा ।।३८।।



जरज्जरथेरी इव परिहरिया जेण नेमिनाहेण ।
बंभव्वयधारीणं पढमोदाहरणमेस जए ।।३९।।

પોતાના રુપવડે સકલ સુંદરીઓને જીતી લેનાર, સૌભાગ્યવંતી નવ–નવ ભવના નિરુપમ પ્રેમ અને લાવણ્ય–કાન્તિથી રમ્ય રાજકુંવરી રાજીમતિને નેમિકુમારે જર્જરિત થયેલી વૃદ્ધાની જેમ ત્યાગી, બ્રહ્મચર્યને ધરનારોમાં તેઓ પ્રથમ ઉદાહરણસમાન થયા.

सो जयउ थूलभद्दो, अच्छेरयकारिचरियपरियरिओ ।
जस्सज्जवि बंभवए, जयंमि वज्जेइ जयढक्का ।।४१।।

અચ્છેરાકારી એવા ચારિત્રથી શોભતા એવા સ્થૂલભદ્રસ્વામી જય પામો. જેમણે કામદેવને પરાજિત કર્યો અને જગતમાં જેમની વિજયભેરી આજે ય વાગે છે.

पालंती नियसीलं, ठवंती सुद्धधम्ममग्गंमि ।
रहनेमिं मुणिंपि जए पुज्जा राईमई अज्जा ।।४३।।

પોતાના શીલવ્રતને પાળનારા, રથનેમિ મુનિને શુદ્ધધર્મમાં લાવનારા એવા સાધ્વી રાજીમતિ જગતમાં પૂજ્ય છે.

सीलप्भट्ठाणं पुण, नामग्गहणंपि पावतरुबीयं ।
पुण तेसिंपि गई तं, जाणइ हु केवली भयवं ।।६०।।

વળી, શિયળથી ભ્રષ્ટ થયેલાઓનું નામ લેવું તે પણ પાપરૂપી વૃક્ષનું બીજ છે. શીલભ્રષ્ટની અપાર દુઃખથી ભરેલી દુર્ગતિઓ કેવલી ભગવંતો જાણે છે.

एवं सीलाराहण-विराहणाणं च सुक्खदुक्खाइं ।
इय जाणिय भो भव्वा ! मा सिढिला होह सीलंमि ।।६७।।

આ પ્રમાણે શિયળની આરાધનાથી થતાં સુખોને અને તેની

જ વિરાધના થકી થતાં દુઃખોને જાણીને હે ભવ્યો ! બ્રહ્મચર્યના પાલનમાં શિથિલ ન બનો !

बंभवयधारीणं, नारीसंगो अणत्थपत्थारी ।
मूसाण व मज्जारी, इअ निसिद्धं च सुत्तेवि ।।६८।।

જેમ ઉંદરો માટે બિલાડી નાશ કરનારી છે, તેમજ બ્રહ્મચારીને નારીનો સંગ પાપનો હેતુ બને છે માટે દશવૈકાલિકાદિ આગમમાં પણ તે (નારીસંગનું) વર્જન કરવા કહ્યું છે.

रे जीव ! समइकप्पिय-निमेससुहलालसो कहं मूढ !
सासयसुहमसमतमं हारयसि ससिसोयरं च जसं ।।७५।।

હે આત્મન્ ! સ્વમતિથી કલ્પેલા એવા ક્ષણિક સુખના લાલચુ બની, હે મૂઢ ! શિયળથી મળતાં મોક્ષના અનન્ત સુખને અને ચંદ્ર સમાન નિર્મળ યશને કેમ ખોઈ નાંખે છે ?

विसईण दुक्खलक्खा विसयविरत्ताणमसमसमसुक्खं ।
जइ निउणं परिचिंतसि ता तुज्झवि अणुभवो एसो ।।७७।।

કામાતુર બનેલાને સેંકડો દુઃખો થાય છે તેમજ તેનાથી વિરક્ત થયેલાને અનુપમ ઉપશમનું સુખ અર્થાત્ મોક્ષ મળે છે. જો નિપુણ બની વિચાર કરીશ તો તું પણ આ જ અનુભવ કરીશ !

सासयसुहसिरिरम्मं अविहडपिम्मं समिद्धिसिद्धिवहुं ।
जइ ईहसि ता परिहर इअरओ तुच्छमहिलाओ ।।९२।।

જો શાશ્વતસુખની લક્ષ્મીથી રમ્ય, અખંડ પ્રેમયુક્ત એવી સિદ્ધિ રૂપી સ્ત્રીને ઈચ્છતો હોય તો સાંસારિક ઈતરસ્ત્રીઓને છોડી દે અર્થાત્ શિયળ (બ્રહ્મચર્ય) નું પાલન કર !



सीलपवित्तस्स सया किंकरभावं करंती देवावि ।
सीलब्भट्ठो नट्ठो, परमिट्ठीवि हु जओ भणियं ।।९६।।

શીલથી પવિત્ર એવા જીવને દેવો પણ સદા કિંકર બની સેવે છે. શીલથી ભ્રષ્ટ એવા પરમેષ્ઠી પણ નષ્ટ થાય છે. એવું પૂર્વાચાર્યો પણ કહે છે.

जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा ।
पत्थिंतो अबंभं बंभावि न रोअए मज्ज ।।९७।।

અન્ય સકલગુણવાન પણ શીલરહિત એવા ચાહે ઉગ્રકાયોત્સર્ગકારી હોય ચાહે મૌનધારી હોય, ચાહે મુણ્ડન કરાવનાર કે પછી વૃક્ષની છાલને વસ્ત્ર કરી પહેરનારા હોય, નિરંતર તપ તપનારા હોય કે સાક્ષાત્ બ્રહ્મા પણ હોય તો પણ મને રુચતા (પસંદ) નથી.

इह भावंतो भावं सजोगजुत्तो जिइंदिओ धीरो ।
रक्खइ मुणी गिहीवि हु, निम्मलनिअसीलमाणिक्कं ।।९८।।

ઉપરોક્ત ભાવનાથી ભાવિત, મન-વચન-કાયનો નિરોધ કરનાર, જિતેન્દ્રિય અને ધીર એવા મુનિવર પોતાના શિયળરૂપી માણિક્યને સુરક્ષિત રાખે છે.

एगंते मंताइ पासत्थाइकुसंगमवि सययं ।
परिवज्जंतो नवबंभगुत्तिगुत्तो चरे साहू ।।९९।।

એકાન્તમાં સ્ત્રીઓ સાથે વાતચિત્તો, પાર્શ્વસ્થાદિનો સંગનો વર્જન કરતાં અને નવવિધ બ્રહ્મચર્યની વાડોથી ગુપ્ત બની સાધુ વિચરે છે.

जइवि हु नो वयभंगो तहवि हु संगाओ होइ अववाओ ।
दोसनिहालणनिउणो, सव्वो पायं जणो जेण ।।१११।।

કદાચ નારીનો સંગ કરનાર સાધુનો વ્રતભંગ ન થાય છતાં પણ પ્રાયઃ દોષ જોવામાં નિપુણ એવા લોકવડે દોષારોપ (આળ) તો જરૂર થાય છે.

तो सव्वहावि सीलंमि, उज्जमं तह करेह भो भव्वा !
जह पावेह लहु च्चिय संसारं तरिय सिवसुखं ।।११२।।

માટે હે ભવ્યો ! શીલમાં એવી રીતે સર્વથા ઉદ્યમ કરો કે જે રીતે જલ્દીથી સંસાર (સાગર)ને તરીને શિવસુખ પામો.

તત્ત્વાર્થસૂત્ર કહે છે,

गुरुकुलवासो ब्रह्मचर्यम् ।

ગુરુકુલવાસ એ જ બ્રહ્મચર્ય છે. કારણકે એ બ્રહ્મચર્યનું એક અતિ આવશ્યક કારણ છે.

ગૃહસ્થ માટે પણ સંયુક્ત કુટુંબ અને વડીલોની છત્રછાયા એ એક અપેક્ષાએ ગુરુકુલવાસ છે.

બ્રહ્મચર્યના– સદાચારનાં અદ્ભુત મીઠા ફળો જોઈતા હોય. તો સહનશક્તિ વધારીને પણ ગુરુકુળવાસને વળગી રહેવું જોઈએ.



## ❊ બ્રહ્મચર્યના તેજ લિસોટા ❊

– પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરિ** મ.સા.

(૧) સ્ત્રીનું શરીર તો સંસારનું બીજ છે. નરકના દ્વારના માર્ગમાં જવા માટે રસ્તો બતાવનાર દીવડો છે. શોકની ઉત્પત્તિનું મૂળ છે, અને દુઃખની ખાણ છે. શા માટે લોભાઈ મારા હાથે દુઃખ સર્જુ ? **બ્રહ્મચર્યની આત્મરમણતા વધે છે અને મોક્ષ નિકટ થાય છે,** દેવો અને ગાંધર્વો એની સ્તુતિ કરે છે, બ્રહ્મચર્યથી પ્રાપ્તિ થાય છે, શરીરની કાન્તિ અને લાવણ્ય વધે છે, શરીરનું–મનનું–બુદ્ધિનું અને યાદશક્તિનું જોર વધે છે, વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે અને આધ્યાત્મિક વિકાસનો માર્ગ એકદમ સરળ બને છે.

(૨) આવા ઉત્તમ વ્રતને લીધા પછી ભાંગનારાને નરકમાં વૈતરણી નદીમાં પ્રવેશ કરવો પડે છે, અથવા ભવાંતરમાં વિષકન્યા, બાળવિધવાપણું, અંધપણું ઘણા ભવ સુધી નપુંસકપણું, તિર્યંચપણું અને દૌર્ભાગ્યપણું પ્રાપ્ત થાય છે.

(૩) સંસર્ગ અનેક પ્રકારના છે. ખરાબ માણસોનો સંસર્ગ, ખરાબ પુસ્તકોનો સંસર્ગ, ખરાબ દૃશ્યનો સંસર્ગ (સ્ત્રીઓના ચિત્રો, હાવ–ભાવ વગેરે) ખરાબ વચનોનો સંસર્ગ અને ખરાબ સંગીતનો સંસર્ગ, ખરાબ સાંભળવું, ખરાબ જોવું, ખરાબ સુંઘવું, ખરાબ ખાવું, ખરાબ બોલવું, ખરાબ ગાવું, ખરાબ સ્પર્શ કરવો, ખરાબ ચાલવું, ખરાબ વસવું, ખરાબ સ્થાને બેસવું, ખરાબ

પોષાક પહેરવા અને ખરાબ રીતે શરીરને શણગારવું, ટાપટીપ કરવી, એ બધા બ્રહ્મચર્ય અને સદાચારના ઘાતક છે, વિષયવૃત્તિ ઉશ્કેરે છે. આથી બ્રહ્મચારી સ્ત્રી-પુરુષોએ વિજાતીય સંસર્ગમાં તથા ઉપર જણાવેલી ખરાબ વસ્તુઓના સંસર્ગમાં તો કદી પણ આવવું નહિ. આથી એ ઉભય પ્રકારના સંસર્ગ ટાળવાથી સંકલ્પોની ઉત્પત્તિ અટકી જાય છે અને બ્રહ્મચર્ય બરાબર ટકાવી શકાય છે.

(૪) બ્રહ્મચર્ય વિનાનો ત્યાગી અને સ્વદારા-સંતોષરૂપ શિયળ વિનાનો ગૃહસ્થ આ લોકમાં પગલે-પગલે અપમાન, અપયશ, તિરસ્કાર વગેરે પામે છે અને પરલોકમાં નરકાદિ દુર્ગતિની કારમી પીડાઓ પામે છે !

(૫) શ્રી નેમિનાથ સ્વામી તોરણથી રથવાળી માતા-પિતા આદિના સમજાવવાં છતા, પરણ્યા વિના પાછા ફરી બાળ બ્રહ્મચારી થયા. સ્થૂલભદ્રજી કોશ્યાને ત્યાં ષડ્રસ ભોજનપૂર્વક ચોમાસું રહ્યા, પણ વેશ્યાના અનેક હાવ-ભાવો હોવા છતાં તેમણે ત્રિકરણ શુદ્ધિથી બ્રહ્મચર્ય પાળ્યું ! નવ્વાણું ક્રોડ સોનૈયાના ધણી જંબૂકુમાર દેવાંગના જેવી આઠ-આઠ સ્ત્રીઓને પરણ્યા બરાબર બુઝવીને સૌની સાથે બાળ બ્રહ્મચારીપણે સંયમી બન્યા ! નવ-નારદ વ્રત પચ્ચક્ખાણ વિના પણ એક જ શિયળના પ્રભાવે સદ્‌ગતિ પામ્યા. શીલવતીએ પરદેશ જતાં પોતાના પતિને આપેલ કમળ શીલવતીના શિયળના પ્રભાવે ક્યારેક કરમાતું નહોતું ! સુભદ્રાસતીએ શિયળના પ્રભાવે ચાલણીએ કૂવામાંથી જલ કાઢ્યું. સતી સીતાને



શિયળના પ્રભાવે અગ્નિની ખાઈ મટી પાણીની વાવડી થઈ ગઈ. ગુણસાગર આઠ કન્યાઓ સાથે પાણિગ્રહણ કરતાં લગ્નની ચોરીમાં સંયમના ધ્યાનમાં કેવળજ્ઞાન પામ્યા. પૃથ્વીચંદ્રે લગ્ન પછી સ્ત્રીઓને પ્રતિબોધ કરી બ્રહ્મચર્યના નિયમ કરાવ્યા. રાજસિંહાસન પર બેઠા-બેઠા વૈરાગ્યભાવનાથી કેવલજ્ઞાન પામ્યા. આ બધા દૃષ્ટાંતો બ્રહ્મચર્યના પ્રભાવ બતાવનારા છે.

(૬) જેમ બિલાડીને દેખી ઉંદર બીએ, સિંહને દેખી શિયાળ ભય પામે, તેમ બ્રહ્મચારી પુરુષ સ્ત્રીનું મુખ જોઈ ભય પામે, કદાચ કોઈ સમૂહમાં મૂકાવું પડ્યુ તો જેમ સ્ત્રીઓ માથે રહેલા બેડાને જાળવવા ચિત્તને સ્થિર રાખે છે, વાંસ ઉપર ખેલ કરનારા નટો જેમ મન કાબુમાં રાખે છે, તેમ બ્રહ્મચારીએ બ્રહ્મચર્યની રક્ષા માટે ચિત્તને કાબુમાં રાખવું.

(૭) જેમ ચમક પાષાણની પાસે રહેલું લોઢું ગળે છે, લસણની કળી પાસે કસ્તૂરી રાખવાથી જેમ કસ્તુરીની સુવાસ નાશ પામે છે, એજ રીતે સ્ત્રીએ ઉપયોગમાં લીધેલા શયન-આસન-પાટ-પાટલા ઉપર પુરુષે બે ઘડી સુધી સુવા-બેસવાથી બ્રહ્મચર્યની ભાવના નાશ થવાનો સંભવ છે. માટે બ્રહ્મચારીએ તેનો ત્યાગ કરવો. સૂક્ષ્મ પુદ્‌ગલો પણ કેટલી તાકાત ધરાવે છે એ આજે ક્યાં અજાણ્યું છે ?

(૮) જેમ ઘીના સંયોગથી સન્નિપાત રોગ ઉછાળા મારે છે, એજ રીતે પાંચે ઇંદ્રિયો-માદક વિગઈવાળા આહારથી ઉન્મત્ત બની ચારિત્રમાં ચાળા કરે છે.

**'સન્નિપાત જિમ ઘૃત જોગે, અધિક કરે ઉબાળો રે,**
**પાંચે ઈન્દ્રિય તિમ રસ પોષ્યાં, ચારિત્રમાં કરે ચાળો રે.'**
**'સાતમી વાડ સૂણો ભવિ પ્રાણી, સરસ આહાર ન લીજે,**
**એ કાયા કૂડી પોષતાં, નિશ્ચે નરક પડીજે.'**

(૯) મૈથુન સંજ્ઞા ચાર કારણોએ ઉદ્‌ભવે છે.
૧) શરીરમાં માંસ તથા લોહીની પુષ્ટી થવાથી
૨) મોહનીય કર્મના ઉદયથી
૩) ભોગવિલાસની કથા કરવાથી કે સાંભળવાથી અને
૪) મૈથુન સંબંધી ચિંત્વન કરવાથી માટે આ ચારેયનો નિગ્રહ કરવો જરૂરી છે.

(૧૦) બ્રહ્મચર્યનું મહત્ત્વ કેવું કે સાધુને કોઈકવાર પ્રસંગ–વિશેષમાં અહિંસા સત્યવ્રતનો ભંગ થતા સાધુતા હજી ઊભી રહે, પરંતુ બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થતાં સાધુતા ખલાસ થાય છે. બ્રહ્મચર્યની આવી શ્રેષ્ઠતા બહુમૂલ્યતાને લીધે છે.

(૧૧) 'काम ! जानामि ते मूलं, सङ्कल्पात् किल जायसे । न चाहं ते करिष्यामि, न चापि त्वं भविष्यसि ।। અર્થાત્ હે કામ ! તારું મૂળ ઉત્પત્તિસ્થાન જાણું છું કે તું વિચારમાંથી ઉદ્‌ભવે છે. તો હું કામવાસનાનો વિચાર જ નહિં કરું, એટલે તું પણ જન્મી જ નહિં શકે.
આ ઉપરથી સ્પષ્ટ છે કે મનને એવા વિચારોમાં ન જવા દેવું જોઈએ. પણ નવરું મન ત્યાં ગયા વિના રહે નહિં. તેથી મનને એક ક્ષણ પણ નવરું ન પડવા દેવા માટે એને શાસ્ત્ર પદાર્થોની પવિત્ર વિચારણામાં રમતું રાખવું જોઈએ.



(૧૨) બ્રહ્મચર્ય એ સર્વ વ્રતોમાં શિરદાર છે, દીવો છે. સરદાર વિનાનું લશ્કર હારી જાય, દીવા વિનાના વ્રતો અંધકારમાં રહે. 'શીલ સમું વ્રત કો નહિ.' મોક્ષાર્થી જીવને આ ઝંખના હોય છે કે મારા જીવનમાં કેમ સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન આવે, કેમકે એના લાભ અનેરા છે. બ્રહ્મચર્યથી સત્ત્વ ખૂબ જ વિકસે છે, જે આધ્યાત્મિક પરાક્રમોમાં સારું સહાયક બને છે. બ્રહ્મચર્યથી મગજશક્તિ વધે છે, જે ઠેક ઘડપણ સુધી સ્મરણ શક્તિને સતેજ રાખે છે. બ્રહ્મચર્યથી ઈષ્ટસિદ્ધિ થાય છે.

(૧૩) લલાટમાં આજ્ઞાચક્રમાં જ્યોતિમય 'ૐ હ્રીઁ અર્હં' અક્ષરો ધારવાના, તે પછી એ જોયા જ કરવાના. અરિહંતનો આ 'ૐ ह्रीँ अर्हं नमः' મૃત્યુંજય મંત્ર ખૂબ જ પાવરફૂલ છે. એનું અહીં સંભેદ પ્રણિધાન થાય છે. એ માત્ર બ્રહ્મચર્ય જ નહિ, પણ બીજી કેટલીય સાત્ત્વિક સિદ્ધિઓ પ્રગટ કરે છે.

(૧૪) બ્રહ્મચર્ય પાલન માટે પ્રભુને રોજ આ પ્રાર્થના કરતાં રહેવાનું છે.

अनाद्यभ्यासयोगेन, विषयाशुचिकर्दमे ।
गर्ते शूकरसङ्काशं, याति मे चञ्चलं मनः ।।
न चाहं नाथ ! शक्नोमि, तं निवारयितुं चलम् ।
अतः प्रसीद तद्देवदेव ! वारय वारय ।।

"હે નાથ ! અનાદિના અભ્યાસના લીધે ભૂંડના જેવું મારું ચપળ મન વિષયરૂપી વિષ્ઠાના કીચડભર્યા ખાડામાં દોડી જાય છે અને હું તે ચંચળ મનને નિવારી શકતો

નથી. માટે હે દેવાધિદેવ ! મારા ઉપર મહેર કરીને તેને જરૂર જરૂર અટકાવી દો.”

(૧૫) ભગવાનને આ પ્રાર્થના કરવી કે, “પ્રભુ ! તારા અચિંત્ય પ્રભાવથી અચિંત્ય સિદ્ધિઓ નીપજે છે. તો મને બ્રહ્મચર્યની સિદ્ધિ જરૂર નીપજશે એવી મને તારા અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા છે.’ આ રોજ ને રોજ કરાતી પ્રાર્થનાની અજબ તાકાતથી બ્રહ્મચર્ય સુલભ થાય છે.

(૧૬) બ્રહ્મચર્ય–પાલનનો એક ઉપાય ત્યાગપૂર્વકનો તપ છે. સતત આહાર–સંજ્ઞાના માર્યા ખા–ખા કરતાં કરતાં જે વાસના–પોષણ થયા કરે છે. તેના પર તપથી કાપ પડે છે, એમાં વળી તપના ઓઠા હેઠળ પારણામાં રસ–પોષણનાં પાપ થયા કરતાં હોય તેના પર રસ–ત્યાગથી કાપ પડે છે. આમ ત્યાગ અને તપથી વાસના પર કાપ પડતો આવે એટલે બ્રહ્મચર્ય–પાલન સરળ બને છે.

આ ત્યાગ–તપ પણ શાસ્ત્ર–સ્વાધ્યાય સાથે કરવાના કેમકે મન જો સ્વાધ્યાયમાં રોકાયું રહે, તો મનમાં બીજા–ત્રીજા સંકલ્પ વિકલ્પ નહિ ચાલી શકે. નહિતર કહે છે ને કે ‘નવરું મન નખ્ખોદ વાળે. શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતાં રહેવામાં એ પણ લાભ છે કે શાસ્ત્રોમાં વાતો પણ એ મળે છે કે જેથી બ્રહ્મચર્ય પુષ્ટ થાય.

(૧૭) બીજું આ વિચારવાથી પણ સરળ છે કે આપણો આત્મા મૂળ સ્વરૂપે નિર્વિકાર શુદ્ધ જ્ઞાનમય, શૈલેશ–મેરુ જેવા નિષ્પ્રકંપ છે. એમાં કામ–વિકાર વગેરેના કોઈ જ આંદોલન નથી. પરંતુ આત્માને ઘેરો ઘાલીને પડેલી મોહસેના આત્મામાં વિકારોરૂપી તોફાનો ઘુસાડે છે તો મારે



મારા અસલી નિર્વિકાર સ્વરૂપને જ જોયા કરી અને એનું કલ્પનાથી સંવેદન કરી પેલા વિકારોને મચક આપવાનું કામ શું છે ? મનને કહી દઉં કે ખબરદાર ! તે એ વિકારોને અપનાવ્યા તો ? તારે મારા શુદ્ધ નિશ્ચય નિર્વિકાર સ્વરૂપને જ જોવાનું.’ આ વિચારનો વારંવાર અભ્યાસ કરવાથી બ્રહ્મચર્ય સહેલું બને છે.

(૧૮) માણસને ઘી–દૂધ ચોક્ખા જોઈએ છે. ધાન્ય–મસાલા–મિઠાઈ ચોક્ખી જોઈએ છે, કપડાં સ્વચ્છ ગમે છે, મકાન વગેરે ય સ્વચ્છ ગમે છે. અને પોતાનું શરીર પણ સ્વચ્છ અને સ્વસ્થ જોઈએ છે. પરંતુ મૂઢતા એવી છે કે સૌથી અગત્યની વસ્તુ જે પોતાનું મન એ સ્વચ્છ અને સ્વસ્થ જોઈએ એ તરફ દૃષ્ટિ જ નથી.

એ તો સમજે છે કે ઘી દૂધ વગેરે ચોક્ખા મળે, ખવાય–પીવાય તો શરીર સારૂં રહે, કપડાં સ્વચ્છ હોય તો લોકમાં શોભીએ, મકાન સ્વચ્છ હોય તો ઘરે આવનાર પાડોશી વગેરે આપણને સારો માને, શરીર સ્વચ્છ હોય તો સારા લાગીએ, અને સ્વસ્થ હોય તો દુનિયાના કામ બજાવી શકીએ, તેમજ આનંદમંગળ રહે. આ બધી સમજ છે, પણ **મન સ્વચ્છ અને સ્વસ્થ હોય તો કેટલા મહાન લાભ, તેમ જ મન મલિન ને અસ્વસ્થ હોય તો કેવા ભયંકર નુકસાન, એનો વિચાર જ નથી.**

## ❊ બ્રહ્મચર્ય પાલન અંગે કેટલાક મહત્ત્વના સૂચનો ❊

(૧) ગુરુકુલવાસમાં રહેવું, ગુરુકુળવાસમાં અનેક વચ્ચે રહેવાથી સહેલાઈથી બ્રહ્મચર્યનું પાલન થઈ શકે છે.

(૨) કોઈની નજર પણ ન પડે એ રીતે એકાંતમાં રુમ વગેરેમાં એકલા બેસવું નહીં.

(૩) સ્વાધ્યાયાદિ માટે જરૂર પડે તો ખૂણામાં ભીંત તરફ મોઢું કરીને બેસી શકાય, પણ તેમાં બીજાઓની નજર આપણા તરફ પડવી જોઈએ.

(૪) વિજાતીય જોડે વ્યવહાર બિલ્કુલ ન રાખવો. ન છુટકે જરૂર પડે પરિમિત, અન્ય સાક્ષિક કરવો. સકારણ પણ આવતા લખાતા પત્રો બીજા સાધુને વંચાવવા.

(૫) મોટી આયંબિલની ઓળીઓ કે વિશિષ્ટ ઉગ્ર તપના પારણાના થોડા જ દિવસો હોય તો જ વિગઈઓ વાપરવી. અન્યથા અતિ સાદુ અલ્પવિગઈવાળુ ભોજન કરવું.

(૬) સંસારીપણાના માતા-બેન વગેરે વિજાતીય સગા જોડે પણ એકાંતમાં ન બેસવું. જરૂર પડે બધાની દ્રષ્ટિ પડે તે રીતે બેસવું, અને ટુંકામાં પતાવવું.

(૭) સાધ્વીઓ કે શ્રાવિકાઓને ભણાવવા નહિ. ગાથા આપવી નહીં. (સ્વ.પ્રેમસૂરિ મ.ને આનો અભિગ્રહ હતો.) બહેનોને પ્રશ્નોના ખુલાસા માટે સાધ્વીજી મ. પાસે મોકલવા.

(૮) વ્યાખ્યાનના કે વાચનામાં જ સાધ્વીઓ કે શ્રાવિકાઓ વંદન કરી લે તેવી પ્રથા રાખવી.



(૯) મુખ્યતયા સાધુઓએ સાધ્વીઓને વાચના ન આપવી.

(૧૦) સાધ્વીઓના વિહારમાં તેમના સંયમની રક્ષાર્થે શ્રાવક શ્રાવિકાઓએ સાથે રહેવું.

(૧૧) છ'રી પાળતાં સંઘ વગેરેમાં પણ જયણાપૂર્વક ચાલવું. અનેક સાધુઓએ સાથે રહેવું. તથા સાધ્વીઓ કે શ્રાવિકાઓ સાથે ન ચાલવું. સાધુઓ અને શ્રાવકો પહેલા નીકળી જાય, થોડીવાર પછી સાધ્વીઓ કે શ્રાવિકાઓ નીકળે જેથી રસ્તામાં સાથે ન થવાય. પૂજ્યપાદ પરમગુરુદેવ પ્રેમસૂરિ મ. મોટા ભાગે સંઘમાં જવાની ના પાડતા હતા.

(૧૨) વક્તાઓએ વ્યાખ્યાનમાં શિષ્ટ ભાષાનો ઉપયોગ કરવો. તથા વ્યાખ્યાનમાં પણ સાધ્વીજીઓ કે બેનો સામે ન આવે, સાઈડમાં બેસે તેવી વ્યવસ્થા ગોઠવવી. જેથી દૃષ્ટિ ન પડે.

(૧૩) અધ્યયનમાં પણ કાવ્યો વગેરેમાં આવતાં શૃંગારરસના વર્ણનના શ્લોકો છોડી દેવા.

(૧૪) કામનો ઉપાય કામ છે, માટે સ્વાધ્યાય વગેરે કાર્યપ્રવૃત્તિનો બોજો માથે રાખવો, જેથી નવરાશ ન મળે. તથા વૈરાગ્ય ભાવનાઓથી આત્માને ભાવિત રાખવો. તપ-ત્યાગ પણ ઘોર કરવા.

(૧૫) સાધુની વસતિમાં (ઉપાશ્રયમાં) સૂર્યાસ્ત પછી બેનો ન પ્રવેશી શકે. સાધ્વીજીની વસતિમાં સૂર્યાસ્ત પછી ભાઈઓ ન પ્રવેશી શકે તેમ વ્યવસ્થા કરાવવી. દિવસે પણ અતિમહત્ત્વના કારણ સિવાય સાધુની વસતિમાં બહેનો વંદન કરવા કે સાતા પુછવા ન આવે. સાધ્વીજીઓને

પણ વાચના-વ્યાખ્યાન તથા આઠમ-ચૌદસ સિવાય આવવાનું નથી.

(૧૬) "नमो नमः श्रीस्थूलभद्रस्वामिने ।" આ પદનો જાપ ઉછળતા હૈયાથી કરવો. એ જ રીતે "ॐ ह्रीँ नमो घोरबंभवयधारिणं झ्रौं झ्रौं स्वाहा ।" આ પદનો પાઠ-જાપ કરવો. બંને પદોની ઓછામાં ઓછી એક માળા રોજ ગણવી.
પૂજ્યપાદ પરમગુરુદેવશ્રી આ.પ્રેમસૂરીશ્વરજી મ.નું પણ બ્રહ્મચર્ય અત્યંત ઉત્કૃષ્ટ કોટિનું હોઈ તેમના નામનો પણ જાપ કરવો. "नमो नमः श्रीगुरुप्रेमसूरये ।"
"नमो लोए सव्वसाहूणं ।" પદ્નો જાપ પણ બ્રહ્મચર્ય પાલન માટે શ્રેષ્ઠ છે.

(૧૭) અનાયતન એટલે સ્ત્રી-પશુ આદિથી સંસક્ત વસતિનો ત્યાગ કરવો. બ્રહ્મચર્યની નવે વાડોનું ચુસ્તપણે પાલન કરવું.

(૧૮) ગોચરી એકલા ન જવું. ગોચરી જઈએ ત્યાં સાવધાની રાખવી. ગોચરી સિવાયની બીજી કોઈ પણ વાતચિત વહોરાવનાર શ્રાવિકા જોડે કરવી નહિં. ઉપદેશ પણ ત્યાં આપવો નહિં.

(૧૯) શાસ્ત્રમાં વરસાદ આદિ કારણે રસ્તામાં ક્યાંક ઉભા રહેવાનું થાય તો એક સાધુને એક સાધ્વી કે શ્રાવિકા હોય. એક સાધુને બે સાધ્વી કે એક શ્રાવિકા હોય. બે સાધુ હોય અને એક સાધ્વી કે શ્રાવિકા હોય કે બે સાધુ-બે સાધ્વી કે બે શ્રાવિકા હોય-ચાર હોય તો પણ તે રીતે એકાંતમાં ઊભા રહેવાનો નિષેધ કરેલ છે. પાંચમું કોઈ નાના બાળક-બાલિકા હોય અથવા અનેક



જણની અવર-જવર થતાં દ્રષ્ટિ પડતી હોય તો ત્યાં ઊભા રહી શકાય.

(૨૦) વિશિષ્ટ આચાર્ય પણ એકલા એકાંતમાં એક સાધ્વીને કે શ્રાવિકાને આલોચના ન આપે, સાથે અન્યને રાખે.

(૨૧) સ્ત્રીઓની અવર-જવર ન હોય તેવા જ સ્થાને સ્થંડિલ (વડી શંકા ટાળવા) જવું તથા માત્રુ પરઠવવા જવું.

(૨૨) વૈરાગ્યભાવ વધે તેવા ગ્રંથોનું, આચારાંગ, ઉત્તરાધ્યયન ભગવતીસૂત્ર વગેરે આગમોનું, ભવભાવના, ઉપમિતિ, અધ્યાત્મસાર, પુષ્પમાળા, ઉપદેશમાળા, સમરાઈચ્ચ કહા વગેરે ગ્રંથોનું વિશેષ વાંચન કરવું. વૈરાગ્યજનક ગ્રંથો ગોખવા, પરાવર્તન કરવુ. આત્મામાં ભાવિત કરવા.

(૨૩) સામાન્યથી શરીરની શુશ્રુષા (દબાવડાવું વગેરે) ન કરાવવી. વિશિષ્ટ કારણે વૃદ્ધ સાધુ પાસે શરીર શુશ્રુષા કરાવવી.

(૨૪) સાધ્વીજી કે શ્રાવિકાઓ જોડે કારણ પ્રસંગે વાત કરવી પડે તો પણ અતિનિકટ ન આવે થોડું અંતર રહે, તેનો ખ્યાલ રાખવો. તથા સાથે ત્રીજાને બેસાડવા.

(૨૫) આ સિવાય બીજી પણ સંયમયોગ્ય મર્યાદાઓનું પાલન ચુસ્તપણે કરવું.

॥ શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥

(પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે વિક્રમ સંવત ૨૦૧૮ ચૈત્ર વદ ૫ બપોરે આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજી તથા આ.શ્રી જંબુસૂરિજી વગેરે શિષ્યપ્રશિષ્યાદિ મુનિમંડળ તથા શ્રાવકો શ્રી રમેશચંદ્ર બકુભાઈ અને શ્રી રમણલાલ વજેચંદ વગેરેની હાજરીમાં સમુદાયના શ્રમણોને પાળવા માટે જાહેર કરેલું બંધારણ.)

૧. સામાન્ય સંયોગોમાં સાધ્વીજી અથવા શ્રાવિકાએ વ્યાખ્યાનના સમય સિવાય સાધુની વસતિમાં આવવું નહીં. એ માટે વ્યાખ્યાન આદિ પ્રસંગે નિષેધ કરવો અને શક્ય પ્રબંધ કરાવવો.

અસાધારણ સંયોગોમાં, દાખલા તરીકે બહારગામથી કોઈ આવ્યા હોય અથવા આપણે નવા ગામમાં ગયા હોઈએ અને ત્યાં કોઈ આવે તો એકાદ દિવસ વંદન પુરતા આવી જાય તો રોકવા નહીં...

જોગની ક્રિયાઓમાં પણ સાધ્વીજીએ બનતા સુધી શ્રાવિકાને લઈને આવવું. તેમજ શ્રાવિકાએ ઉપધાનની ક્રિયા પ્રસંગે પુરૂષને સાથે લઈને આવવું. સાધુની અકસ્માત બિમારી જેવા પ્રસંગમાં નિષેધ કરવો નહીં..

૨. સાધ્વીજી પાસે સાધુઓએ કાંઈપણ કામ કરાવવું નહીં, અને સાધુએ પોતાના કામો દા.ત. પાતરા રંગવા, સાંધવા વગેરે શીખી લેવા, જ્યાં સુધી ન શિખાય ત્યાં સુધી ઓઘા, ઠવણી જેવા અશક્ય કામો મુખ્ય સ્પર્ધકપતિએ સ્થાનિક પ્રૌઢ શ્રાવક દ્વારા સાધ્વીજી પાસે કરાવી લેવા, પણ સાધુઓએ સાધ્વીના સંપર્કમાં આવવું નહીં.



૩. સાધ્વીજીને કંઈ કામ હોય તો તે સીધુ સાધુને ન કહે પરંતુ પરંપરાએ પ્રૌઢ શ્રાવિકા અને શ્રાવક દ્વારા મુખ્ય સાધુને કહેવડાવે એ પદ્ધતિ જાળવવી. (કાંઈ તાત્કાલિક અકસ્માત કાર્ય આવી પડ્યું હોય તો પૂછી લેવાય.)

૪. સાધુએ જોઈતી વસ્તુ માટે ટૂકડીના વડીલને કહેવું અને વડીલ તેની સગવડ કરી આપે..

૫. સામાન્ય સંયોગોમાં ૧૫ દિવસ પહેલા કાપ કાઢવો નહીં, સિવાય લૂણાં, જોળી, ખેરીયુ જેવા કપડા.

૬. રેશમી કામળી, દસી, મુહપત્તિ વિ.વાપરવા નહીં.

૭. દેશના વ્યવહારપ્રધાન આપવી અને વ્યવહારમાં પ્રાણ પૂરવા માટે ભાવ સમજાવવો.

૮. એક સ્પર્ધકપતિની ટુકડીનો સાધુ બીજા સ્પર્ધકપતિની ટુકડીમાં ગચ્છાધિપતિની તથા જેની નિશ્રામાં હોય તેની આજ્ઞા સિવાય રહી શકે નહીં.

૯. માઈકમાં બોલવુ નહીં.

૧૦. ફોટા પડાવવા નહીં.

૧૧. પોતાનું કે પોતાના વડિલના નામનું જ્ઞાન મંદિર પોતે ઊભુ કરવું નહીં, તેમજ શ્રાવક દ્વારા ઊભા કરાતા જ્ઞાનમંદિર આદિમાં પોતાનું વર્ચસ્વ રાખવુ નહીં.

ઉપરની કલમો અંગે જેમણે કાંઈ પૂછવું હોય તેમણે ગચ્છાધિપતિને પૂછી લેવું.

**સ્થળ** : શ્રી વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર,
કાળુપુર, અમદાવાદ.
સંવત ૨૦૧૮, ચૈત્ર વદ ૫ બુધવાર,
તા.૨૫-૪-૬૨, સમય બપોરે ૩ કલાકે.

॥ નમો નમઃ શ્રી-ગુરુ-પ્રેમ-ભુવનભાનુસૂરિ-પં.પદ્મવિજયેભ્યઃ ॥
પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી**
મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ

(૧) પદાર્થપ્રકાશ ભાગ-૧ (જીવવિચાર-નવતત્ત્વ પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૨) પદાર્થપ્રકાશ ભાગ-૨ (દંડક-લઘુ સંગ્રહણી પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૩) પદાર્થપ્રકાશ ભાગ-૩ (૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૪) પદાર્થપ્રકાશ ભાગ-૪ (૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થ સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)
(૫) મુક્તિનું મંગલદ્વાર (ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)
(૬) શ્રીસીમંધર સ્વામીની આરાધના (મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)
(૭) ચાતુર્માસિક અને જીવનના નિયમો
(૮) વીશ વિહરમાન જિન ચરિત્ર
(૯) વીશ વિહરમાન જિન પૂજા
(૧૦) બંધનથી મુક્તિ તરફ (બારવ્રત તથા ભવ આલોચના વિષયક સમજણ)
(૧૧) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ.
(૧૨) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ.
(૧૩) તત્ત્વાર્થ ઉષા (પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)
(૧૪) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પૂ.પં.પદ્મવિજયજી મ.નું ચરિત્ર)
(૧૫) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ.પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)
(૧૬) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)
(૧૭) પ્રેમપ્રભા ભાગ-૩ (બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ)
(૧૮) સાધુતાનો ઉજાસ (લે.પૂ.પં.પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪)
(૧૯) પરમ પ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીસી, આત્મનિંદા દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ
(૨૦) ભક્તિમાં ભીંજાણા (પં.પદ્મવિજયજી ગણિવર્ય) (વીરવિજયજી મ. કૃત સ્નાત્રનું ગુજરાતીમાં વિવેચન)
(૨૧) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજય શતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ (પૂ.આ.જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫)
(૨૨) આદીશ્વર અલબેલો રે (પૂ.ગણિ કલ્યાણબોધિવિજયજી) શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ
(૨૩) ઉપધાન તપવિધિ
(૨૪) રત્નકુક્ષી માતા પાહિણી



(૨૫) સતી-સોનલ
(૨૬) નેમિ દેશના
(૨૭) નરક દુઃખ વેદના ભારી
(૨૮) પંચસૂત્રનું પરિશીલન
(૨૯) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)
(૩૦) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)
(૩૧) અધ્યાત્મયોગી (આ.કલાપૂર્ણસૂરિનું સંક્ષિપ્ત જીવન દર્શન)
(૩૨) ચિત્કાર
(૩૩) મનોનુશાસન
(૩૪) ગુરુ દીવો, ગુરુ દેવતા. (પ્રેમપ્રભા ભાગ-૬)
(૩૫) ભાવે ભજો અરિહંતને
(૩૬) લક્ષ્મી સરસ્વતી સંવાદ
(૩૭) પ્રભુ ! તુજ વચન અતિભલું (પ્રેમપ્રભા ભાગ-૭)
(૩૮-૪૦) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧,૨,૩
(૪૧) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮)
(૪૨-૪૪) રસથાળ ભાગ-૧,૨,૩
(૪૫) સમતાસાગર (પૂ.પં.પદ્મવિ. મ.ના ગુણાનુવાદ)
(૪૬) પ્રભુ દરિસણ સુખ સંપદા
(૪૭) શુદ્ધિ (ભવ આલોચના)
(૪૮) પ્રભુ ! તુજ વચન અતિ ભલું ભાગ-૨
(૪૯) ઋષભ જિનરાજ મુજ આજદિન અતિભલો
(૫૦-૫૧) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧,૨

## અંગ્રેજી સાહિત્ય

(૧) A Shining Star of Spirituality (સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)
(૨) Padartha Prakash Part-I (જીવવિચાર-નવતત્ત્વ)
(૩) Pahini-A Gem-womb Mother (રત્નકુક્ષિ માતા પાહિણીનો અનુવાદ)

## સંસ્કૃત સાહિત્ય

(૧) समतासागरचरितम् (गद्य) (પં.પદ્મવિજયજી મ.નુ જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તક પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવકોને જરૂર હોય તો અમને જાણ કરશો.